વર્ષ: 02, અંક: 10

16-30 નવેમ્બર, 2021

નિઃશુલ્ક

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



# સલામત મહિલા રાષ્ટ્રની શક્તિ

**નવા ભારતની મહિલા શક્તિને સલામતીની સાથે લૈંગિક સમાનતાની તકો હવે રાષ્ટ્રની સમૃદ્ધિનો આધાર બની રહી છે**



# " 100 કરોડ રસીના ડોઝ બાદ ભારત નવા ઉત્સાહ અને નવી ઊર્જા સાથે આગળ વધી રહ્યો છે "

**રસીકરણમાં 100 કરોડનો આંકડો પાર કર્યા પછી મન કી બાત કાર્યક્રમમાં વડાપ્રધાન દ્વારા તેનો ઉલ્લેખ સ્વાભાવિક હતો. 'સબકા પ્રયાસ' કઈ રીતે સફળતાનો આધાર બન્યો તેનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારોમાં જઈને રસી લગાવનારા હેલ્થ વર્કર્સ સાથે પણ સંવાદ કર્યો. તેમણે બિરસા મુંડાને યાદ કરીને યુવાનોને સ્વતંત્રતા આંદોલનમાં આદિવાસીઓના યોગદાન અંગે વાંચવા આહવાન કર્યું, સ્વચ્છાગ્રહીઓનાં ઉદાહરણ દ્વારા સ્વચ્છતાને કાયમી આદત બનાવવા અને રાષ્ટ્રીય સલામતીમાં નારી શક્તિનાં યોગદાન અંગે પોતાનાં વિચારો રજૂ કર્યા. પ્રસ્તુત છે 'મન કી બાત'ના અંશઃ**

- **રસીઃ** 100 કરોડ ડોઝ બાદ આજે દેશ નવી ઊર્જાથી આગળ વધી રહ્યો છે. આપણાં રસીકરણ કાર્યક્રમની સફળતા ભારતની તાકાત અને 'સબકા પ્રયાસ'ના મંત્રની તાકાત દર્શાવે છે.
- **પારંપરિક સારવારનું વૈશ્વિક કેન્દ્રઃ** ભારત પારંપરિક મેડિકલ સારવારના વધુ સારા માળખાં માટે વિશ્વ આરોગ્ય સંસ્થા સાથે મોટા પાયે કામ કરી રહ્યું છે. ભારત ગરીબી નાબૂદી, જળવાયુ પરિવર્તન સંબંધિત મુદ્દાઓનો ઉકેલ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. યોગ અને આયુષને લોકપ્રિય બનાવવા માટે ડબલ્યુએચઓ સાથે મળીને કામ કરી રહ્યું છે. ડબલ્યુએચઓ ભારતમાં પારંપરિક સારવાર માટેનું વૈશ્વિક કેન્દ્ર સ્થાપશે.
- **અટલ પ્રેરણાઃ** 1977માં અટલજીએ સંયુક્ત રાષ્ટ્રને હિન્દીમાં સંબોધિત કરીને ઈતિહાસ રચ્યો હતો. અટલજીએ કહ્યું હતું, અહીં હું રાષ્ટ્રોની સત્તા અને મહાસત્તા વિષે નથી વિચારતો. સામાન્ય માણસની પ્રતિષ્ઠા અને પ્રગતિ મારા માટે ઘણું મહત્વ ધરાવે છે. છેવટે તો, આપણી સફળતા અને નિષ્ફળતા માત્ર એક જ માપદંડથી માપવી જોઈએ કે શું આપણે સમગ્ર માનવ સમાજ એટલે કે સ્ત્રી-પુરુષ અને બાળકોને ન્યાય અને ગરિમાની ખાતરી આપવા પ્રયત્નશીલ છીએ? અટલજીની આ વાતો આપણને આજે પણ દિશા ચિંધે છે.
- **સશક્ત નારીઃ** હંસા મહેતા અને લક્ષ્મી મેનન જેવી મહિલાઓએ સંયુક્ત રાષ્ટ્રમાં લૈંગિક સમાનતા અને મહિલા સશક્તિકરણનો વિચાર રજૂ કર્યો હતો. 1953માં વિજયાલક્ષ્મી પંડિત સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની પ્રથમ મહિલા અધ્યક્ષ બન્યાં. છેલ્લાં કેટલાંક વર્ષોમાં મહિલા પોલીસ કર્મચારીઓની સંખ્યા બમણી થઈ ગઈ છે. 2014માં તેમની સંખ્યા 1.05 લાખ હતી, જે હવે વધીને 2.15 લાખ થઈ ગઈ છે. અનેક દિકરીઓ સૌથી અઘરી તાલીમ ગણાતી વિશેષ જંગલ યુધ્ધ કમાન્ડોની તાલીમ લઈ રહી છે અને બહુ જલ્દી તેઓ આપણી કોબરા બટાલિયનનો ભાગ હશે.
- **નવી ડ્રોન પોલિસીઃ** ભારતની નવી ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કોવિડ 19 રસીના સપ્લાય અને કૃષિ માટે કરવામાં આવી રહ્યો છે. ભારત ટ્રાન્સપોર્ટેશન માટે મોટા પાયે ડ્રોનનો ઉપયોગ કરવા પર કામ કરી રહ્યું છે. કટોકટીની સ્થિતિમાં મદદ માટે અને કાયદો વ્યવસ્થા અને માળખાકીય યોજનાઓ પર મોનિટરીંગ રાખવામાં ડ્રોન મદદ કરી રહ્યું છે. નવી ડ્રોન નીતિ બાદ વિદેશી અને સ્થાનિક રોકાણકારો અને ડ્રોન સ્ટાર્ટઅપમાં રોકાણ કરીને ઉત્પાદન એકમો સ્થાપી રહ્યા છે.
- **અમૃત મહોત્સવમાં નવી પહેલઃ** સંગીત, કળા અને ગીતો દ્વારા ભારતને અમૃત મહોત્સવ સાથે જોડવા માટે સરદાર પટેલની જન્મજયંતી 31 ઓક્ટોબરથી ત્રણ સ્પર્ધા શરૂ થવા જઈ રહી છે. દેશભક્તિના ગીતો પર સ્પર્ધા, રંગોળી કળા સાથે સંકળાયેલી રાષ્ટ્રીય સ્પર્ધા અને કળાને પુનર્જીવિત કરવા માટે દેશભક્તિ સંબંધિત હાલરડાં લખવાની સ્પર્ધા.

મન કી બાત સંપૂર્ણ સાભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

ન્યૂ ઈન્ડિયા
# સમાચાર
**વર્ષ: 02 ,અંક: 10 | 16-30 નવેમ્બર, 2021**

સંપાદક
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો,નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષકુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**
સહાયક સલાહકાર સંપાદક
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી), અનિલ પટેલ (ગુજરાતી), નદીમ અહેમદ (ઉર્દુ), સોનિત કુમાર ગોસ્વામી (આસામીઝ), વિનયા પીએસ (મલયાલમ), પોલમી રક્ષિત (બંગાળી), હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી, રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**

પ્રકાશક અને મુદ્રક
**સત્યેન્દ્ર પ્રકાશ,**
**મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી)**

મુદ્રણઃ **અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, W-30 ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020**



**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**
રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003
**ઈમેલઃ response-nis@pib.gov.in**



RNI No. : DELGUJ/2020/78810


## અંદરના પાને...
# સલામત મહિલા સમૃધ્ધ રાષ્ટ્રની શક્તિ




**કવર સ્ટોરી** | ‘તીન તલાક’ સહિત મહિલાઓ વિરુધ્ધ થતા ગુનાઓ રોકવા માટે કડક કાયદા ઘડીને સલામત મહિલા, સમૃધ્ધ રાષ્ટ્રનો સંદેશ આપતું ભારત | પેજ 10-19





**કુપ્રથાઓ સામે અવાજ ઉઠાવીને મહિલાઓ-વંચિતોને મુખ્યધારામાં લાવનાર જ્યોતિબા ફુલે**
છૂત- અછૂત, બાળ લગ્ન જેવી કુપ્રથાઓના વિરોધમાં લડીને કન્યા શિક્ષણ માટે જીવન અર્પણ કરનાર જ્યોતિબાને નમન પેજ 6-7

**ઉત્તરપ્રદેશને આરોગ્યની સાથે ઉડાનનો ડબલ ડોઝ**





9 નવી મેડિકલ કોલેજોની સાથે પૂર્વાંચલ બનશે ઉત્તરપ્રદેશનું મેડિકલ હબઃ આંતરરાષ્ટ્રીય એરપોર્ટની સાથે દેશના પર્યટન નકશા પર સ્થાન મેળવશે કુશીનગર | પેજ 26-29

**સમાચાર સાર**
પેજ 4-5

**સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારતની નવી ઉડાન**
સંરક્ષણ ઉત્પાદનમાં આગળ વધતું ભારત | પેજ 8-9

**આસિયાન દેશો સાથે મિત્રતા પર્વ મનાવશે ભારત**
આસિયાન અને દ.એશિયા શિખર સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી | પેજ 25

**વિશ્વનાં સૌથી મોટાં, સૌથી ઝડપી અને મફત રસીકરણ કેમ્પેઈનનો રેકોર્ડ**
કોવિડ સામેની લડાઈમાં ભારતની સતત આગેકૂચ | પેજ 30-33

**આતંકને જવાબ**
ગૃહમંત્રી અમિત શાહનો જમ્મુ કાશ્મીર પ્રવાસ | પેજ 34-35

**હવે તમારા શિર પર તમારી પોતાની છત**
પ્રધાનમંત્રી આવાસ યોજનાએ ‘ઘરનાં ઘર’નું સપનું પુરું કર્યું | પેજ 36-38

**રાષ્ટ્રની પ્રગતિને મળી ‘ગતિ’ની ‘શક્તિ’**
કેબિનેટની બેઠકમાં મહત્વનો નિર્ણય | પેજ 39

**રજનીકાંતને દાદાસાહેબ ફાળકે પુરસ્કાર**
67મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનું વિતરણ | પેજ 40





**બંધારણના પાયામાં મહિલાશક્તિની મહત્વની ભૂમિકા**
સાતમા બંધારણ દિવસ પ્રસંગે અમૃત મહોત્સવની શ્રૃંખલામાં આ અંકમાં વાંચો એ મહિલા વિભૂતિ અંગે જેમણે સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લેવાની સાથે સાથે બંધારણ ઘડવામાં પણ મહત્વની ભૂમિકા નિભાવી | પેજ 20-24

# સંપાદકની કલમે..

સાદર નમસ્કાર

**" આજની નારી સમર્થ, સશક્ત છે, તે ભારતની તાકાત છે. તે દરેક પરિસ્થિતિમાં લડવાનું જાણે છે. રાષ્ટ્ર નિર્માણમાં તેની મુખ્ય ભૂમિકા છે. "**

કોઈ પણ માનવતાની પ્રગતિ મહિલાઓના સશક્તિકરણ વગર અધૂરી છે. આજે નવા ભારતનો મુદ્દો મહિલાઓના વિકાસનો નહીં, પણ મહિલાઓના નેતૃત્વવાળા વિકાસનો છે. રમતગમત હોય કે અંતરિક્ષ વિજ્ઞાન, આપણા દેશની મહિલાઓ કોઈનાથી પાછળ નથી. આઈએમએફનો અહેવાલ કહે છે કે વર્કફોર્સમાં મહિલાઓને પુરુષો જેટલી જ ભાગીદારી મળે તો ભારતની જીડીપી 27 ટકના વધી શકે છે. પણ આના માટે મહિલાઓને સલામત વાતાવરણ પૂરું પાડવાની સૌથી વધુ જરૂર છે. વર્તમાન કેન્દ્ર સરકાર આ વાતને સારી રીતે સમજે છે અને ટ્રિપલ તલાક જેવી અન્યાયી કુપ્રથાઓને બંધ કરી છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં સમાજ જ નહીં, પરિવારની અંદર પણ મહિલાઓ અને પુરુષો વચ્ચેનાં ભેદભાવને દૂર કરવાની પહેલ થઈ છે જેનાં કારણે મહિલાઓ સલામતી અનુભવી રહી છે. તેનાં પરિણામે, કેન્દ્ર સરકારની મોટા ભાગની યોજનાઓની લાભાર્થી હવે મહિલાઓ છે. હવે મહિલાઓના નેતૃત્વમાં વિકાસ કરવો એ નીતિગત પ્રાથમિકતા બની ગઈ છે.

મહિલાઓને તેમનાં અધિકારો અંગે જાગૃત કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર દર વર્ષે 25 નવેમ્બરે આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નાબૂદી દિવસ મનાવે છે. ભારતમાં મહિલા શક્તિ માટે નવા ભારતમાં નવી તકો પૂરી પાડીને કઈ રીતે તેમને સલામતીનું વાતાવરણ પૂરું પાડવામાં આવી રહ્યું છે તે આ અંકની કવર સ્ટોરીમાં છે. મહિલા સલામતી માટે સરકારની સાથે સાથે સભ્ય સમાજનું યોગદાન પણ મહત્વનું છે. "સબકા પ્રયાસ'નો મંત્ર રાષ્ટ્રની પ્રગતિનો આધાર બની રહ્યો છે.

'સબકા પ્રયાસ'ના વિચાર સાથે ભારત 100 કરોડ રસીના ડોઝન વિક્રમ સર્જીને નવા ઉત્સાહ અને નવી ઊર્જા સાથે આગળ વધી રહ્યો છે. કોવિડ દ્વારા સામાન્ય માણસની સલામતી સુનિશ્ચિત કરવામાં રસીકરણની અભૂતપુર્વ ગતિએ પરિવાર, સમાજ અને રાષ્ટ્રને સલામત વાતાવરણ પૂરું પાડ્યું છે. તેમાં નારી શક્તિનું યોગદાન મહત્વપૂર્ણ છે. નારી શક્તિ માટે શિક્ષણનું મહત્વ મહાત્મા જ્યોતિબા ફુલેથી વધારે સારી રીતે કોણ જાણી શકે. 28 નવેમ્બરે તેમની પૂણ્યતિથી નિમિત્તે શ્રધ્ધાંજલિ આ અંકમાં આપવામાં આવી છે.

આ અંકમાં ફ્લેગશિપ યોજના અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના પર લેખ છે, જેમાં આ યોજના મહિલાઓને કઈ રીતે મકાનનો અધિકાર આપી રહી છે તે જણાવવામાં આવ્યું છે. સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા ઉપરાંત આઝાદી કા અમૃત મહોત્સવ શ્રૃંખલામાં આ અંકમાં બંધારણ દિવસ અને બંધારણ ઘડવામાં યોગદાન આપનારી મહિલાઓ અંગે જાણકારી આપવામાં આવી છે.

કોવિડ સામેની લડાઈમાં સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરતાં રહો

**સરનામુંઃ રૂમ નંબર-278,**
**બીજો માળ, બ્યૂરો ઓફ આઉટરીચ**
**એન્ડ કમ્યુનિકેશન,**
**સૂચના ભવન, નવી દિલ્હી-110003**
**ઈમેલઃ response-nis@pib.gov.in**

જયદીપ ભટનાગર

**(જયદીપ ભટનાગર)**




# પ્રતિભાવ

ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવાની તક મળી. 'સબકા પ્રયાસ નવા ભારતનો સંકલ્પ' કવર પેજ પરનું આ મથાળું સમગ્ર સપ્ટેમ્બર મહિનાના અંકને સાર્થક કરી રહ્યું છે. દેશની અંદર-બહાર સફળતાઓની માહિતીની સાથે ડિજિટલ દુનિયા, અન્ન યોજના, કેબિનેટના મહત્વપૂર્ણ નિર્ણયો, શિક્ષણ-સન્માન-સલામતી, ટેલિવિઝનનો ઈતિહાસ અને સપ્ટેમ્બર મહિનામાં જન્મજયંતી ધરાવતા મહાપુરુષો અંગેની માહિતી તથા ગતિશક્તિ યોજના જેવી વિશેષ માહિતીથી ભરપૂર અંક જ્ઞાનવર્ધક છે. વિશ્વસનીય માહિતીથી પ્રેરણા મળે છે.

**ભગવતીપ્રસાદ ગેહલોત**
**gehlotbp@gmail.com**

ન્યૂ ઈન્ડિયા સમાચાર વિવિધ પરીક્ષાઓની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે સર્વશ્રેષ્ઠ મેગેઝીન છે. જ્યારે પણ મને આ મેગેઝીન મળે છે ત્યારે મને બહુ ખુશી થાય છે. મારા પરિવારમાં, દરેક સભ્ય આ મેગેઝીન વાંચે છે. હું મારા મિત્રોને પણ આ મેગેઝીન મોકલું છું, જેથી તેઓ દેશમાં થઈ રહેલાં સર્વાંગી વિકાસથી માહિતગાર થઈ શકે.

**પાવની ગોયલ**
**paavnigoyal04@gmail.com**

મને ઇ-મેલ દ્વારા ન્યૂ ઈન્ડિયા સમાચાર મળી રહ્યા છે, જેમાં ભારતમાં ચાલી રહેલા અનેક વિકાસ કાર્યોની માહિતી મળી. આ માહિતી સોશિયલ મિડિયા પર નથી મળતી. સરકારે 100 કરોડથી પણ વધુ લોકોનું રસીકરણ કર્યું છે, જેનાં પર મને ગર્વ છે. આ મેગેઝીન વિવિધ વિષયોની વિગતવાર માહિતી આપે છે. મને દર મહિને આ મેગેઝીન વાંચવાની મજા આવે છે.

**perialwar.bhaskaran@gmail.com**

હું સિવિલ સર્વિસિસની તૈયારી કરી રહ્યો છું અને ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચું છું. મને પરીક્ષાની તૈયારી કરવામાં તેનાથી મદદ મળે છે. આ મેગેઝીન તમામ સરકારી યોજના અંગે ઉપયોગી માહિતી પૂરી પાડે છે. લેખ બહુ માહિતીપ્રદ અને સરળ ભાષામાં હોય છે.

**જે પલાનીવી**
**jpalanivel102@gmail.com**

મને આ માહિતીપ્રદ મેગેઝીન વાંચવાનું ખૂબ ગમે છે. તેનાં દ્વારા સરકારની તમામ યોજનાઓ અંગે જાણવા મળે છે. આધુનિક ભારતમાં દેશની વિકાસ ગાથા વાંચીને ગૌરવની લાગણી થાય છે. સંખ્યાબંધ સ્વતંત્રતાસેનાનીઓનું બલિદાન એળે નહીં જાય.

**સુનિલ ચિલવાલ**
**iamchilwal@gmail.com**

## તમારા સૂચનો અમને મોકલો

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**

રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,
સૂચના ભવન, બીજો માળ,
નવી દિલ્હી-110003

**ઈમેલઃ response-nis@pib.gov.in**

# પરિવહન સાધનની અછતને કારણે રસ્તામાં કૃષિ ઉપજ ખરાબ નહીં થાયઃ કૃષિ ઉડાન 2.0ની શરૂઆત

વર્ષ 2022 સુધી ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્ય સાથે કેન્દ્ર સરકારે કૃષિ ક્ષેત્રમાં નવી સુવિધાઓની શરૂઆત કરી છે, તો તેની સાથે સંકળાયેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી માંડીને પરિવહન સુધીની વ્યવસ્થા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. એક સમય એવો હતો જ્યારે ખેતરમાંથી કાઢવામાં આવેલી ઉપજને બજાર સુધી પહોંચાડવા માટે ખેડૂતોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો, પણ કિસાન રેલને કારણે આ સમસ્યા ઓછી થઈ છે. કેન્દ્ર સરકારે ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં કૃષિ ઉડાન યોજનાની સાથે વિમાન દ્વારા અંતરિયાળ વિસ્તારોમાં યોગ્ય સમયે કૃષિ ઉત્પાદનોને પહોંચાડવાની શરૂઆત કરી હતી. હવે તેને આગળ ધપાવતાં કૃષિ ઉડાન યોજના 2.0ની શરૂઆત કરવામાં આવી છે. કૃષિ ઉડાન યોજનામાં ડ્યુટી ધરાવતા કુલ લોડમાં કૃષિ ચીજોનો હિસ્સો 50 ટકાથી વધુ હોય તો એર કાર્ગો ઓપરેટર્સને પસંદગીના એરપોર્ટ્સ પર પાર્કિંગ ચાર્જ અને ટર્મિનલ નેવિગેશન લેન્ડિંગ ચાર્જ વગેરેમાં રાહત આપવામાં આવે છે. આનાથી પરિવહન ખર્ચમાં હજુ ઘટાડો થશે. નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધીયાના કહેવા પ્રમાણે, કૃષિ ઉડાન 2.0માં દેશભરના 53 એરપોર્ટ પર ખાસ કરીને પૂર્વોત્તર અને આદિવાસી વિસ્તારો પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. આ યોજના અંતર્ગત 8 સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વેપાર રૂટની પણ શરૂઆત કરવામાં આવશે. બેબીકોર્નના પરિવહન માટે અમૃતસર-દુબઇ, લિચી માટે દરભંગાથી દેશના અન્ય એરપોર્ટ સુધી અને સિક્કિમથી ઓર્ગેનિક ફુડ પ્રોડક્ટ્સના પરિવહન માટે ફ્લાઈટ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, ચેન્નાઈ, વિશાખાપટ્ટનમ અને કોલકાતાથી પૂર્વ એશિયન દેશોમાં સીફુડની નિકાસ માટે ફ્લાઈટ શરૂ કરવામાં આવશે. કઠોળ, ફળો અને શાકભાજી માટે ગુવાહાટીથી હોંગકોંગની કમર્શિયલ ફ્લાઈટની શરૂઆત પણ કરવામાં આવશે.



## યુપીએસસીઃ પછાતવર્ગ-EWS ઉમેદવારો માટે ટોલ ફ્રી હેલ્પલાઇન

કેન્દ્રીય જાહેર સેવા આયોગ (યુપીએસસી)એ અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), અન્ય પછાત વર્ગ (OBC) અને આર્થિક રીતે નબળાં વર્ગની શ્રેણી (EWS)માં આવતા ઉમેદવારોને મહત્વની સેવા પૂરી પાડી છે. યુપીએસસીની સરકારી સેવાની તૈયારી કરી રહેલા અથવા ભર્તી માટે અરજી કરનારા આ યુવાનોની મદદ માટે એક ટોલ ફ્રી હેલ્પલાઇન નંબરની શરૂઆત કરવામાં આવી છે. આ ટોલ ફ્રી નંબર 1800118711 છે. તેનાં દ્વારા ઉમેદવારો પરીક્ષા સંબંધિત કોઈ પણ સમસ્યાનો ઉકેલ લાવી શકે છે. સ્વતંત્રતાના 75માં વર્ષમાં મનાવવામાં આવી રહેલા અમૃત મહોત્સવ અંતર્ગત શરૂ કરવામાં આવેલી આ હેલ્પલાઇનનો લાભ અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), અન્ય પછાત વર્ગ (OBC) અને આર્થિક રીતે નબળાં વર્ગની શ્રેણી (EWS) માં આવતા ઉમેદવારો યુપીએસસીની પરીક્ષાની અરજી કરવામાં થતી સમસ્યા ઉકેલવા લઈ શકે છે.

## ઈ-શ્રમ પોર્ટલ પર ચાર કરોડથી વધુ શ્રમિકોનું રજીસ્ટ્રેશન, 50 ટકા મહિલાઓ

અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે શરૂ કરવામાં આવેલા ઈ-શ્રમ પોર્ટલ પર બે મહિનામાં ચાર કરોડથી વધુ લોકો રજીસ્ટ્રેશન કરાવી ચૂક્યા છે. આમાંથી લગભગ 50.02 ટકા લાભાર્થી મહિલા અને 49.98 ટકા પુરુષ છે. સૌથી વધુ રજીસ્ટ્રેશન સાથે ઓડિશા, પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશ સૌથી આગળ છે. અનુમાન પ્રમાણે ભારતમાં અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોની સંખ્યા 38 કરોડથી વધુ છે. માહિતીના અભાવે આ શ્રમિકો સરકારની સામાજિક અને સલામતી યોજનાઓથી વંચિત રહી ગયા. કેન્દ્ર સરકારે 26 ઓગસ્ટનાં રોજ ઈ-શ્રમ પોર્ટલની શરૂઆત કરી હતી. ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે ઈ-શ્રમની મોબાઈલ એપ્લિકેશન અથવા વેબસાઈટનો ઉપયોગ કરી શકાય છે. કોઈ કર્મચારી ઈ-શ્રમ પોર્ટલ પર રજીસ્ટર્ડ હોય અને કોઈ અકસ્માતનો ભોગ બને તો મૃત્યુ કે અપંગતાના સંજોગોમાં રૂ.બે લાખ અને આંશિક અપંગતામાં રૂપિયા એક લાખ મેળવવાને પાત્ર છે.



# સ્ટાર્ટઅપ ઈન્ડિયાની નવી ઊડાનઃ એક ક્વાર્ટરમાં પ્રથમ વાર 10 અબજ ડોલર એકત્ર કરીને 33 કંપનીઓ યુનિકોર્ન બની

ડિજિટલ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ, આત્મનિર્ભર ભારત, વોકલ ફોર લોકલ.. આ એવી કેટલીક યોજનાઓ છે જેનાં દ્વારા વીતેલાં સાત વર્ષોમાં ભારતની પ્રગતિ હાંસલ કરવામાં આવી છે. આવું જ એક અભિયાન છે સ્ટાર્ટ અપ ઈન્ડિયા. સ્વરોજગાર મેળવવાની યુવાનોની આકાંક્ષાઓને પાંખો આપવા માટે જાન્યુઆરી 2016માં શરૂ કરવામાં આવેલા સ્ટાર્ટઅપ ઈન્ડિયા અભિયાન સફળતાના નવા વિક્રમ સર્જી રહ્યું છે. પ્રાઈસવોટરહાઉસ કુપર્સ ઈન્ડિયાના એક અહેવાલ પ્રમાણે નાણાંકીય વર્ષ 2020-21ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં સ્થાનિક સ્ટાર્ટઅપ કંપનીઓએ 347 સ્થાનિક સોદા કર્યા અને 10.9 અબજ ડોલરનું વિક્રમ ભંડોળ એકત્ર કર્યું હતું. કોઈ પણ ત્રિમાસિક સમયગાળામાં એકત્ર કરવામાં આવેલું આ સૌથી વધુ ભંડોળ છે અને આ વર્ષમાં અત્યાર સુધી ભારતના 33 સ્ટાર્ટઅપ યુનિકોર્ન ક્લબમાં સામેલ થયા છે. યુનિકોર્ન ક્લબમાં સામેલ સ્ટાર્ટઅપનું વેલ્યુએશન એક અબજ ડોલર હોય છે. 10 અબજ ડોલરથી વધુનું વેલ્યુએશન ધરાવતા સ્ટાર્ટઅપને ડેકાકોર્ન કહે છે, જ્યારે 100 અબજ ડોલરથી વધુનું વેલ્યુએશન હોય તેને હેક્ટાકોર્ન કહેવામાં આવે છે. આજે દેશમાં યુનિકોર્નનો દરજ્જો મેળવનારી કુલ 66 સ્ટાર્ટઅપ કંપનીઓ કામ કરી રહી છે. તેનાં દ્વારા આશરે 3.3 લાખ લોકોને રોજગારી મળી છે.

| વર્ષ | યુનિકોર્નની સંખ્યા |
|---|---|
| 2011-14 | 1 |
| 2015 | 4 |
| 2018 | 8 |
| 2019 | 9 |
| 2020 | 10 |
| 2021 | 33* |



## દુબઈ જમ્મુ-કાશ્મીરમાં રિયલ એસ્ટેટથી માંડીને હોસ્પિટલોમાં રોકાણ કરશે


વર્ષ 2020-21માં 81 અબજ ડોલરથી વધુનાં સીધા વિદેશી રોકાણ સાથે ભારતે વિદેશી રોકાણના સંદર્ભમાં નવો વિક્રમ સર્જ્યો છે, ત્યારે ધરતી પરનું સ્વર્ગ ગણાતા જમ્મુ-કાશ્મીરમાં વિદેશી રોકાણની નવી શરૂઆત થઈ છે. દુબઈની સરકાર જમ્મુ કાશ્મીરમાં રોકાણ કરવા માટે આગળ આવી છે. રિયલ એસ્ટેટ, ઔદ્યોગિક પાર્ક, આઈટી ટાવર, ખાનગી હોસ્પિટલ જેવી તમામ વિકાસલક્ષી યોજનાઓ માટે દુબઈ સરકાર સાથે સમજૂતિ (MOU)થઈ છે. આ એમઓયુને કારણે વિશ્વનાં રોકાણકારો જમ્મુ કાશ્મીરમાં રોકાણ માટે પ્રોત્સાહિત થશે. 370મી કલમ નાબૂદી બાદ આ વિસ્તારમાં આ પ્રથમ વિદેશી રોકાણ છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયેલના જણાવ્યા પ્રમાણે, "આ સમજૂતિપત્ર સમગ્ર વિશ્વ માટે એક મોટો સંકેત છે, કે જે રીતે ભારત એક વૈશ્વિક શક્તિ તરીકે વિકસી રહ્યું છે, તેમાં જમ્મુ કાશ્મીરની પણ મહત્વની ભૂમિકા છે."



## 5,000 કિ.મી. સુધીનો માર કરતા અગ્નિ 5 મિસાઈલનું પરીક્ષણ સફળ

બેલેસ્ટિક રેન્જની મિસાઈલોના સતત પરીક્ષણ બાદ 27 ઓક્ટોબરનાં રોજ દેશની સૌથી શક્તિશાળી મિસાઈલ ગણાતી અગ્નિ-5નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું. આ મિસાઈલ 5,000 કિ.મીના અંતર સુધીનાં લક્ષ્યને ભેદવા માટે સક્ષમ છે. મિસાઈલના પરીક્ષણ સાથે વિશ્વનાં અનેક દેશો તેનાં લક્ષ્ય હેઠળ આવી ગયા છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ)એ પ્રથમ વાર ઓડિશાના અબ્દુલ કલામ દ્વિપથી રાત્રે આ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. અગ્નિ-5નું આ આઠમું સફળ પરીક્ષણ છે. આ સાથે, ભારત આ પ્રકારની મિસાઈલ વિકસિત કરનાર વિશ્વનો પાંચમો દેશ બની ગયો છે. હાલમાં માત્ર, અમેરિકા, રશિયા, ફ્રાન્સ અને ચીન પાસે જ આવી મિસાઈલો છે. અગ્નિ-5 મિસાઈલ 17.5 મીટર લાંબી છે. જેનો વ્યાસ બે મીટર એટલે કે 6.7 ફુટ છે. આ મિસાઈલ એક સેકન્ડમાં 8.16 કિ.મી.નું અંતર કાપે છે. તે એક સાથે દોઢ ટન સુધીનાં પરમાણુ શસ્ત્ર લઈ જવા માટે સક્ષમ છે. આ મિસાઈલ માત્ર 20 મિનિટમાં 5,000 કિ.મી. નું અંતર કાપીને દુશ્મનનો વિનાશ કરી શકે છે. તેને રોડ માર્ગે ક્યાંય પણ પહોંચાડી શકાય છે. ●





# કુપ્રથાનો અંત લાવીને મહિલાઓ-વંચિતોને મુખ્યધારામાં લાવ્યા

માણસને ગુલામ બનાવીને રાખવો, તેનાં પર અત્યાચાર કરવો, તેનું શોષણ કરવું એ માનવ સભ્યતાનું સૌથી મોટું કલંક છે અને વિશ્વભરની લગભગ તમામ સભ્યતાઓમાં આવા અત્યાચાર થયા છે. ભારતમાં રાજા રામમોહન રાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, પેરિયાર, બાબા સાહેબ આંબેડકર સહિત સંખ્યાબંધ સુધારકો થયા જેમણે સામા પ્રવાહે ચાલીને સમાજ સુધારણાનું બીડું ઝડપ્યું હતું અને સિસ્ટમને બદલવાનું કામ કર્યું હતું. આવા જ એક સુધારક થઈ ગયા જેમને આપણે જ્યોતિબાના નામે ઓળખીએ છીએ. જ્યોતિરાવ ગોવિંદરાવ ફુલેએ છૂત-અછૂત, બાળ વિવાહ જેવી કુપ્રથાઓના વિરોધમાં અવાજ ઉઠાવ્યો હતો. તેમને ભારતમાં મહિલા શિક્ષણના જનક તરીકે પણ ઓળખવામાં આવે છે...

**જન્મઃ 11 એપ્રિલ, 1827, મૃત્યુઃ 28 નવેમ્બર, 1890**

આજથી લગભગ 150 વર્ષ પહેલાંની વાત છે. બ્રિટિશ રાજકુમાર અને મહારાણી વિક્ટોરિયાના પૌત્રના સ્વાગતમાં પૂણેમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. તમામ મોટાં અને ધનિક લોકો આ કાર્યક્રમમાં હાજર હતા. હીરા-ઝવેરાતનાં આભૂષણોથી લદાયેલા અને સજીધજીને આવેલા લોકો વૈભવ અને સંપત્તિનો દેખાડો કરવા જાણે એક બીજાને ઉતરતા દેખાડવા આતુર હતા. આ કાર્યક્રમમાં એક વ્યક્તિ ખેડૂતોના પોષાકમાં જઈ પહોંચ્યો. બધાંની હાજરીમાં સંબોધન કરતા તેણે બ્રિટિશ રાજકુમારને કહ્યું, "હીરા મોતી અને મોંઘા પોષાકોમાં સજ્જ આ લોકો અમારા દેશનું પ્રતિનિધિત્વ નથી કરતા કારણ કે તેમનાં જીવનમાં પૈસાનું મહત્વ રોટલી કરતા વધુ હોય છે. જો તમારે અને મહારાણીએ ખરેખર ભારતીય પ્રજાની સ્થિતિ જાણવી હોય તો આસપાસના એ ગામડાં-શહેરોની મુલાકાત લેવી જોઈએ જ્યાં એવા લોકો રહે છે જેમને અછૂત સમજવામાં આવે છે, જેમનાં હાથનું પાણી પીવું, ભોજન લેવું અને જેમની પાસે ઊભા રહેવું એને પણ લોકો અપવિત્ર માને છે. મારી તમને વિનંતી છે કે મારો આ સંદેશ તમે મહારાણી વિક્ટોરિયા સુધી પહોંચાડો અને ગરીબ લોકોને શિક્ષણની વ્યવસ્થા પૂરી પાડો." સ્વાગત સમારોહમાં હાજર તમામ લોકો અવાક રહી ગયા. ઝાકઝમાળ સંમેલનમાં પોતાના શબ્દોથી ખળભળાટ મચાવી દેનાર આ વ્યક્તિનું નામ હતું- જ્યોતિરાવ ગોવિંદરાવ ફુલે. વંચિતો અને દિકરીઓના હક માટે

> **મહાન સમાજસેવક, વિચારક, દાર્શનિક અને લેખક મહાત્મા જ્યોતિબા ફુલેને શત-શત નમન. તેઓ મહિલા શિક્ષણ અને તેમનાં સશક્તિકરણ માટે આજીવન પ્રતિબધ્ધ રહ્યા. સમાજ સુધારા પ્રત્યે તેમની નિષ્ઠાને આવનારી પેઢીઓ હંમેશા પ્રેરણા આપતી રહેશે.**
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

તેઓ બ્રિટિશ શાસન જ નહીં, એ સમયનાં અનેક જાણીતા લોકો સામે પણ લડ્યા. પૂણેમાં ફુલોનાં હાર બનાવનાર પરિવારમાં 11 એપ્રિલ, 1827નાં રોજ જ્યોતિબાનો જન્મ થયો. કહેવાય છે તેમનો પરિવાર વર્ષોથી માળીનું કામ કરતો હતો, તેથી લોકો તેમને 'ફુલે' નામથી ઓળખવા માંડ્યા. આ એ સમય હતો જ્યારે એક બાજુ દેશ અંગ્રેજી શાસન સામે ઊભો થઈ રહ્યો હતો, જ્યારે બીજી બાજુ દેશમાં છૂત-અછૂત બાળલગ્ન જેવી કુપ્રથાઓ સામે અવાજ ઉઠી રહ્યો હતો. આ વાતાવરણમાં જ્યોતિબાએ મરાઠી ભાષામાં અભ્યાસનો પ્રારંભ કર્યો. લોકોએ તેમનાં પિતાને ટોણો માર્યો, ભણવાથી તમારો છોકરો કોઇ કામનો નહીં રહે. પિતાએ તેને શાળામાંથી જ ઉઠાડી દીધો. પણ ભણવાની તીવ્ર ઈચ્છા હોવાથી જ્યોતિબાએ 21 વર્ષની ઉંમરમાં અંગ્રેજી માધ્યમમાં સાતમાં ધોરણનો અભ્યાસ પૂરો કર્યો. 1840માં સાવિત્રીબાઇ સાથે તેમનાં લગ્ન થયાં. 1848માં જ્યોતિબાએ સાવિત્રી સાથે મળીને પૂણેમાં કન્યાઓ માટે શાળા ખોલી. કહેવાય છે કે કોઈ ભારતીય દ્વારા ભારતમાં શરૂ કરવામાં આવેલી આ પ્રથમ કન્યા શાળા હતી. આ શાળામાં ભણાવવા કોઈ શિક્ષક તૈયાર નહોતા તેથી જયોતિબાએ પહેલાં પત્ની સાવિત્રીને ભણાવી અને પછી સાવિત્રીએ કન્યાઓને ભણાવવાની શરૂઆત કરી. લોકોએ તેની ટીકા કરતાં કહ્યું કે, કોઈ મહિલા શિક્ષક બનીને કઈ રીતે ધર્મ અને સમાજ સાથે વિદ્રોહ કરી શકે. જ્યોતિબા અને સાવિત્રીને ઘર છોડવું પડ્યું. લોકોની ટીકાઓ અને આર્થિક તંગીને કારણે શાળા બંધ થઈ ગઈ. પણ બંનેએ હાર ન માની. તેમણે 1849માં જુના ગંજ પેઠ અને પછી 1851માં બુધવાર પેઠ વિસ્તારમાં બીજી બે શાળાઓ ખોલી. જ્યોતિબા અને સાવિત્રી બાઇએ શરૂ કરેલી આ પહેલને પગલે થોડા સમયમાં જ વંચિત સમાજની મહિલાઓ માટે 18 શાળાઓ ખુલી. સતી પ્રથા અને બાળલગ્નના કટ્ટર વિરોધી જ્યોતિબા વિધવા વિવાહના સમર્થક હતા. તેમણે પૂણેમાં વિધવા આશ્રમની શરૂઆત કરી. સાવિત્રીબાઇએ તેનું સંચાલન કર્યું. બાળલગ્ન સામે જ્યોતિબાના વિરોધની અસર રૂપે અંગ્રેજ સરકારે 1872માં પ્રથમ વાર ભારતમાં નેટિવ મેરેજ એક્ટ લાગુ કરીને 14 વર્ષથી ઓછી વયની કન્યાઓના લગ્ન પર પ્રતિબંધ મૂક્યો. 24 સપ્ટેમ્બર, 1873નાં રોજ જ્યોતિબા ફુલેએ સત્યશોધક સમાજની સ્થાપના કરી. આ સમાજનો હેતુ મહિલાઓ, પછાત વર્ગોનાં લોકોને સમાજમાં ન્યાય અપાવવાનો હતો. જ્યોતિબા ફુલે આ સમાજના અધ્યક્ષ અને સાવિત્રીબાઇ મહિલા વિભાગનાં પ્રમુખ હતાં. 1876માં તેઓ પૂણે નગરપાલિકાના સભ્ય બન્યાં અને વાઈસરોય લોર્ડ લિટનના સ્વાગતમાં થયેલા ખર્ચનો વિરોધ કરનારા તેઓ એક માત્ર સભ્ય હતા. તેમણે અનેક પુસ્તકો લખીને લોકોમાં જાગૃતિ ફેલાવવાનું કામ કર્યું. 'ગુલામગિરી', 'તૃતીય રત્ન', 'છત્રપતિ શિવાજી રાજે ભોસલે કા પાવડા', 'કિસાન કા કોડા' અને 'અછૂતોકી કેફિયત' તેમની શ્રેષ્ઠ કૃતિ છે. 28 નવેમ્બર, 1890નાં રોજ તેમનું અવસાન થયું. બેટી બચાવો, બેટી પઢાઓ જેવા મહિલા સશક્તિકરણના લોક આંદોલનનાં મૂળિયાં 150 વર્ષ પહેલાં જ્યોતિબાએ નાખ્યાં હતા. તેમણે નિરક્ષરતાને સમાજનાં તમામ પ્રકારનાં દૂષણો માટે જવાબદાર ગણાવી હતી. તેઓ મહાન વિચારક, નિઃસ્વાર્થ સમાજસેવક અને ક્રાંતિકારી કાર્યકર્તા હતા. તેમણે ભારતીય સામાજિક માળખાને જડમાંથી હચમચાવી દીધું હતું. મહિલાઓ અને વંચિતોની અપમાનજનક સ્થિતિમાં પરિવર્તન લાવવા માટે તેઓ હંમેશા લડતા રહ્યા. ●



**બેટી બચાઓ, બેટી પઢાઓ જેવા નારી સશક્તિકરણના લોક આંદોલનનો પાયો દોઢસો વર્ષ પહેલાં જ્યોતિબા ફુલેએ નાખ્યો હતો. તેમણે સમાજના તમામ દૂષણો માટે નિરક્ષરતાને જવાબદાર ગણાવી હતી**



# સાત નવી કંપનીઓથી સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારતની

# નવી ઉડાન

**આઝાદી બાદ ઉપેક્ષાનો ભોગ બનેલી શસ્ત્ર ફેક્ટરીઓને અમૃત મહોત્સવમાં નવી આઝાદી મળી છે, જે દેશની ગૌરવશાળી શસ્ત્ર ફેક્ટરીઓને તેમની ઓળખ પાછી અપાવશે અને સંરક્ષણ ક્ષેત્રમાં રાષ્ટ્રને આત્મનિર્ભર બનાવશે. આ ફેક્ટરીઓ લશ્કરી દળોની શસ્ત્ર સરંજામની તમામ જરૂરિયાતો પૂરી કરશે અને તેનાથી ભારત સંરક્ષણ સામગ્રીની નિકાસમાં અગ્રણી બનશે.**

ભારતની શસ્ત્ર ફેક્ટરીઓનો બે સદીઓથી વધુ લાંબો ઈતિહાસ રહ્યો છે, જે એક સમયે વિશ્વની શક્તિશાળી સંસ્થાઓમાં ગણાતી હતી. આ ફેક્ટરીઓ પાસે 100-150 વર્ષથી પણ વધુનો અનુભવ છે. વિશ્વયુધ્ધનાં સમયે ભારતની ઓર્ડનન્સ ફેક્ટરીઓની તાકાત વિશ્વએ જોઈ છે. એ વખતે વધુ સારા સંસાધન હતા, વિશ્વ સ્તરનું કૌશલ્ય હતું. પણ આઝાદીના લાંબા સમય સુધી આ ફેક્ટરીઓને આધુનિક બનાવવાની દિશામાં જે કામ થવું જોઈતું હતું તે ન થયું. પરિણામ એ આવ્યું કે ભારતને લાંબાં સમય સુધી પોતાની સંરક્ષણ વ્યૂહાત્મક જરૂરિયાતો માટે વિદેશો પર આધાર રાખવો પડતો હતો. પણ સંરક્ષણ તાકાતને પ્રાથમિકતા આપી રહેલી વર્તમાન કેન્દ્ર સરકારે દેશના બાહોશ જવાનોનાં શૌર્ય અને પરાક્રમને પ્રોત્સાહિત આપવા શસ્ત્ર ફેક્ટરીઓ દ્વારા જરૂરી શસ્ત્ર સરંજામ, દારૂગોળો વગેરે પૂરાં પાડવાની દિશામાં વધુ એક પગલું ભર્યું છે. દશેરાના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાત નવી સંરક્ષણ કંપનીઓ

**"ભારત નવા ભવિષ્યનાં નિર્માણ માટે નવો સંકલ્પ લઈ રહ્યું છે. મેક ઇન ઇન્ડિયા મંત્ર આત્મનિર્ભર ભારતના નિર્માણના આપણા સંકલ્પને મજબૂત કરી રહ્યો છે. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત દેશનું લક્ષ્ય ભારતને પોતાનાં જોરે વિશ્વની મોટી લશ્કરી તાકાત બનાવવાનું છે. આ નવી સંરક્ષણ કંપનીઓ ભારતની લશ્કરી તાકાતનો મોટો આધાર બનશે**


**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

વડાપ્રધાનનું ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

# આવી રીતે બદલાયું ચિત્ર

**મંત્રીઓનું જૂથ નજર રાખશે**

**સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના વડપણ હેઠળનું મંત્રીઓનું જૂથ આ કામગીરીની સમગ્ર પ્રક્રિયા પર નજર રાખશે, ●અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી, ●નિર્મલા સીતારામન, કેન્દ્રીય નાણાં મંત્રી, ●કિરણ રિજિજુ, કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી, ●ભુપેન્દ્ર યાદવ, કેન્દ્રીય પર્યાવરણ, વન, ● જળવાયુ પરિવર્તન અને શ્રમ રોજગાર મંત્રી, જીતેન્દ્રસિંહ, રાજ્યમંત્રી, વડાપ્રધાન કાર્યાલય**








આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત દેશનું લક્ષ્ય ભારતને પોતાનાં જોરે વિશ્વની સૌથી મોટી લશ્કરી તાકાત બનાવવાનું અને આધુનિક લશ્કરી ઉદ્યોગનો વિકાસ કરવાનું છે. છેલ્લાં સાત વર્ષોમાં દેશે 'મેક ઇન ઇન્ડિયા'ના મંત્ર સાથે પોતાના સંકલ્પને આગળ વધારતા પારદર્શિતા સાથે સંરક્ષણ ક્ષેત્રમાં મોટાં સુધારા કર્યા છે અને સિંગલ વિન્ડો સિસ્ટમને પ્રાથમિકતા આપી છે. નીતિલક્ષી પરિવર્તનોનું એ પરિણામ આવ્યું કે વીતેલા પાંચ વર્ષોમાં ભારતની સંરક્ષણ નિકાસ 325 ટકા વધી છે. બદલાતી સ્થિતિ પ્રમાણે આ શસ્ત્ર ફેક્ટરીઓને સુધારવાની પહેલ 16 જૂન, 2021નાં રોજ કેન્દ્રીય મંત્રીમંડળના એ નિર્ણયથી થઈ, જેમાં ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ (OFB)ને બંધ કરીને સરકારી માલિકીની સાત કોર્પોરેટ સંસ્થાઓ બનાવવા મંજૂરી આપવામાં આવી. એ સુનિશ્ચિત કરવામાં આવ્યું કે શસ્ત્ર ફેક્ટરીઓને કોર્પોરેટમાં બદલવાની પ્રક્રિયામાં તેની સાથે સંકળાયેલા હિતધારકો અને કર્મચારીઓનાં હિતોનું સંપૂર્ણપણે રક્ષણ થાય. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના વડપણ હેઠળનું મંત્રીઓના સક્ષમ જૂથ આ કામગીરી પર સંપૂર્ણ નજર રાખશે. દૂરદર્શી નિર્ણય હંમેશા ઇતિહાસ બદલી નાખે છે અને સારા ભવિષ્યનું નિર્માણ કરે છે. આ સાત કંપનીઓ હવે નવા ભારતનાં માર્ગે ચાલીને સંરક્ષણ સામગ્રીનું ઉત્પાદન કરશે, જેથી આયાત પર આધાર નહીં રાખવો પડે. આ ઉપરાંત, નવી તકો શોધીને નિકાસ વધારવામાં પણ યોગદાન આપશે. આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સરકારે ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડના રૂ. 65,000 કરોડનાં કોન્ટ્રાક્ટ આ કંપનીઓને ટ્રાન્સફર કર્યા છે. આ પહેલાં સંરક્ષણ મંત્રાલયે આવા 100થી વધુ વ્યૂહાત્મક ઉપકરણોની યાદી બહાર પાડી હતી, જેની હવે વિદેશોમાંથી આયાત નહીં કરવામાં આવે. ચોક્કસપણે, આ નવી પહેલ એક સુવર્ણયુગની શરૂઆત કરશે અને શસ્ત્ર નિર્માણમાં સમગ્ર વિશ્વમાં ભારતનો ધ્વજ લહેરાવશે.

### સ્વાયત્તતા સાથે કાર્યદક્ષતા પર ભાર

સરકારે દેશની સંરક્ષણ તૈયારીઓમાં આત્મનિર્ભરતા વધારવા માટેના ઉપાય તરીકે ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડને સરકારી વિભાગમાંથી સરકારની સંપૂર્ણ માલિકીની સાત કોર્પોરેટ કંપનીઓમાં પરિવર્તિત કરવાનો નિર્ણય લીધો છે. આને કારણે કાર્ય કરવાની ક્ષમતામાં વધારો થશે અને વિકાસની નવી સંભાવનાઓ અને નવીનીકરણ માટેનો માર્ગ મોકળો થશે. સાત નવી ડિફેન્સ કંપનીઓ આ પ્રમાણે છેઃ મ્યુનિશન્સ ઇન્ડિયા લિમિટેડ (MIL), આર્મર્ડ વ્હિકલ્સ નિગમ લિમિટેડ, એડવાન્સ્ડ વેપન્સ એન્ડ ઇક્વિપમેન્ટ ઇન્ડિયા લિમિટેડ (AWE INDIA), ટ્રુપ કમ્ફર્ટ્સ લિમિટેડ (TCL), યંત્ર ઇન્ડિયા લિમિટેડ (YIL) ઇન્ડિયા ઑપ્ટેલ લિમિટેડ (IOL) અને ગ્લાઇડર્સ ઇન્ડિયા લિમિટેડ (GIL).

## સંરક્ષણ ઉત્પાદનની નિકાસમાંથી આવકનો લક્ષ્ય

**11000** કરોડની આવક 202-021માં

**28000** કરોડની અંદાજિત આવક 2024-25 સુધી

રાષ્ટ્રને સમર્પિત કરીને શક્તિશાળી ભારતના સંકલ્પનું પુનરાવર્તન કર્યું છે. દેશના વિવિધ રાજ્યોમાં આવેલા આ સાત સંરક્ષણ એકમો અંતર્ગત આવનારી 41 ફેક્ટરીઓમાં વ્યાપક સુધારા કરીને તેમને વધુ ઉત્પાદક અને સ્પર્ધાત્મક બનાવીને નવાં પડકારો માટે તૈયાર કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. ●






# મહિલાની સલામતી સમૃધ્ધ રાષ્ટ્રની શક્તિ










**વર્કફોર્સમાં મહિલાઓની હિસ્સેદારી પુરૂષો સમકક્ષ ગણવામાં આવે તો ભારતની જીડીપીમાં 27 ટકા અને વૃધ્ધિદરમાં 1.5 ટકાનો વધારો થાય. આ જ દ્રષ્ટિ સાથે કેન્દ્ર સરકારે છેલ્લાં કેટલાંક વર્ષોમાં મહિલાઓની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. તો તીન તલાક, મહિલાઓ સાથે થતી હિંસા અને ગુનાઓને ડામવા માટે કડક કાયદા ઘડ્યા છે, જેથી નારી શક્તિને સલામતીની ભાવના સાથે લૈંગિક ન્યાય મળે, તેમને સમાન તકો મળે અને રાષ્ટ્રની સમૃદ્ધિની ઓળખ બને. મહિલાઓને તેમનાં અધિકારો અંગે જાગૃત કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર દર વર્ષે 25 નવેમ્બરનાં રોજ આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નાબૂદી દિવસ તરીકે મનાવે છે. ચાલો જાણીએ, સરકારનાં કયા પગલાંથી મહિલાઓ સશક્ત બની છે અને નારી શક્તિ માટે નવું ભારત કઈ રીતે સલામત બની રહ્યું છે.....**

આ ઘટના દેશની આર્થિક રાજધાની મુંબઈની છે. 30 નવેમ્બર, 2019નો દિવસ હતો. 31 વર્ષીય જન્નત બેગમ પટેલના વોટ્સએપ પર તેનાં પતિનો એક મેસેજ આવે છે, જેમાં લખેલું હોય છે-'તલાક. તલાક, તલાક'. જન્નત એ વખતે સાત મહિનાની ગર્ભવતી હતી. સાસરિયા તેને દહેજ માટે ઘણાં સમયથી તેની હેરાનગતિ કરતા હતા.

આવી જ એક ઘટના ઉત્તરાખંડના જસપુર વિસ્તારમાં ડિસેમ્બર 2020માં બની. દહેજની માંગ પૂરી ન થતાં મુમતાઝને તેનાં પતિએ એક સાથે તીન તલાક કહીને ઘરમાંથી કાઢી મૂકી.

એક સાથે તીન તલાક આપવાના અનેક કેસો તમે 2019 પહેલાં પણ સાંભળ્યા હશે. જેમ કે, ઈન્દોરનો પ્રસિદ્ધ શાહબાનો કેસ. પણ એમાં અને આ ઘટનામાં એક તફાવત છે. જન્નત અને મુમતાઝ બંને એ તેમનાં પતિ અને સાસરિયા સામે નવા ટ્રિપલ તલાક કાયદા અંતર્ગત કેસ દાખલ કરાવ્યો. ઓગસ્ટ 2019માં આ કાયદો લાગુ પડ્યા બાદ તરત જ 2 ઓગસ્ટનાં રોજ પતિ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરાવનારી જન્નત દેશની પ્રથમ મહિલા છે. બંને કેસમાં પતિની ધરપકડ થઈ છે. જે ન્યાય શાહબાનોને ન મળ્યો, એ હવે દેશની દરેક મુસ્લિમ મહિલાને મળી રહ્યો છે. આ કાયદાનાં મહત્વનો અંદાજ એ બાબત પરથી લગાવી શકાય કે આ કાયદો લાગુ થયાના માત્ર બે વર્ષમાં જ ટ્રિપલ તલાકના કેસમાં 80થી 82 ટકાનો ઘટાડો નોંધાયો છે. આ કાયદાએ મુસ્લિમ મહિલાઓને આત્મસન્માન અને સલામતીની ભાવના પ્રદાન કરી છે.

કિશોરીઓ હોય કે યુવતીઓ, મહિલાઓ હોય કે વડીલ માતાઓ-આજે તેઓ લડવાનું સાહસ કરી શકતાં હોય તેનું કારણ એ છે કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં સરકાર દ્વારા સામાજિક નિષેધોને તોડીને અનેક કાનૂની પહેલ કરવામાં આવી છે, જેથી મહિલા તેનાં અધિકારો પ્રત્યે સજાગ થઈને લડી શકે. મહિલાઓ વિરુદ્ધ થતી હિંસાના કેસોમાં કાનૂની જોગવાઈઓને એટલી કડક અને તીવ્ર બનાવવામાં આવી છે કે બળાત્કાર જેવા કેસોમાં વર્ષો નહીં પણ થોડાં દિવસોમાં જ ન્યાય મળવા લાગ્યો છે.  કેટલાંક કિસ્સાઓમાં તો 24 કલાકમાં ચૂકાદા





# સશક્ત ભારત માટે મહિલાશક્તિની સલામતી

**2014માં મહિલા પોલિસકર્મીઓની સંખ્યા 1,05,000ની આસપાસ હતી, તે 2020 સુધી 2,15,000 સુધી પહોંચી ગઈ છે.**

આવી રહ્યા છે. જયપુરની પોક્સો કોર્ટે તાજેતરમાં જ 10 વર્ષીય માસુમ સાથે દુષ્કર્મના કેસમાં માત્ર નવ દિવસમાં જ ચૂકાદો સંભળાવ્યો છે. કેન્દ્ર સરકારે કુરીતિઓ ડામવા અને મહિલાઓ સાથે થતી હિંસા વિરુદ્ધ લીધેલાં કડક પગલાં લઇને મહિલા શક્તિને સલામત વાતાવરણ પૂરું પાડ્યું છે, જે રાષ્ટ્રની પ્રગતિનો આધાર બની રહ્યો છે. મહિલાઓનાં નેતૃત્વમાં વિકાસના વિઝનની સાથે સરકાર મહિલા સશક્તિકરણ માટે સતત પ્રયાસશીલ છે. દેશની દિકરીઓ શિક્ષણ, રમતગમત, સંરક્ષણ કે ઉદ્યોગ સાહસિકતા જેવા ક્ષેત્રમાં તમામ અવરોધોને દૂર કરીને પોતાની અસર છોડી રહી છે. તેનું કારણ છે – મહિલા સલામતી અને સુવિધાઓને મળેલી સર્વોચ્ચ પ્રાથમિકતા. આઇએમએફના અહેવાલ કહે છે કે, મહિલાઓનાં યોગદાનને પણ વર્કફોર્સમાં ગણવામાં આવે તો જીડીપીમાં 27 ટકા વધારો થઈ શકે છે. 50 ટકા કુશળ મહિલાઓ વર્કફોર્સમાં સામેલ થાય તો દેશનો વૃદ્ધિદર 1.5 ટકા વધીને 9 ટકા થઈ શકે છે.

કેન્દ્ર સરકાર મહિલાઓને સમાન તકો અને સલામત વાતાવરણ પૂરું પાડવા માટે નવી નવી પહેલ કરી રહી છે. આ સતત પ્રયાસોનાં પરિણામે મહિલાઓ ન્યાયની આશામાં ન્યાયાલયનો દરવાજો ખખડાવી શકે છે, પોતાના વિરુધ્ધ થતી હિંસાનો સખત વિરોધ કરીને ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલી શકે છે. આજની નારી રાજપથ પર પ્રજાસત્તાક દિવસે પરેડનું નેતૃત્વ કરી શકે છે, અત્યાધુનિક લડાકુ વિમાન રાફેલ ઉડાવી શકે છે, સરહદી મોરચે દુશ્મનોનો સામનો કરી શકે છે, રમતગમતની દુનિયામાં દેશનું નામ ઉજળું કરી શકે છે, સ્વરોજગારની તકોનો લાભ ઉઠાવીને દેશને આર્થિક મજબૂતી આપી શકે છે. મહિલા શક્તિ પુરુષો સાથે ખભે ખભા મિલાવીને ચાલી રહી છે અને તેનાંથી પણ આગળ વધીને રાષ્ટ્રનું અભિમાન બની રહી છે.

એક રાષ્ટ્ર, એક ઇમરજન્સી નંબર 112 લોંચ કર્યો. 35 રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચાલુ કરવામાં આવ્યો.



## ઉકેલ

ફેબ્રુઆરી 2021 સુધી 11 કરોડથી વધુ કોલ્સ ઉકેલ્યા. લગભગ 10 લાખ યુઝર્સમાં 47 ટકા મહિલાઓ છે.

## ડીએનએ વિશ્લેષણ એકમો

કુલ રૂ. 190 કરોડનાં ખર્ચે 20 રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોમાં ડીએનએ વિશ્લેષણ એકમોની સ્થાપના અને અપગ્રેડિંગને મંજૂરી

## વન સ્ટોપ સેન્ટર

ખાનગી, જાહેર, પરિવાર, સમુદાય કે કામકાજનાં સ્થળે હિંસાથી પીડિત મહિલાઓની મદદ માટે દેશભરમાં 701 વનસ્ટોપ સેન્ટર સંચાલિત, જેમાં ત્રણ લાખથી વધુ મહિલાઓને મદદ મળી




## તીન તલાક નાબૂદ

10 સપ્ટેમ્બર 2018થી લાગુ મુસ્લિમ મહિલા (લગ્ન અધિકાર સંરક્ષણ) અધિનિયમ 2019 લાગુ થયો. મુસ્લિમ મહિલાઓની ગરિમા અને સલામતી સુનિશ્ચિત થઈ





## કડક કાનૂની જોગવાઈ

મહિલાઓ વિરુધ્ધ ગુનાઓ ઓછા કરવાની દિશામાં પહેલ. ક્રિમિનલ લો (એમેન્ડમેન્ટ) એક્ટ 2018ને પસાર કરીને બળાત્કારના દોષિતો માટે ફાંસી સહિતની કડક સજાની જોગવાઈ

## ફાસ્ટટ્રેક સ્પેશિયલ કોર્ટ



જાતિય ગુનાઓ સંબધિત કેસોની તાત્કાલિક સુનાવણી માટે 1023 ફાસ્ટ ટ્રેક વિશેષ અદાલતોની સ્થાપના. કોવિડ મહામારી દરમિયાન પણ બળાત્કાર અને પોક્સો સંબંધિત 49,000થી વધુ પેન્ડિંગ કેસોનો નિકાલ કરવામાં આવ્યો.

## શી (She)

જાતીય સતામણીના કેસમાં ફરિયાદ કરવા અને તેના મોનિટરીંગ માટે ઓનલાઇન વ્યવસ્થાની શરૂઆત 2017માં કરવામાં આવી

## આત્મરક્ષાની પહેલ

**સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત સરકારી શાળાઓમાં ધોરણ 6થી 12 સુધીની કન્યાઓને આત્મરક્ષાની કળા શીખવાડવાની શરૂઆત**

## ઓલિમ્પિક્સમાં મહિલા એથ્લેટ્સનો દેખાવ

સ્પર્ધકોની સંખ્યા 2008માં 25 હતી, જે 2012માં 23 હતી, જ્યારે વડાપ્રધાન મોદીના શાસનકાળમાં 2016માં 54 હતી, જે 2020માં વધીને 57 થઈ ગઈ.



**"એક પ્રાચીન અને મધ્યકાલીન પરંપરા ઇતિહાસમાં દફન થઈ ગઈ. સંસદે તીન તલાક પ્રથાને ખતમ કરી દીધી અને મુસ્લિમ મહિલાઓ પ્રત્યે થયેલી ઐતિહાસિક ભુલને સુધારી દીધી. આ લૈંગિક ન્યાયની જીત છે અને તેનાથી સમાજમાં સમાનતાને પ્રોત્સાહન મળશે. ભારત આજે ખુશ છે. મુસ્લિમ મહિલાઓના અસાધારણ સાહસને સલામ કરવાનો આ પ્રસંગ છે, જેમને તીન તલાક પ્રથાને કારણે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. તીન તલાકની પ્રથા ખતમ થવાથી મહિલાઓના સશક્તિકરણમાં વધારો થશે અને મહિલાઓને સમાજમાં એ ગરિમા મળશે, જેની તેઓ હકદરા છે.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન **(લોકસભામાં કાયદો પસાર થયા બાદ તીન તલાક પર બોલતાં)**

મહિલાઓએ પોતાની અદભૂત ક્ષમતા દ્વારા એ સાબિત કરી બતાવ્યું છે કે જો તેમને સમાન તકો મળે તો માત્ર ઘર જ નહીં, સમૃધ્ધ અને ગૌરવશાળી રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે.

### અડધી વસતિનાં સપનાને મળી રહી છે સુરક્ષા

ભારતની નારી શક્તિ સામે આઝાદીના આટલા દાયકા બાદ પણ અનેક પ્રકારની અડચણો આવતી હતી. અનેક ક્ષેત્રોમાં મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધ હતો અને મહિલાઓ સાથે અન્યાય થતો હતો. પણ આજે મહિલાઓ માટે કામનાં અનેક ક્ષેત્રો ખુલ્લા થઈ ગયા છે. તેઓ રાત્રે પણ સલામતી સાથે કામ કરી શકે છે તેની પણ ખાતરી રાખવામાં આવી રહી છે. નોકરી કરતી ગર્ભવતી મહિલાઓને વેતનની સાથે 26 સપ્તાહની રજા લેવાનો કાયદાકીય અધિકાર આપનાર વિશ્વના ગણતરીના





## અનેક દિકરીઓ સૌથી મુશ્કેલ તાલીમ બાદ કોબરા બટાલિયનનો હિસ્સો બનવા જઈ રહી છે



### સંરક્ષણ ક્ષેત્રમાં મહિલાઓની સફળતા

- ભારતીય નૌસેનામાં મહિલા પાયલટ્સને સામેલ કરવામાં આવી છે.
- યુધ્ધ માટે તૈયાર સ્ક્વોડ્રનમાં ત્રણ મહિલા પાયલટ સામેલ.
- સ્થાયી કમિશન માટે મહિલાઓને નેશનલ ડિફેન્સ એકેડેમીમાં સામેલ કરવામાં આવશે.



દેશોમાં હવે ભારતનો પણ સમાવેશ થઈ ગયો છે. કારણ કે મહિલાને 26 સપ્તાહની રજા મળે તો તે પોતાનાં નવજાત બાળકનો સારી રીતે ઉછેર કરી શકે. એ નવજાતને પણ તેની માતા સાથે જીવન જીવવાનો અધિકાર છે. સરકારે છેલ્લાં કેટલાંક વર્ષોમાં દિકરીઓની સલામતી સાથે સંકળાયેલા અનેક કાયદાકીય પગલાં ભર્યા છે. દેશના 700થી વધુ જિલ્લાઓમાં વન સ્ટોપ સેન્ટર્સ ચાલી રહ્યા છે, જ્યાં એક જ જગ્યાએ મહિલાઓને મેડિકલ સહાયતા, પોલિસ સુરક્ષા, સાઇકો સોશિયલ કાઉન્સેલિંગ, કાનૂની મદદ અને કામચલાઉ આશ્રય આપવામાં આવે છે. મહિલાઓ સાથે થતા ગુનાઓની ઝડપી સુનાવણી થાય, તે માટે દેશભરમાં 650થી વધુ ફાસ્ટટ્રેક કોર્ટ બનાવવામાં આવી છે. બળાત્કાર જેવા જઘન્ય ગુનાઓ માટે મૃત્યુની સજાની પણ જોગવાઈ કરવામાં આવી છે. મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી એક્ટમાં સુધારો કરીને મહિલાઓને ગર્ભપાત અંગેની સ્વતંત્રતા આપવામાં આવી છે. સલામત અને કાયદેસર ગર્ભપાતને મંજૂરીને કારણે મહિલાઓનાં જીવન પર સંકટ પણ ઓછું થયું છે અને સતામણીમાંથી પણ મુક્તિ મળી છે. બાળકો સાથે સંકળાયેલા ગુનાઓ પર લગામ મૂકવા માટે કાયદાઓને કડક કરવામાં આવ્યા છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં અલગ-અલગ વર્ગોમાં અલગ અલગ સ્તર પર થઈ રહેલાં અન્યાયને પણ દૂર કરવાનાં પ્રયાસ કરવામાં આવ્યા છે. મુસ્લિમ મહિલાઓ દાયકાઓથી તીન તલાક વિરુધ્ધ કાયદો લાવવાની માગણી કરી રહી હતી. ટ્રિપલ તલાક સામે કાયદો બનાવીને મુસ્લિમ મહિલાઓને નવો અધિકાર આપવામાં આવ્યો છે. મુસ્લિમ મહિલાઓને હજ દરમિયાન મહરમની ફરજમાંથી મુક્તિ આપવાનું કામ પણ કેન્દ્ર સરકારની પ્રગતિશીલ દ્રષ્ટિનું ઉદાહરણ છે.

### ટ્રિપલ તલાક કાયદાથી લૈંગિક સમાનતાને મજબૂતી

સરકાર માત્ર શાસન કરવા માટે નથી હોતી, પણ તે એ લાખો કરોડો લોકોની આશાનું પ્રતિનિધિત્વ કરે છે જે પોતાની આંખોમાં સારા ભવિષ્યનાં સપના સાકાર કરવા સરકાર પર અપેક્ષા રાખે છે. સરકાર કડક નિર્ણયો લે એ જરૂરી છે, જે દેશની સાથે સામાન્ય માણસના ઉમદા ભવિષ્યનો આધાર બને છે. 30 જુલાઈ, 2019-આ એક મહત્વની તારીખ હતી, જે દિવસે સંસદમાં તલાક-એ-બિદ્દત પર પ્રતિબંધ મૂકતો કાયદો પસાર કરવામાં આવ્યો. આને કારણે એ કરોડો મુસ્લિમ મહિલાઓને તેમનો અધિકાર મળ્યો, જેમને 1985માં પ્રથમ વાર આશા જાગી હતી, પણ 1986માં તેમને નિરાશા મળી કારણ કે અંતિમ નિર્ણય લેતી વખતે પ્રતિબદ્ધતામાં કચાશ રહી ગઈ. પણ એ પછી 33 વર્ષ બાદ મળેલાં નવા કાયદાને કારણે તેમને પ્રથમ વાર સન્માન સાથે જીવવાનો હક મળ્યો છે.

પ્રશ્ન એ પણ થાય કે મહિલાઓને સલામતી આપવા માટે કાયદાકીય જોગવાઈ પહેલાં કેમ ન કરવામાં આવી? આખરે શું



# સ્વસ્થ મહિલા
## સલામતીનો અધિકાર

**કુપોષણ વિરુદ્ધ રાષ્ટ્રવ્યાપી પોષણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. છેલ્લાં ચાર વર્ષોમાં રૂ. 11,000 કરોડથી વધુની ફાળવણી કરવામાં આવી છે, તો મિશન ઈન્દ્રધનુષ અને માતૃત્વવંદના જેવી યોજનાઓ દ્વારા મહિલા આરોગ્યના ક્ષેત્ર પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.**

**₹11000** કરોડથી વધુની ફાળવણી થઈ કુપોષણ વિરુદ્ધ રાષ્ટ્રવ્યાપી પોષણ અભિયાનમાં છેલ્લાં ચાર વર્ષોમાં

સારા પરિણામો માટે હવે પોષણ 2.0 શરૂ કરવામાં આવ્યું

પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાથી સ્વસ્થ માતૃત્વ સુનિશ્ચિત

### ગર્ભવતી મહિલાઓને સહારો

ગર્ભવતી અને સ્તનપાન કરાવનારી માતાઓને બેંક ખાતામાં સીધા રૂ. 5,000ની રકમ (ત્રણ હપ્તામાં) પ્રોત્સાહન તરીકે



જાન્યુઆરી 2021 સુધીમાં 1.83 કરોડ ગર્ભવતી મહિલાઓએ આ યોજનાનો લાભ ઉઠાવ્યો

## આત્મનિર્ભર મહિલા શક્તિ




- સ્ટાર્ટઅપ ઈન્ડિયા અંતર્ગત નારી શક્તિ ઉદાહરણ પુરું પાડી રહી છે.
- લગભગ અડધા સ્ટાર્ટઅપમાં મહિલા ઉદ્યોગ સાહસિકો છે, જેમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓછામાં ઓછી એક મહિલા ડિરેક્ટર છે.
- સ્ટેન્ડ અપ ઈન્ડિયા યોજનાથી મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન મળી રહ્યું છે.
- આમાં 90,000થી વધુ મહિલાઓ માટે રૂ. 20,000 કરોડથી વધુ ધિરાણની મંજૂરી
- આ યોજના અંતર્ગત 83 ટકા ધિરાણ મહિલા ઉદ્યોગ સાહસિકને આપવામાં આવ્યું છે.
- માર્જિન મનીને 25 ટકાથી ઘટાડીને 15 ટકા કરીને ધિરાણ સરળ કરવામાં આવ્યું છે.

કારણ હતું કે 1986માં સુપ્રીમ કોર્ટે શાહબાનો કેસમાં ચૂકાદો આપ્યો તો તેને સ્વીકારવાને બદલે સંસદના માધ્યમથી કોર્ટના ચૂકાદાને બિનઅસરકારક બનાવી દેવાયો?

જો આ દેશમાં સતી પ્રથા નાબૂદ થતી હોય, ભૃણ હત્યાને નાબૂદ કરવા કાયદો બનાવી શકાતો હોય, બાળ વિવાહ સામે અવાજ ઉઠાવી શકાતો હોય. દહેજ લેવા દેવાની પ્રથા વિરુધ્ધ કડક પગલાં લેવાઈ શકતા હોય તો ટ્રિપલ તલાક સામે કેમ અવાજ ન ઉઠાવી શકાય? આ માટે સરકારમાં બેસેલા લોકોનો દ્રષ્ટિકોણ સમજવો જરૂરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ટ્રિપલ તલાક કાયદા અંગે પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, "આ કામ અમે મત માટે નથી કર્યું. હું પક્ષ માટે સરકાર નથી ચલાવતો, પણ દેશનાં ભવિષ્ય માટે ચલાવી રહ્યો છું. ટ્રિપલ તલાક કાયદો મારા માટે હિન્દુ-મુસ્લિમનો નહીં, મહિલા સન્માનનો વિષય છે. મુસ્લિમ દેશોમાં પણ ટ્રિપલ તલાકને માન્યતા નથી. પાકિસ્તાનમાં પણ કાયદાકીય પ્રતિબંધ છે. બાળ વિવાહ, વિધવા પુનર્વિવાહ, સતીપ્રથા, દહેજ પ્રથા જેવા વિષયો પર પગલાં લેવામાં આવ્યા તો શું તે હિન્દુઓના વિરોધમાં હતા. એટલે ટ્રિપલ તલાક પણ લૈંગિક સમાનતા, સામાજિક ન્યાયનો મુદ્દો છે. ભારત એ મતનું છે કે બધાંને સમાનતા મળવી જોઈએ."

વાસ્તવતમાં ટ્રિપલ તલાક અથવા તો 'તલાક-એ-બિદ્દત' બંધારણીય રીતે બરાબર નહોતું અને ઈસ્લામની રીતે પણ



# ટ્રિપલ તલાકઃ કેસોમાં નોંધાઈ રહેલો ઘટાડો

આંકડાઃ 1985-2019 | 2019-20

| રાજ્ય | 1985-2019 | 2019-20 |
| --- | --- | --- |
| ઉત્તરપ્રદેશ | 63,400 | 281 |
| તેલંગાણા-આંધ્ર | 41,382 | 203 |
| હરિયાણા | 29,201 | 26 |
| કેરળ | 23,233 | 19 |
| રાજસ્થાન | 33,112 | 83 |
| આસામ | 19,008 | 17 |
| મધ્યપ્રદેશ | 22,801 | 32 |
| પશ્ચિમ બંગાળ | 51,800 | 201 |
| મહારાષ્ટ્ર | 39,200 | 102 |
| બિહાર | 21,200 | 26 |

**પાકિસ્તાન, ઇજિપ્ત, સીરિયા, ઇરાક, મલેશિયા જેવા અનેક ઇસ્લામિક દેશો તીન તલાકની પ્રથા પર વર્ષો પહેલાં પ્રતિબંધ લગાવી ચૂક્યા છે.**

બરાબર નહોતું. મહિલા ઉત્પીડન ધરાવતી ગેરકાયદેસર, બિન-બંધારણીય અને બિન-ઇસ્લામી કુપ્રથા રાજકીય આશ્રયમાં યથાવત રહી. 1986માં શાહબાનો કેસમાં સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય લીધો ત્યારે પણ ટ્રિપલ તલાક કુપ્રથા સામે કાયદો બની શક્યો હોત. ભારત બંધારણથી ચાલે છે, કોઈ શરીયત કે ધાર્મિક કાયદા વ્યવસ્થાથી નહીં. આ પહેલાં પણ દેશમાં સતી પ્રથા, બાળ વિવાહ જેવી સામાજિક કુરીતિઓ દૂર કરવા માટે કાયદા ઘડવામાં આવ્યા હતા. ટ્રિપલ તલાક કાયદાને ધર્મ સાથે કોઈ લેવા દેવા નહોતી. આ કાયદો કુપ્રથા, ક્રુરતા, સામાજિક દુષણ અને લૈંગિક અસમાનતાને દૂર કરવા માટે પસાર કરવામાં આવ્યો હતો. આ વિષય મુસ્લિમ મહિલાઓના સમાનતાના બંધારણીય અધિકારોની સલામતી સાથે સંકળાયેલો હતો. મૌખિક રીતે ત્રણ વાર તલાક કહીને છુટાછેડા (તલાક) આપવાં, પત્ર, ફોન, ત્યાં સુધી કે વોટ્સએપ દ્વારા તલાક આપવાના કેસ સામે આવવા લાગ્યા, કોઈ પણ સંવેદનશીલ દેશ-સમાવેશી સરકાર માટે આવી પ્રથા અસ્વીકાર્ય હતી. વિશ્વના અનેક અગ્રણી દેશોએ વર્ષો પહેલાં 'તીન તલાક'ને બિન-કાયદેસર અને બિન-ઇસ્લામી જાહેર કરીને ખતમ કરી દીધાં હતાં. ઇજીપ્ત વિશ્વનો પ્રથમ ઇસ્લામી દેશ છે, જેણે 1929માં 'તીન તલાક'ને ખતમ કરીને તેને બિન-કાયદેસર અને દંડનીય ગુનો બનાવ્યો હતો. 1929માં સુડાને તીન તલાક પર પ્રતિબંધ મૂક્યો હતો. 1956માં પાકિસ્તાને, 1972માં બાંગલાદેશ, 1959માં ઇરાક, 1953માં સીરિયાએ અને 1969માં મલેશિયાએ તીન તલાક પર પ્રતિબંધ મૂક્યો હતો. આ ઉપરાંત, સાઇપ્રસ, જોર્ડન, અલ્જીરિયા, ઇરાન, બ્રુનેઈ, મોરોક્કો, કતાર, યુએઇ જેવા ઇસ્લામિક દેશોએ તીન તલાક ખતમ કરીને કડક કાયદાકીય જોગવાઇઓ દાખલ કરી હતી. પણ ભારતને મુસ્લિમ મહિલાઓને આ કુપ્રથાના અમાનવીય ત્રાસમાંથી મુક્ત કરવા માટે લગભગ 70 વર્ષ જેટલો લાંબો સમય લાગ્યો.

ભારતના સંસદીય ઇતિહાસમાં 1 ઓગસ્ટની તારીખ હવે 'મુસ્લિમ મહિલા અધિકાર દિવસ' તરીકે નોંધાઇ ચૂકી છે. 1 ઓગસ્ટ, 2019 ભારતીય સંસદીય ઇતિહાસનો એ દિવસ છે

**"પરિવારવાદ, જાતિવાદ અને તુષ્ટીકરણ આ ત્રણ બાબતોએ દેશને બહુ નુકસાન પહોંચાડ્યું છે, પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ટ્રિપલ તલાક વિરુધ્ધ કાયદો બન્યા બાદ લોકોને એ વાતની ખુશી છે કે ભારતની લોકશાહી ધીરે ધીરે પાટા પર આવી રહી છે. આ સમાજને આગળ વધારવામાં રાજા રામમોહન રાય, વીર સાવરકર, મહાત્મા ગાંધી, ડો. ભીમરાવ આંબેડકર સહિત તમામ સમાજ સુધારકોનો હાથ છે અને આ અગ્રણીઓએ દેશમાંથી કુપ્રથાઓ સમાપ્ત કરવા પોતાનું પ્રદાન આપીને સમાજને આગળ વધારવાનું કામ કર્યું છે. જ્યારે પણ દેશના સમાજ સુધારકોનું નામ લેવામાં આવશે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીનું નામ પણ સમાજ સુધારકોની શ્રેણીમાં સામેલ થશે."**

-અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી



# ટ્રિપલ તલાકના અભિશાપમાંથી મહિલાઓ મુક્ત

**"જ્યારે સમસ્યાઓનું સમાધાન થાય છે ત્યારે સ્વાવલંબનનો ભાવ પેદા થાય છે. સમાધાનથી સ્વાવલંબન તરફ ગતિ વધે છે અને જ્યારે સમાધાન હોય, સંકલ્પ હોય ત્યારે સફળતાને આડે કશું ન આવી શકે. વડાપ્રધાન મોદીજીના આ વિચાર તેમનાં મક્કમ નિર્ધારનો આધાર છે. તેઓ કહે છે, આપણે સમસ્યાઓનું સમાધાન જોઈએ છીએ, તો ટૂકડામાં ન વિચારવું જોઇએ. તકલીફો આવશે, એક સાથે વાહવાહી માટે હાથ લગાવીને છોડી દેવું એ રીત દેશના સપનાને સાકાર કરવા માટે કામમાં નહીં આવે. આપણે સમસ્યાઓને જડમાંથી નાબૂદ કરવાનો પ્રયાસ કરવો પડશે." સમગ્ર દ્રષ્ટિકોણથી લેવામાં આવેલાં પગલાંને પરિણામે આજે મુસ્લિમ મહિલાઓ ટ્રિપલ તલાકના અભિશાપમાંથી મુક્ત છે. મુસ્લિમ મહિલાઓનાં માથા પર ટ્રિપલ તલાકની તલવાર લટકતી હતી અને તેઓ ડરનાં માર્યા જીંદગી જીવવા મજબુર હતી. તેમને હંમેશા ડર રહેતો હતો કે તેઓ ગમે ત્યારે તીન તલાકનો શિકાર બની શકે છે. અસલામતીનો ડર તેમનાં જીવનને મુશ્કેલ બનાવી દેતો હતો, ટ્રિપલ તલાકને સમાપ્તા કરવાનો રસ્તો સરળ નહોતો. પણ મોદી સરકારની ઇચ્છાશક્તિને કારણે સફળતા મળી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કહે છે, "સમયની સાથે સમાજ ન બદલાય તો ગંદા તળાવ જેવો બની જાય છે અને સમયની સાથે બદલાતો સમાજ નિર્મળ ગંગાની જેમ પવિત્ર થઈ જાય છે."**

## શાહબાનો કેસથી સાયરા બાનો કેસ સુધી શો તફાવત છે?

| | શાહબાનો કેસ | સાયરા બાનો કેસ |
|---|---|---|
| કોને પડકાર | તીન તલાક બાદ ઓછું ભરણપોષણ | તલાક-એ-બિદ્દત |
| સુપ્રીમ કોર્ટમાં કેસ ક્યારે ગયો | 1981 | 2016 |
| ક્યારે નિર્ણય આવ્યો | 1985 | 2017 |
| શું નિર્ણય આવ્યો | તીન તલાકમાં મહિલા ભરણપોષણની હકદાર | તીન તલાક ગેરબંધારણીય |
| ટોચના સ્તરે ભૂમિકા | કાયદો બનાવીને નિર્ણય બદલ્યો | નવો કાયદો ઘડવાનો અધિકાર આપ્યો |



જ્યારે 'તીન તલાક' કુપ્રથાને ખતમ કરવાના વિધેયકને કાયદો બનાવવામાં આવ્યો. દેશની અડધી વસતિ ખાસ કરીને મુસ્લિમ મહિલાઓ માટે આ દિવસ બંધારણીય-મુળભૂત લોકશાહી અને સમાનતાના અધિકારનો દિવસ બની ગયો. આ દિવસ ભારતીય લોકશાહી અને સંસદીય ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોમાં લખાશે. એક સમય હતો, જ્યારે સુપ્રીમ કોર્ટના ચૂકાદાને બિનઅસરકારક બનાવીને મુસ્લિમ મહિલાઓને અધિકારોથી વંચિત કરવામાં આવી હતી. પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની સરકારે તીન તલાક પર સુપ્રીમ કોર્ટના ચૂકાદાને અમલી બનાવવા માટે કાયદો બનાવવાનું સાહસિક પગલું ભર્યું. સુપ્રીમ કોર્ટે 18 મે, 2017નાં રોજ તીન તલાક પ્રથાને ગેરબંધારણીય ગણાવી હતી. એ પછી કેન્દ્ર સરકારે વટહૂકમ પસાર કર્યો અને પછીથી તમામ વિરોધોને પાર કરીને જુલાઇ-ઓગસ્ટ 2019માં સંસદમાં આ કાયદો પસાર કરાવવામાં આવ્યો. રાષ્ટ્રપતિની મંજૂરી સાથે જ સપ્ટેમ્બર 2018થી તે અમલી માનવામાં આવ્યો.

### મહિલાઓની સલામતી વધી

મહિલાઓનું સન્માન કરતો હોય તે સમાજ જ પ્રગતિ કરી શકે છે. મહિલાઓ પોતાના અધિકારોનો સાચો ઉપયોગ કરી શકે, તેનાં માટે તે શિક્ષિત થવી જરૂરી છે, જેથી તે પોતાનું ભવિષ્ય જાતે નક્કી કરી શકે. અભ્યાસને કારણે રોજગાર અને ઉદ્યોગસાહસિકતાની તકો મળે છે અને તેને કારણે આર્થિક સ્વતંત્રતા આવે છે. મહિલાઓની સલામતીથી માંડીને તેમને સ્વાવલંબી બનાવવાની દિશામાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં કેન્દ્ર સરકારે અનેક મહત્વનાં પગલાં ભર્યા છે, જેના કારણે અડધી વસતિને પોતાનું કૌશલ્ય દર્શાવવા માટે સલામત માહોલ મળી રહ્યો છે. લાંબા સમયથી એવી માંગ થઈ રહી હતી કે મહિલાઓ વિરુદ્ધ ગુનાને ગંભીર ગણીને કડક સજાની જોગવાઈ કરવામાં આવે. આ માટે કેન્દ્ર સરકારે ભારતીય દંડ સંહિતામાં સુધારો કરીને 12 વર્ષથી ઓછી વયની બાળકી પર બળાત્કાર અંગે





## મહિલા સલામતીને ધ્યાનમાં રાખીને સૌ પ્રથમ વાર જીપીએસ અને પેનિક બટન જેવી વ્યવસ્થા દાખલ કરવામાં આવી છે

કાયદાને કડક બનાવીને ફાંસીની સજાની જોગવાઈ કરી હતી, તો 16 વર્ષથી નીચેની ઉંમરની બાળકી પર બળાત્કારના કેસમાં સજા 10 વર્ષથી વધારીને 20 વર્ષ કરવામાં આવી છે. મહિલાઓને તાત્કાલિક ન્યાય મળે, એ માટે તપાસ અને ટ્રાયલ બે મહિનામાં પૂરાં કરવાની જોગવાઈ કરવામાં આવી, જેથી પીડિત પરિવારો અને સાક્ષીઓને ધમકાવી ન શકાય.

હિંસાનો ભોગ બનેલી મહિલાઓ માટે યુનિવર્સલ હેલ્પલાઇન (181) શરૂ કરવામાં આવી, તો સરકારી અને ખાનગી ઓફિસ, મેટ્રો સહિતનાં શહેરોમાં મહિલા સલામતી માટે ‘શી-બોક્સ’ બનાવવામાં આવ્યા. ઘરેલુ હિંસા જેવા કેસોના નિકાલ માટે વન સ્ટોપ સેન્ટર બનાવવામાં આવ્યા છે. નિર્ભયા ફન્ડમાંથી દેશમાં ફાસ્ટ ટ્રેક કોર્ટ, મહિલા હેલ્પડેસ્ક અને હિંમત એપ શરૂ કરવામાં આવી, જે પોલિસ અને મહિલાઓ વચ્ચે સેતુનું કામ કરી રહ્યાં છે. કિશોરીઓ અને મહિલાઓની તસ્કરી પર રોક લગાવવા માટે સંસદમાં બિલ લાવવામાં આવ્યું, જેનાથી એ સુનિશ્ચિત થાય કે આવા કેસોને તાત્કાલિક ટ્રેક કરી શકાય અને પીડિતોને ન્યાય મળે. આ કાયદા અંતર્ગત બળજબરીથી મજૂરી, વેશ્યાવૃત્તિ, યૌન શોષણ, બળજબરીથી લગ્ન જેવા ગુના માટે સજાની જોગવાઈ છે.

કેન્દ્ર સરકારે મહિલાઓને માત્ર કાયદાકીય સંરક્ષણ જ નહીં, તેમનાં આત્મ સન્માન માટે જાણે એક અભિયાન છેડ્યું છે. ઘર-ઘર શૌચાલયનું નિર્માણ હોય કે પછી પીએમ આવાસ યોજના અંતર્ગત મહિલાઓને સંપત્તિમાં માલિકી અધિકાર આપવાનો હોય, મુદ્રા લોન લાભાર્થીમાં 70 ટકા મહિલાઓ, ઉજ્જવલા અંતર્ગત મફત રાંધણ ગેસ જોડાણ જેવી પહેલ મહિલાઓની સલામતી અને સન્માનની ખાતરી આપી રહી છે. જમ્મુ કાશ્મીરમાં બિનકાશ્મીરી સાથે લગ્ન કરવાથી મહિલાઓ અને તેનાં બાળકોને પૈતૃક સંપત્તિના અધિકારથી વંચિત કરી દેવામાં આવતા હતા. પણ 370 અને 35A કલમ નાબૂદ થવાથી રાજ્યની મહિલાઓને તેમનો હક મળ્યો છે. પ્રવાસી ભારતીયો દ્વારા લગ્ન કરીને પછી મહિલાને છોડી દેવા જેવા કેસોમાં પણ કાયદાને કડક બનાવવામાં આવ્યા છે.

સામાજિક ધારણાઓની નવી પરિભાષા હવે કેન્દ્ર સરકારની મહિલા કેન્દ્રીત પહેલથી મળે છે. મહિલાઓને સમાન તકો મળે તે

## જેથી મહિલા શક્તિ સક્ષમ રહે

**કોવિડ સમયમાં વિશેષ મદદ**

**30000** કરોડથી વધુ રકમ ટ્રાન્સફર કરવામાં આવી. એપ્રિલ-જૂન 2020 દરમિયાન 20 કરોડ મહિલાઓનાં ખાતામાં



**14**

કરોડ રિફીલ સિલિન્ડર મફત આપવામાં આવ્યા ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત

**20**

લાખ રૂપિયા સુધી કરવામાં આવી જામીનગીરી વગરની લોન આપવાની મર્યાદા રૂ. 10 લાખથી વધારીને સ્વ સહાય જૂથો માટે







# નારી તુ નારાયણી

**તારાથી જ સામર્થ્ય છે, તુ જ છે રાષ્ટ્રશક્તિ
તારા વગર દરેક વાત અધૂરી લાગે છે
ઘર, વીજળી, શૌચાલય, પાણી, એલપીજીએ
મજબૂત બનાવી છે
શિક્ષણ, આરોગ્ય, પોષણ-કૌશલ અને હિંમતે
તને આગળ વધારી છે
રમતગમત હોય કે યુદ્ધનું મેદાન, કે પછી
વિજ્ઞાન-ટેકનોલોજીની વાત હોય
દરેક મેદાનની છે ચેમ્પિયન, તક મળતાં જ તે
એ વાત સાબિત કરી દીધી
નથી તુ કોઇનાથી ઓછી, હંમેશા અગ્રણી,
અભિમાની, નારી તુ નારાયણી
સ્વતંત્રતા, સુવિધા, સશક્તિકરણથી મળી
રહી છે આર્થિક આઝાદી
દેશ બનશે આત્મનિર્ભર, થશે પૂરા દરેક
સપના જ્યારે સાથે ચાલશે અડધી વસતિ
અડધા આકાશની આખી ઉડાનમાં જ
છુપાયેલી છે દરેક ચાવી
તુ બસ આગળ વધીને નિર્ધાર કરે તો
સફળતાના પંથ પર પ્રયાણ કરીશ
સ્વતંત્રતા, સંસ્કૃતિ, સન્માન, શક્તિ બધું
તારા થકી છે
એ આત્મવિશ્વાસી નારી તુ નારાયણી**



## સંયુક્ત રૂપમાં મહિલાના નામે મકાન આપવાની પહેલ પીએમ આવાસ યોજનામાં કરવામાં આવી છે

માટે કેન્દ્ર સરકારે શારદા એક્ટ-1978માં સુધારો કરવા ટાસ્કફોર્સની રચના કરી છે, જેનું કામ લગ્નની લઘુતમ ઉંમર કેટલી હોવી જોઇએ તે નક્કી કરવાનું છે. હાલમાં યુવતીઓના લગ્ન માટેની લઘુતમ ઉંમર 18 વર્ષ છે. હિંસા પીડિત મહિલાઓને રાહત આપવાના હેતુથી સરકારે તાજેતરમાં જ મેડિકલ ટર્મિનેશન પ્રેગનન્સી એક્ટને મંજૂરી આપી છે, જેમાં ગર્ભપાત માટેની સમયમર્યાદા 20 સપ્તાહથી વધારીને 24 સપ્તાહ કરવામાં આવી છે. મેટરનિટી લીવ (માતૃત્વ રજા) પણ 12 સપ્તાહથી વધારીને 26 સપ્તાહ કરવામાં આવી છે. સામાજિક નિષેધોને તોડવાની દિશામાં પ્રથમ વાર કોઈ વડાપ્રધાને લાલ કિલ્લા પરથી સેનેટરી પેડનો ઉલ્લેખ કર્યો. 24 ઓક્ટોબરનાં રોજ 'મન કી બાત' કાર્યક્રમમાં મહિલા શક્તિનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું, "સંયુક્ત રાષ્ટ્રનો પ્રભાવ અને તેની શક્તિ વધારવામાં ભારતની મહિલા શક્તિએ મોટી ભૂમિકા નિભાવી છે. " 1947-48માં માનવ અધિકારોનો વૈશ્વિક ઢંઢેરો તૈયાર થઈ રહ્યો હતો ત્યારે તેમાં લખવામાં આવી રહ્યું હતું-"All Men are Created Equal". પણ ભારતની પ્રતિનિધિએ આની સામે વાંધો ઉઠાવ્યો એટલે તેમાં સુધારો કરીને લખવામાં આવ્યું- "All Human Beings are Created Equal". આ વાત ભારતની સદીઓ જૂની પરંપરાને અનુરૂપ હતી. આ પ્રતિનિધિ હતી હંસા મહેતા.

ચોક્કસપણે, આજની મહિલાઓ સ્વતંત્ર છે, આર્થિક રીતે સશક્ત છે, દ્રઢ સંકલ્પ ધરાવે છે, સલામતીની ભાવના છે અને દરેક ક્ષેત્રમાં બરાબરી સાથે પોતાની પ્રતિભા અને કૌશલ્યની ક્ષમતા દર્શાવવાનું સાહસ કરી રહી છે, તો તેનું મોટું કારણ એ છે કે દાયકાઓથી મહિલાઓને ઉતરતી માનવાની માનસિકતામાં પરિવર્તન આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેનાં માટે સતત પગલાં લીધાં છે. સમાજની પણ એ જવાબદારી છે કે તે એક થઈને મહિલાઓ સાથે થતા અત્યાચાર અને હિંસાને ખતમ કરશે. ●

# સાતમો બંધારણ દિવસ

## બંધારણના ઘડતરમાં
# નારી શક્તિનું
## પ્રદાન

सत्यमेव जयते



**આઝાદીથી માંડીને ભારત પ્રજાસત્તાક થયો ત્યાં સુધીની યાત્રામાં અનેક તારીખો આજે સીમાચિહ્ન બની ગઈ છે. જેમ કે 26 જાન્યુઆરી, 1950... આ દિવસે ભારતનું બંધારણ અમલમાં આવ્યું હતું અને દેશ પ્રજાસત્તાક બન્યો હતો. બે વર્ષ, 11 મહિના અને 18 દિવસની મહેનત બાદ આ ઐતિહાસિક દિવસે આપણા બંધારણને સ્વીકારવામાં આવ્યું હતું. પ્રજાસત્તાક દિનનું અસલી મહત્વ 26 નવેમ્બર, 1949માં છુપાયેલું છે, કારણ કે આ દિવસે બંધારણ સભામાં ભારતીય બંધારણને મંજૂરી આપવામાં આવી હતી. 2015માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દર વર્ષે 26 નવેમ્બરને બંધારણ દિવસ તરીકે મનાવવાની શરૂઆત કરી હતી. આ વર્ષે આપણે બંધારણ દિવસની 7મી વર્ષગાંઠ મનાવી રહ્યા છે. અમૃત મહોત્સવ શ્રૃંખલામાં આ અંકમાં ભારતની બંધારણ સભામાં પ્રતિનિધિત્વ ધરાવતી એ મહિલાઓની કહાની રજૂ કરીએ છીએ, જેમની અથાક મહેનતને કારણે ભારતનું બંધારણ ઘડી શકાયું હતું...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 26 નવેમ્બર, 2015નાં રોજ બંધારણનું મહત્વ જણાવતા લોકસભામાં કહ્યું હતું, "સરકારનો એક જ ધર્મ હોય છે- ભારત પ્રથમ, સરકારનો એક જ ધર્મગંર્થ હોય છે ભારતનું બંધારણ. દેશ બંધારણથી જ ચાલશે. બંધારણથી જ ચાલવો જોઈએ અને બંધારણની તાકાતથી જ દેશને તાકાત મળી શકે છે." વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ શબ્દો દર્શાવે છે કે ભારતનું બંધારણ જ સરકારનો ધર્મગ્રંથ હોય છે. એટલાં માટે જ જે દિવસે ભારતીય ધર્મગ્રંથને અપનાવવામાં આવ્યો એ દિવસને હવે બંધારણ દિવસ તરીકે મનાવવાની શરૂઆત કરવામાં આવી છે. આ દિવસ મનાવવાનો અર્થ બિલકુલ એવો નથી કે 26 જાન્યુઆરીનું મહત્વ ઓછું કરી દેવાય. ઉલ્ટાનું, તેનો હેતુ એ છે કે વર્તમાનની સાથે સાથે ભવિષ્યમાં જે પેઢીના હાથમાં દેશનું સુકાન હોય તે આપણા દેશને જાણે, સમજે, શીખે અને નવા ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપે. એવું નથી કે નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન બન્યા પછી આ દિવસ મનાવવાની શરૂઆત કરી. એ પહેલાં તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ 2009થી જ બંધારણ દિવસ મનાવવાની શરૂઆત કરી ચૂક્યા હતા. જ્યારે તેઓ વડાપ્રધાન બન્યા ત્યારે ભીમરાવ આંબેડકરની 125મી જન્મજયંતી પ્રસંગે દેશમાં બંધારણ દિવસ મનાવવાની શરૂઆત કરાવી. જ્યારે બંધારણ તૈયાર કરવામાં આવ્યું ત્યારે વિશ્વના અનેક દેશોમાં મહિલાઓને પ્રાથમિક અધિકાર પણ મળ્યાં નહોતા, પણ ભારતની બંધારણ સભામાં 15 મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આઝાદીના અમૃત મહોત્સવમાં આ વખતે એવી મહિલાઓની કહાની જેમણએ બંધારણ સભામાં સામેલ હોવાની સાથે સાથે બંધારણ તૈયાર કરવામાં પુરુષો સાથે ખભે ખભા મિલાવીને મહત્વનું પ્રદાન કર્યું હતું.

## બંધારણ સભામાં સામેલ મહિલાઓ-

**ભારતની પ્રથમ બંધારણ સભામાં 15 મહિલાઓ હતી અને તેમણે બંધારણ બનાવવામાં મહત્વની ભૂમિકા નિભાવી હતી. આ મહિલાઓનાં નામ આ પ્રમાણે છેઃ ● એની મેસ્કરીન, ● વિજયા લક્ષ્મી પંડિત, ● કમલા ચૌધરી, ● હંસા જીવરાજ મહેતા, ● સરોજિની નાયડુ, ● સુચેતા કૃપલાણી, ● બેગમ અયાઝ રસુલ, ● રાજકુમારી અમૃત કૌર, ● પૂર્ણિમા બેનરજી, ● રેણુકા રે, ● અમ્મુ સ્વામિનાથન, ● દુર્ગાબાઈ દેશમુખ, ● લીલા રોય, ● માલતી ચૌધરી, ● દક્ષિણયાણી વેલાયુધન**

## સમાજસેવાને સમર્પિત રાજકુમારી અમૃત કૌરના પ્રયત્નોને પગલે દિલ્હીની એઇમ્સ શક્ય બની

જન્મઃ 2 ફેબ્રુઆરી, 1887 | મૃત્યુઃ 6 ફેબ્રુઆરી, 1964



કપૂરથલાના રાજા હરનામ સિંહની પુત્રી રાજકુમારી અમૃત કૌર ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાંથી ઉચ્ચ શિક્ષણ પૂરું કરીને 1918માં ભારત પાછા આવ્યા ત્યારે તેમણે નિર્ધાર કર્યો કે તે રાજકારણમાં પ્રવેશશે. જો કે, માતા-પિતા નહોતા ઈચ્છતા કે તેમની દીકરી રાજકારણમાં આવે. અમૃત કૌરના પિતા પ્રતિષ્ઠીત વ્યક્તિ હોવાથી તેમને મળવા માટે મોટાં મોટાં લોકો આવતા હતા. એમાંના એક ગોપાલ કૃષ્ણ ગોખલે પણ હતા, જેઓ હરનામ સિંહ સાથે ગાઢ સંબંધો ધરાવતા હતા. રાજકુમારી અમૃત કૌરને ગોખલેને કારણે મહાત્મા ગાંધી અંગેની માહિતી મળી અને તેઓ બાપુને પત્રો લખવા લાગ્યાં અને ધીરે ધીરે સ્વતંત્રતા ચળવળમાં જોડાઈ ગયા. એ પછી 16 વર્ષ સુધી તેઓ ગાંધીજીનાં સચિવ રહ્યાં અને તેમનાં નજીકનાં લોકોમાં ગણાતા હતા. તેમણે મીઠાનો સત્યાગ્રહ અને ભારત છોડો આંદોલનમાં ઉત્સાહભેર ભાગ લીધો અને બંને વાર તેમની ધરપકડ કરવામાં આવી. 2 ફેબ્રુઆરી, 1887નાં રોજ લખનૌમાં જન્મેલાં અમૃત કૌરે દેશમાં કુપ્રથા અને અંધવિશ્વાસ સામે પણ લડાઈ લડી હતી. બાળકોને વધુ મજબૂત અને શિસ્તના આગ્રહી બનાવવા માટે તેમણે શાળામાં રમતગમત શરૂ કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે નેશનલ સ્પોર્ટ્સ ક્લબ ઓફ ઇન્ડિયાની સ્થાપના કરી હતી. તેમણે પડદા પ્રથા, બાળ વિવાહ અને દેવદાસી જેવી કુપ્રથાઓ સામે બુલંદ અવાજ ઉઠાવ્યો હતો. ભારતમાં બંધારણ તૈયાર કરવા બંધારણ સભાની રચના કરવામાં આવી ત્યારે તેમાં રાજકુમારી અમૃત કૌરે સભ્ય તરીકે મહત્વની ભૂમિકા નિભાવી હતી. દેશ સ્વતંત્ર થયો પછી તેમને આરોગ્ય મંત્રી બનાવવામાં આવ્યાં હતાં. તેઓ 10 વર્ષ સુધી આ હોદ્દા પર રહ્યા. આ દરમિયાન AIIMSની સ્થાપના માટે ખૂબ મહેનત કરી.. તેમણે સિમલામાં પોતાનુ પૈતૃક મકાન મેનરવિલ પણ એઇમ્સને દાન કરી દીધું, જેથી હોસ્પિટલની પરિચારિકાઓ ત્યાં જઇને રજાઓ ગાળી શકે.

**ટાઇમ મેગેઝીને રાજકુમારી અમૃત કૌરને વીતેલી સદીની સૌથી અસરકારક 100 મહિલાઓની યાદીમાં સામેલ કર્યા હતા.**

## અમ્મુ સ્વામીનાથને બંધારણ સભામાં મહિલા અધિકારોને અવાજ આપ્યો

જન્મ- 22 એપ્રિલ, 1894, મૃત્યુઃ 4 જુલાઇ, 1978



અમ્મુ સ્વામીનાથન બંધારણ સભાની દરેક બેઠકમાં ઉપસ્થિત રહેતાં હતાં અને દરેક ચર્ચામાં ઉત્સાહભેર ભાગ લેતાં હતાં. તેઓ મહિલાઓના અધિકારો, તેમની સમાનતા અને લૈંગિક ન્યાયના પુરસ્કર્તા હતા. તેઓ બંધારણ સભાના એવાં સભ્ય હતા જેમણે મહિલાઓને સમાન અધિકારો અપાવવા માટે ડો. આંબેડકરના અથાક પ્રયાસોમાં મદદ કરી. બંધારણ સભામાં પ્રસ્તાવ પર ચર્ચા ચાલતી હતી ત્યારે અમ્મુ સ્વામીનાથને જણાવ્યું હતું કે, બહારના લોકો કહે છે કે ભારતીય મહિલાઓને બંધારણ ઘડવાનો અધિકાર નથી આપવામાં આવતો, પણ હવે આપણે કહી શકીએ કે ભારતીયોએ પોતાનું બંધારણ જાતે બનાવ્યું છે, જેમાં મહિલાઓને બરાબરીનો હક આપવામાં આવ્યો છે. કેરળના પાલઘાટમાં 22 એપ્રિલ, 1894નાં રોજ જન્મેલા અમ્મુ સ્વામીનાથન વર્ષ 1946માં મદ્રાસ મત વિસ્તારમાંથી બંધારણ સભાનાં સભ્ય બન્યાં હતાં. ભારતના સ્વતંત્રતા આંદોલનમં પણ અમ્મુનું અવિસ્મરણીય યોગદાન રહ્યું છે. તેઓ ભારતીય સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન મહાત્મા ગાંધીનાં અનુયાયી બની ગયાં હતાં અને ભારત માતાને ગુલામીમાંથી મુક્ત કરાવવા માટેની લડાઈમાં હંમેશા આગળ રહ્યાં. તેઓ 1952માં લોકસભા માટે અને 1954માં રાજ્યસભા માટે ચૂંટાયા હતા. એમ કહેવાય છે કે તેઓ કદી શાળાએ ગયા નહોતા, પણ મહિલા શિક્ષણનાં મહત્વને સારી રીતે સમજતાં હતાં. એટલાં માટે જ તેમણે મહિલા શિક્ષણને ખૂબ મહત્વ આપ્યું. અમ્મુએ દેશ માટે જે કર્યું તેનાં પરથી પ્રેરણા લઈને ભારત સરકાર મહિલાઓને સમાનતાનો અધિકાર આપવા માટે પ્રયાસ કરી રહી. છે અને બેટી બચાવો-બેટી પઢાઓ જેવા કાર્યક્રમો ચલાવી રહી છે. તેઓ ભારત સ્કાઉટ એન્ડ ગાઇડ (1960-65) અને સેન્સર બોર્ડના ચેરમેન પણ હતાં. 4 જુલાઇ, 1978નાં રોજ તેમનું અવસાન થયું.

**અમ્મુ સ્વામીનાથન લોકસભા અને રાજ્યસભાના સભ્ય હતાં. તેઓ ભારત સ્કાઉટ એન્ડ ગાઇડ અને સેન્સર બોર્ડના ચેરમેન પણ રહ્યાં હતાં**

## સ્વતંત્રતા સંગ્રામથી લઈને બંધારણ સભાના સભ્ય સુધી લીલા રોયે મહત્વની ભૂમિકા નિભાવી

જન્મઃ 2 ઓક્ટોબર, 1900 મૃત્યુ 11 જૂન, 1970



મહિલાઓને રાજકારણમાં લાવવા અને પોતાના અધિકારો માટે લડવા પ્રેરણા આપનાર લીલા રોય મહિલા અધિકારોનાં મોટાં હિમાયતી હતાં. ભારતીય સ્વતંત્રતા સંગ્રામનાં લડવૈયા લીલા રોયનો જન્મ 2 ઓક્ટોબર, 1900નાં રોજ આસામમાં થયો હતો. તેઓ સુભાષચંદ્ર બોઝનાં નજીકનાં સહયોગી હતાં. તેમનું નામ લીલા નાગ હતું પણ અનિલ રોય સાથે લગ્ન કર્યા બાદ લીલા રોય તરીકે ઓળખાય છે. બાળપણથી જ અભ્યાસમાં તેજસ્વી લીલા રોયે 1923માં ઢાકા યુનિવર્સિટીમાંથી એમએની ડિગ્રી મેળવી હતી. તેઓ નહોતા ઈચ્છતા કે મહિલાઓ આઝાદીની લડાઈમાં પાછળ રહે. એટલાં માટે જ તેમણે મહિલાઓને આંદોલનમાં જોડવા માટે અનેક પ્રયાસ કર્યા અને તેમાં તેઓ સફળ પણ રહ્યાં. કહેવાય છે કે તેઓ સશસ્ત્ર ક્રાંતિમાં માનતાં હતાં અને બોમ્બ બનાવવાનું પણ જાણતાં હતાં. તેમણે સવિનય કાનૂન ભંગમાં પણ સક્રિય રીતે ભાગ લીધો જેને કારણે અંગ્રેજોએ તેમને છ વર્ષ સુધી જેલમાં રાખ્યા. તેઓ બંધારણ સભા દ્વારા પસંદ કરવામાં આવનાર પ્રથમ બંગાળી મહિલા હતાં. જો કે, દેશનાં ભાગલાના વિરોધમાં તેમણે બંધારણ સભામાંથી રાજીનામું આપી દીધું હતું. તેમણે મહિલાને સમાન દરજ્જો અને શિક્ષણનો અધિકાર આપવા માટે ખૂબ સંઘર્ષ કર્યો અને ઢાકામાં કન્યા શાળા પણ શરૂ કરી. તેમણે કન્યાઓને કૌશલ્ય શીખવા માટે પ્રોત્સાહન આપ્યું અને તેમને વ્યાવસાયિક તાલીમ આપવાનો પ્રયાસ કર્યો. એટલું જ નહી, મહિલાઓને પોતાના બચાવ માટે માર્શલ આર્ટ શીખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને મહિલાઓ માટે અનેક શાળાઓ અને સંસ્થાઓ સ્થાપી. લીલા રોય આજીવન સામાજિક અને રાજકીય કાર્યોમાં વ્યસ્ત રહ્યાં, અને મહિલા શિક્ષણ અને તેમનાં ઉત્થાનના ક્ષેત્રમાં અવિસ્મરણીય યોગદાન આપ્યું. 11 જૂન, 1970નાં રોજ તેમનું અવસાન થયું.

> વર્ષ 1931માં લીલા રોયે 'જયશ્રી' નામના મેગેઝીનનું પ્રકાશન શરૂ કર્યું, જેનું સંપાદન અને સંચાલન મહિલાઓએ કર્યું.

## બંધારણ સભાના સભ્ય કમલા ચૌધરી સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન અનેક વાર જેલમાં ગયાં

જન્મઃ 22 ફેબ્રુઆરી, 1908 મૃત્યુઃ 15 ઓક્ટોબર, 1970



આઝાદીના સંઘર્ષ સમયમાં જૂજ મહિલા સાહિત્યકારોએ ભાગ લીધો હતો, જેમાં સ્વતંત્રતા સેનાની અને રાષ્ટ્રવાદી મહિલા કમલા ચૌધરીનું નામ ચોક્કસ લેવાય છે. લખનઉમાં પ્રતિષ્ઠિત પરિવારમાં 22 ફેબ્રુઆરી, 1908નાં રોજ જન્મેલાં કમલા ચૌધરીની રચનાઓએ એ સમયનાં તમામ લબ્ધપ્રતિષ્ઠીત સાહિત્યકારોનું ધ્યાન પોતાનાં તરફ આકર્ષિત કર્યું હતું. તેમણે મહિલાઓના જીવન ધોરણમાં સુધારો લાવવા માટે સામાજિક-રાજકીય અને સાંસ્કૃતિક સ્તરે પણ પ્રયાસ કર્યો અને ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લીધો. સ્વતંત્રતા આંદોલનમાં સક્રિય ભાગીદારીને પગલે જવાહરલાલ નહેરુ અને સુચેતા કૃપલાણી જેવી રાજકીય હસ્તીઓનાં સંપર્કમાં રહ્યાં. અનેક વાર જેલમાં પણ ગયાં. તેઓ મહાત્મા ગાંધી સાથે પણ સંકળાયેલા હતા. 1930માં નાગરિક અસહકાર ચળવળમાં પણ સક્રિય ભાગ લીધો. ગાંધીજીના આઝાદીના આંદોલનથી પ્રભાવિત થઈને મહિલાઓને જોડવા માટે તેમણે ચરખા સમિતિઓની રચના કરી હતી. તેઓ અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીનાં સભ્ય પણ રહ્યાં. બંધારણ તૈયાર કરવા માટે દેશભરમાંથી પસંદ કરવામાં આવેલી 15 મહિલાઓમાં સામેલ કમલા ચૌધરી આજીવન સાહિત્ય અને રાજકારણ દ્વારા મહિલાઓનાં ઉત્થાન માટે સક્રિય રહ્યાં. એટલું જ નહીં, તેમણે મહિલાઓના જીવન ધોરણમાં સુધારો લાવવા માટે સામાજિક-રાજકીય અને સાંસ્કૃતિક સ્તરે પણ અનેક પ્રયાસ કર્યા અને પોતાની વાર્તાઓ દ્વારા સમાજમાં મહિલાઓને આગળ લાવવાનું કામ કર્યું. તેઓ 1962માં ઉત્તરપ્રદેશની હાપુડ સંસદીય બેઠક પરથી જીત્યાં હતાં. 15 ઓકટોબર, 1970નાં રોજ તેમનું અવસાન થયું.

> કમલા ચૌધરી સાહિત્યના ક્ષેત્રમાં સક્રિય રહેવાની સાથે સાથે સ્વતંત્રતા સંગ્રામમાં પણ ભાગ લીધો હતો.

# આક્રમક સ્વભાવને કારણે માલતી ચૌધરી 'તૂફાની' નામે ઓળખાતાં હતાં

જન્મઃ 26 જુલાઈ, 1904 મૃત્યુઃ 15 માર્ચ, 1998



સ્વતંત્રતા આંદોલન અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનાં સક્રિય સભ્ય માલતી ચૌધરીએ ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો એટલું જ નહીં, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગ સહિતના વંચિતોના ઉત્થાન માટે આજીવન સંઘર્ષરત રહીને અનુકરણીય કાર્ય કર્યું હતું. 25 જુલાઈ, 1904નાં રોજ જન્મેલાં માલતી ચૌધરી 16 વર્ષની ઉંમરમાં અભ્યાસ માટે શાંતિ નિકેતન ગયાં, જ્યાં વિશ્વ ભારતી યુનિવર્સિટીમાં એડમિશન લીધું. માલતી ચૌધરીએ મહાત્મા ગાંધી દ્વારા ચલાવવામાં આવેલા મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો હતો અને એક સ્વતંત્રતા સેનાની તરીકે મોખરે રહ્યા હતાં. તેઓ તેમનાં પતિ નાબકૃષ્ણ ચૌધરી સાથે જેલમાં પણ ગયાં હતાં, જેઓ પછીથી ઓડિશાના મુખ્યમંત્રી બન્યા. માલતી ચૌધરીની હિંમતને જોઇને મહાત્મા ગાંધીએ તેમનું નામ 'તૂફાની' રાખ્યું હતું. રવિન્દ્રનાથ ટાગોર તેમને પ્રેમથી મીનુ કહેતા હતા. સ્વંતંત્રતા સંગ્રામ દરમિયાન અનેક વાર જેલમાં ગયા. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં સામેલ થયા પછી તેમણે કોંગ્રેસ સમાજવાદી કર્મ સંઘની સ્થાપના કરી હતી. એટલું જ નહીં, તેમણે ઓડિશામાં નબળાં સમુદાયોના ઉત્થાન માટે બાજીરાવ છાત્રાલય જેવા અનેક સંગઠનોની સ્થાપના કરી. માલતીને 1948માં બંધારણ સભાના મહત્વના સભ્ય તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. સ્વતંત્રતા અને પછી પ્રજાસત્તાક બન્યા પછી પણ તેઓ સતત સામાજિક કામોમાં વ્યસ્ત રહ્યા. કહેવાય છે કે તેમણે ઇન્દિરા ગાંધીએ લાદેલી કટોકટી સામે દેખાવો કરીને અસંતોષના સક્રિય અવાજને જાળવી રાખ્યો હતો. 15 માર્ચ, 1998નાં રોજ 93 વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું.

**માલતી ચૌધરીનો જન્મ પૂર્વ બંગાળમાં થયો હતો, જે હાલમાં બાંગલાદેશમાં આવે છે**




વર્ષ 2010માં બંધારણ ઘડાયાના 60 વર્ષ પૂરા થયાં ત્યારે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ હાથી પર બંધારણની નકલ મૂકીને શોભા યાત્રા કાઢી હતી. આ યાત્રામાં મુખ્યમંત્રી પોતે હાથીની આગળ પગપાળા ગયા હતા.

## બંધારણ દિવસઃ વિશેષ ઓળખ આપવાની પહેલ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઘણી વાર બંધારણનાં મહત્વ પર ભાર મૂકતા રહ્યા છે અને સમયાંતરે નાગરિકો અને વહીવટીતંત્રોને પોતાના અધિકારોની સાથે કર્તવ્યનું પાલન કરવા પ્રત્યે જવાબદાર બનવાનું આહવાન કર્યું છે. બંધારણના મહત્વ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાષણના કેટલાંક અંશ પ્રસ્તુત છેઃ

- બંધારણની ભાવના સાથે જોડાવઃ એ આપણા સૌની ફરજ છે કે નાગરિક, શાસન વ્યવસ્થા, સરકારની વચ્ચે સંતુલન બેસાડવાનો સૌથી મોટો કોઈ સ્રોત હોય તો તે છે આપણું બંધારણ.
- બંધારણની વ્યાપકતાઃ આપણા બંધારણની ઓળખ તમામ માટે સમાનતા અને તમામ પ્રત્યે સંવેદનશીલતા છે. આપણું બંધારણ ગરીબ, દલિત, પછાત, વંચિત, આદિવાસી, મહિલા એમ તમામના મુળભૂત અધિકારોનું રક્ષણ કરે છે.
- કર્તવ્ય ભાવનાની પ્રેરણા-જનતા સાથે સંવાદ કરતી વખતે આપણે આપણી ફરજોની વાત કરવાનું ન ભૂલવું જોઇએ. આપણું બંધારણ ભારતના લોકોથી શરૂ થાય છે. આપણે ભારતના લોકો જ તેની તાકાત છીએ. હું જે કંઇ છું તે સમાજ માટે છું, દેશ માટે છું. આ જ કર્તવ્ય ભાવ આપણો પ્રેરણા સ્રોત છે. ●

# આઝાદીના 75 વર્ષ પર આસિયાન દેશો સાથે ભારત મિત્રતા પર્વ નિભાવશે

**ભારત હંમેશા હિન્દ-પ્રશાંત વિસ્તારમાં મુક્ત, સમાવેશી અને ખુલ્લી દરિયાઇ વેપાર વ્યવસ્થાનું હિમાયતી રહ્યું છે. એટલાં માટે જ તાજેતરનાં વર્ષોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક્ટ ઈસ્ટ પોલિસી અંતર્ગત ભારત અને આસિયાન દેશો વચ્ચેનાં પરસ્પર સંબંધોને હંમેશા પ્રાથમિકતા આપી છે. ભારત-આસિયાન 18માં શિખર સંમેલનને સંબોધિત કરતા તેમણે આ સંબંધોને ભારતના પરિપ્રેક્ષ્યમાં અત્યંત મહત્વપૂર્ણ ગણાવ્યા, તો 16મા પૂર્વ એશિયા શિખર સંમેલનમાં બહુપક્ષીયવાદ, નિયમ આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા, આંતરરાષ્ટ્રીય કાયદા અને તમામ દેશોનાં સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાના સમાન મૂલ્યો પ્રત્યે સન્માનની પ્રતિબધ્ધતા દર્શાવી...**

હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં ભૌગોલિક વ્યૂહાત્મક સ્થિરતાનું લક્ષ્ય, તાજેતરનાં વર્ષોમાં ભારત અને આસિયાન દેશો વચ્ચે વ્યૂહાત્મક સહયોગનાં તમામ પરિમાણોનું કેન્દ્રબિંદુ બની ગયું છે. એક્ટ ઈસ્ટ પોલિસી દ્વારા ભારત આસિયાન દેશો સાથે તેના સંબંધોને સતત મજબૂત કરી રહ્યું છે. 70 કરોડથી વધુની વસતિ અને આશરે રૂ. 250 લાખ કરોડથી વધુની જીડીપી સાથે દક્ષિણ પૂર્વ એશિયાના 10 સભ્ય દેશોનું સંગઠન આસિયાન ભારત માટે મહત્વનું રહ્યું છે અને પોતાની સ્થાપના બાદથી હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં ભારતનું મજબૂત વ્યૂહાત્મક ભાગીદાર રહ્યું છે. વર્ષ 2022માં ભારત તેની આઝાદીનાં 75 વર્ષ પૂરાં કરશે ત્યારે ભારત-આસિયાન સંબંધોને પણ 30 વર્ષ પૂરાં થશે. આસિયાન દેશો સાથે 28 ઓક્ટોબરનાં રોજ આયોજિત શિખર સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2022નાં વર્ષને ભારત-આસિયાન મિત્રતા વર્ષ તરીકે મનાવવાની જાહેરાત કરી. પોતાના સંબોધનમાં વડાપ્રધાન મોદીએ કહ્યું, "ઈતિહાસ સાક્ષી છે કે ભારત અને આસિયાન વચ્ચે હજારો વર્ષોથી જીવંત સંબંધ રહ્યા છે. તેની ઝલક આપણાં સમાન મૂલ્યો, પરંપરાઓ, ભાષાઓ, ગ્રંથ, વાસ્તુકલા, સંસ્કૃતિ, ખાણી-પીણીમાં વર્તાય છે. તેથી આસિયાનની એકતા ભારતની પ્રાથમિકતા રહી છે." તેનાં એક દિવસ પહેલાં જ 27 ઓક્ટોબરનાં રોજ પૂર્વ એશિયાના શિખર સંમેલનને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "ભારત હંમેશા સ્વતંત્ર, ખુલ્લા અને સમાવેશી હિન્દ-પ્રશાંત વિસ્તારમાં આસિયાન કેન્દ્રીયતાના સિદ્ધાંત પર ફોકસ કરીન પ્રાથમિકતા આપતું રહ્યું છે." ●




**પ્રજાસત્તાક દિવસ પર પણ ભારતે આસિયાન દેશોની યજમાની કરી હતી**

આસિયાન એટલે કે 'એસોસિએશન ઓફ સાઉથ ઈસ્ટ એશિયન નેશન' 10 મહત્વનાં દેશોનો સમૂહ છે. 1967માં ઈન્ડોનેશિયા, મલેશિયા, ફિલિપાઈન્સ, સિંગાપુર અને થાઈલેન્ડે આ સંગઠનની શરૂઆત કરી હતી, પછીથી તેમાં બ્રુનેઈ, કંબોડીયા, લાઓસ, મ્યાંમાર અને વિયેતનામને સામેલ કરવામાં આવ્યા. ઘણાં મહત્વનાં માપદંડોમાં ભારત અને આસિયાનનાં વિચારો એક સમાન છે. આ વિસ્તારમાં શાંતિ, સલામતી સાથે ખુલ્લી, સંતુલિત અને સમાવેશી માન્યતા પર પણ બંને એકમત છે. લુક ઈસ્ટ નીતિ અંતર્ગત ભારતે આસિયાન દેશો સાથે પોતાના સંબંધોને સુધાર્યા છે, તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક્ટ ઈસ્ટ નીતિ સાથે પોતાના સંબંધોને નવું સ્વરૂપ આપતાં 2017માં પ્રજાસત્તાક દિવસની પરેડ માટે મુખ્ય મહેમાન તરીકે તમામ આસિયાન દેશોને આમંત્રણ આપીને આ સંબંધોને વિસ્તૃત કર્યા હતા. આ સાથે જ, 2019માં ઈન્ડો-પેસિફિક ઓશન ઈનિશિયેટિવની શરૂઆત કરીને ભારતે આ સંબંધોને વધુ ગાઢ બનાવ્યા. આસિયાન દક્ષિણ પૂર્વ એશિયાના 10 દેશોનું સંગઠન છે, તો પૂર્વ એશિયા શિખર સંમેલન હિન્દ-પ્રશાંત વિસ્તારમાં અગ્રણી નેતાઓનું નેતૃત્વ ધરાવતો મંચ છે. તેમાં 10 આસિયાન સભ્ય દેશો ઉપરાંત ભારત, ચીન, જાપાન, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, અમેરિકા અને રશિયાનો સમાવેશ થાય છે. 2005માં સ્થાપના બાદ તેણે પૂર્વ એશિયાના વ્યૂહાત્મક અને ભૂ-રાજકીય વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે.

# ઉત્તરપ્રદેશને મેડિકલ કોલેજો અને એરપોર્ટની ભેટ

**વસતિના સંદર્ભમાં દેશનું સૌથી મોટું રાજ્ય ઉત્તરપ્રદેશ હંમેશા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રાથમિકતાઓમાં રહ્યું છે. એટલાં માટે જ 20 ઓક્ટોબરે બૌધ્ધ પર્યટન સરકિટનાં સૌથી મહત્વના સ્થળ તરીકે તેમણે કુશીનગર આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો પ્રારંભ કરીને ઉત્તરપ્રદેશને વિકાસનો નવો 'રનવે' સોંપ્યો, તો 25 ઓક્ટોબરે સિધ્ધાર્થનગરથી રાજ્યમાં નવ નવી મેડિકલ કોલેજની શરૂઆત કરીને પૂર્વાંચલને આરોગ્ય ક્ષેત્રમાં આત્મનિર્ભરતાનો નવો રોડમેપ સોંપ્યો. સમગ્ર દેશમાં બ્લોકથી શહેરો સુધી આરોગ્યના માળખામાં ક્રાંતિકારી પરિવર્તનની પહેલ તરીકે વડાપ્રધાને વારાણસીથી 'આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજના'ની શરૂઆત કરી....**



કોઈ પણ દેશ માટે ઉત્તમ આરોગ્ય સેવાઓ અને સારી માળખાકીય સુવિધાઓ પાયાની જરૂરિયાત હોય છે. સામાન્ય માણસો પ્રત્યે કેન્દ્ર સરકારની પ્રતિબધ્ધતાને પગલે દેશના આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરની સ્થિતિ બદલવાનું બીડું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉઠાવ્યું છે. કોવિડ જેવી મહામારીમાં પણ આરોગ્ય ક્ષેત્રે કામ ચાલુ રહ્યું, ઉલ્ટાનું વધુ ઝડપથી આગળ વધી રહ્યું છે. રૂ. 107 લાખ કરોડનાં ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન દ્વારા દેશનાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં નવો અધ્યાય લખવામાં આવ્યો. એ પહેલાં બજેટમાં 137 ટકા વધારા સાથે આરોગ્યનું માળખું સુધારવાનો પણ પ્રારંભ કરવામાં આવ્યો. કેન્દ્ર સરકાર આ બંને સેક્ટરમાં નોંધપાત્ર સુધારા સાથે આગળ વધી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "એક સમય હતો, જ્યારે આઝાદીથી 2014 સુધી દેશની મેડિકલ કોલેજોમાં

> **આગામી 10-12 વર્ષમાં દેશને ઘણાં ડોક્ટર મળવાં જઈ રહ્યા છે, જે સ્વતંત્રતા પછીના 70 વર્ષમાં મેડિકલ કોલેજમાથી સ્નાતક થનારા ડોક્ટરોની સંખ્યાથી વધુ હશે. યુપીમાં જેટલી ઝડપથી નવી મેડિકલ કોલેજો શરૂ થવા જઈ રહી છે, તેની સકારાત્મક અસર મેડિકલ સીટો અને ડોક્ટરોની સંખ્યા પર પડશે. સીટોની સંખ્યા વધુ રહેવાને કારણે હવે ગરીબ માતા-પિતાના બાળકો પણ ડોક્ટર બનવાનું સપનું જોઈ શકે છે અને તેને પૂરું કરી શકે છે.**
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

આશરે 90,000 સીટો હતી. પણ છેલ્લાં સાત વર્ષમાં અમે 60,000થી વધુ નવી સીટો ઉમેરી છે. મારી ઈચ્છા છે કે દેશના દરેક જિલ્લામાં એક મેડિકલ કોલેજ હોય."

## હવે ઉત્તરપ્રદેશ અને પૂર્વાંચલ આરોગ્યમાં આત્મનિર્ભર બનશે

ઉત્તરપ્રદેશનો સૌથી મહત્વપૂર્ણ હિસ્સો પૂર્વાંચલ 28 જિલ્લા ધરાવતો હોવા છતાં આ વિસ્તાર વિકાસના મામલામાં ઘણો પાછળ રહી ગયો હતો. સિધ્ધાર્થનગરમાં મેડિકલ કોલેજનું ઉદઘાટન કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, "યુપી અને પૂર્વાંચલમાં આસ્થા, આધ્યાત્મ અને સામાજિક જીવન સાથે સંકળાયેલો વારસો છે. આ વારસાને સ્વસ્થ, સક્ષમ અને સમૃધ્ધ ઉત્તરપ્રદેશના ભવિષ્ય સાથે પણ જોડવામાં આવી રહ્યો છે. જે પૂર્વાંચલને અગાઉની સરકારોએ બિમારીનો સામનો કરવા છોડી દીધું હતું, એ હવે પૂર્વ ભારતનું મેડિકલ હબ બનશે. આ ધરતી હવે દેશને બિમારીઓ સામે બચાવનારા અનેક ડોક્ટર આપવાની છે. જે પૂર્વાંચલની છબી ભૂતકાળની સરકારોએ ખરાબ કરી દીધી હતી, જે પૂર્વાંચલને મગજના તાવથી થતાં દુઃખદ મોતને કારણે બદનામ કરવામાં આવી હતી, એ જ પૂર્વાંચલ, એ જ ઉત્તરપ્રદેશ પૂર્વભારતને આરોગ્યનો નવો પ્રકાશ આપવાનું છે."

## પ્રધાનમંત્રી આત્મનિર્ભર સ્વસ્થ ભારત એટલે કે શહેરોથી બ્લોક સુધી આરોગ્ય માળખાને બદલવાની શરૂઆત

પ્રધાનમંત્રી આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજનાની જાહેરાત નાણાં મંત્રી નિર્મલા સીતારામને ફેબ્રુઆરીમાં રજૂ કરેલા બજેટમાં કરી હતી. આ અંતર્ગત દેશમાં આરોગ્યનાં માળખાને મજબૂત કરવા પર ફોકસ કરવામાં આવી રહ્યું છે. પાંચ વર્ષોમાં તેની પાછળ રૂ. 64,180 કરોડનો ખર્ચ કરવામાં આવશે. 25 ઓક્ટોબરનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીમાં આ યોજનાની શરૂઆત કરતા કહ્યું હતું, "આઝાદી પછી આરોગ્ય અને સ્વાસ્થ્યની સુવિધા પર એટલું ધ્યાન નથી આપવામાં આવ્યું જેટલું

## 9 મેડિકલ કોલેજોમાં 2,500 બેડ મળશે

### 5,000થી વધુ ડોક્ટર અને પેરામેડિકલ સ્ટાફ માટે રોજગારની તકો




આપવું જોઈતું હતું. હેલ્થકેર સિસ્ટમમાં ખામીને કારણે ગરીબ અને મધ્યમ વર્ગ વંચિત રહેતો હતો. આ અભાવને દૂર કરવા યોજના દૂરનો ઉકેલ છે. મહામારીનો સામનો કરવા આપણે તૈયાર રહીએ, સક્ષમ બનીએ, એ માટે હેલ્થકેર સિસ્ટમ તૈયાર કરવામાં આવી રહી છે. ગામથી માંડીને બ્લોક, જિલ્લા, પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તર સુધી ક્રિટિકલ હેલ્થકેર મજબૂત થાય તે લક્ષ્ય છે. મિશનના ત્રણ પાસાં છે. ડાયગ્નોસ્ટિક સિસ્ટમ અંતર્ગત હેલ્થ અને વેલનેસ સિસ્ટમની સાથે મફતમાં બિમારીનું નિદાન કરવામાં આવશે. સમયસર બિમારીનું નિદાન થાય તો ગંભીર થવાની સંભાવના ઘટી જશે. તેની સારવાર માટે 600થી વધુ જિલ્લાઓમાં ક્રિટિકલ કેર માટે બેડ તૈયાર કરવામાં આવશે. 125 જિલ્લાઓમાં રેફરલ સેવા આપવામાં આવશે. તાલીમ અને ક્ષમતા નિર્માણ કરવામાં આવશે. સર્જરી સાથે સંકળાયેલું નેટવર્ક 24 કલાક માટે તૈયાર હશે. રોગોની તપાસ સાથે સંકળાયેલું ટેસ્ટિંગ નેટવર્ક બીજું પાસુ છે. જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ થશે. 730 જિલ્લામાં ઈન્ટીગ્રેટ સિસ્ટમ ડેવલપ થશે. આ નેટવર્કનું વધુ સશક્તિકરણ થશે. ત્રીજુ પાસુ, રિસર્ચ સંસ્થાઓને સશક્ત બનાવવાનું છે. તેનાં દ્વારા દેશનાં ખૂણે ખૂણેમાં સારવારથી માંડીને ઈકોસિસ્ટમ વિક્સિત કરવામાં આવશે."


વારાણસીમાં આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજનાની શરૂઆત પ્રસંગે વડાપ્રધાનનું સંબોધન સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો.

# પીએમ આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજનાથી દેશનું આરોગ્ય માળખું બદલાશે

- વિશેષ ફોકસ ધરાવતા 10 રાજ્યોમાં 17,788 ગ્રામીણ સ્વાસ્થ્ય કેન્દ્રો માટે મદદ
- તમામ રાજ્યોમાં 11,024 આરોગ્ય અને કલ્યાણ કેન્દ્રોની સ્થાપના.
- તમામ જિલ્લાઓમાં એકીકૃત જાહેર આરોગ્ય પ્રયોગશાળાઓ અને વિશેષ ફોકસ ધરાવતા 11 રાજ્યોના 3382 બ્લોકમાં જાહેર આરોગ્ય એકમોની સ્થાપના.
- દેશનાં 602 જિલ્લા અને 12 કેન્દ્રીય સંસ્થાઓમાં ક્રિટિકલ કેર હોસ્પિટલ બ્લોકની સ્થાપના. રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર (NCDC)ની પાંચ પ્રાદેશિક શાખાઓ અને મહાનગરના 20 આરોગ્ય દેખરેખ કેન્દ્રોને મજબૂત કરવામાં આવશે.
- જાહેર આરોગ્ય પ્રયોગશાળાઓને જોડવા માટે તમામ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોમાં એકીકૃત આરોગ્ય માહિતી પોર્ટલનું વિસ્તરણ. 17 નવાં જાહેર આરોગ્ય એકમો શરૂ કરાશે અને 33 વર્તમાન જાહેર આરોગ્ય એકમોને મજબૂત કરવામાં આવશે, જે 32 એરપોર્ટ, 11 પોર્ટ અને સાત લેન્ડ ક્રોસિંગ પર આવેલા છે. 15 હેલ્થ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર અને બે મોબાઈલ હોસ્પિટલોની સ્થાપના.

## આ યોજનાથી થનારા ફાયદા

આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજનાનો લક્ષ્ય બ્લોક, જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તર પર આઈટી આધારિત ડિસીઝ મોનિટરીંગ સિસ્ટમ વિક્સાવવાનો છે, જેના અંતર્ગત આ વિસ્તારોની લેબોરેટરીઝનું નેટવર્ક વિક્સાવવામાં આવશે. આ માટે આરોગ્ય એકમોને મજબૂત કરવામાં આવશે, બિમારીનું અસરકારક રીતે નિદાન અને તપાસ કરવામાં આવશે, રોગને ફેલાતો રોકવામાં આવશે. તેનાં દ્વારા રાષ્ટ્રીય આરોગ્ય નીતિ (NHP), 2017ની ભલામણો અનુસાર તબક્કાવાર રીતે 2025 સુધી જાહેર આરોગ્ય ખર્ચને જીડીપીનાં 1.15 ટકાથી વધારીને 2.5 ટકા કરવાનો લક્ષ્ય છે.




## વારાણસીઃ રૂ. 5,200 કરોડની ભેટ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આત્મનિર્ભર સ્વસ્થ ભારત અભિયાનની શરૂઆત કરી હતી. આ પ્રસંગે તેમણે વારાણસીને લગભગ રૂ. 5,200 કરોડનાં પ્રોજેક્ટ્સ ભેટ આપ્યા. તેમાં પ્રાથમિક સુવિધાઓ, પર્યટન, કૃષિ સાથે સંકળાયેલી અને પૂરા થયેલા 28 પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. આનાથી પ્રયાગરાજ, લખનઉ, બિહાર સુધીના વેપારને ફાયદો થશે.

ઉત્તરપ્રદેશમાં 9 મેડિકલ કોલેજના ઉદઘાટન પ્રસંગે વડાપ્રધાનનું સંબોધન સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો.

## કુશીનગર આંતરરાષ્ટ્રીય વિમાનમથકની શરૂઆત

# સપનાની ફ્લાઇટનું ટેક-ઓફ




**લાંબા સમય સુધી વિકાસથી વંચિત ઉત્તરપ્રદેશ હવે નવી દ્રષ્ટિ સાથે દેશ-દુનિયામાં નવી ઓળખ બનાવી રહ્યું છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સમન્વયથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ અને જાહેર સુવિધાઓને છેવાડના માણસ સુધી પહોંચાડવાની કામગીરી થઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બૌધ્ધ સરકિટ અંતર્ગત આવતા કુશીનગર આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું ઉદઘાટન કર્યું હતું. આ સાથે ઉત્તરપ્રદેશમાં શીડ્યુલ્ડ પેસેન્જર ફ્લાઇટ ઓપરેટ કરાતા એરપોર્ટની સંખ્યા વધીને નવ થઈ છે. કુશીનગર ખાતે ભગવાન બુધ્ધનું મહાપરિનિર્વાણ થયું હતું**

ભવિષ્યને ધ્યાનમાં રાખીને માળખાકીય સુવિધાઓનું નિર્માણ સરકારની પ્રાથમિકતાઓમાં સામેલ છે. દેશના દરેક રાજ્ય, દરેક વિસ્તાર આધુનિક અને મલ્ટીમોડલ કનેક્ટિવિટી સાથે જોડાય એવા નિર્ધાર સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવા આઝાદીના અમૃત કાળમાં ગતિ આપવા માટે પીએમ ગતિશક્તિ યોજનાની શરૂઆત કરવામાં આવી છે, જેથી વિવિધ મંત્રાલયો અને વિભાગો સાથે સંકલન કરીને નિર્વિઘ્ને વિકાસ થઈ શકે. આવા જ વિચાર સાથે દેશનાં વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવતા ઉડ્ડયન સેક્ટરે તાજેતરનાં વર્ષોમાં અભૂતપુર્વ પ્રગતિ કરી છે. સ્વતંત્રતાથી 2014 સુધી માત્ર 74 એરપોર્ટ હતા, જ્યારે છેલ્લાં સાત વર્ષમાં 62 નવા એરપોર્ટ કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. ઉડાન યોજના અંતર્ગત આજે ટિયર-થ્રી શહેરોમાં રહેનારા સામાન્ય લોકો પણ વિમાન યાત્રા દ્વારા દેશ-વિદેશથી જોડાઈ ગયા છે.

સરકારના આ પ્રયત્નોનો લાભ ખાસ કરીને ઉત્તરપ્રદેશને થયો છે. રાજ્યમાં ઉડાન અંતર્ગત આગરા, હિન્ડન, કાનપુર, બરેલી અને પ્રયાગરાજ એરપોર્ટ સેવા આપી રહ્યાં છે. થોડાં મહિનાઓ બાદ અલીગઢ, ચિત્રકુટ, મુરાદાબાદ, મયુરપુર અને શ્રાવસ્તીમાં એરપોર્ટ તૈયાર થઈ જશે.

કેન્દ્ર અને રાજ્ય સરકાર વૈશ્વિક સ્તરનાં રોડ, રેલ અને હવાઈ સંપર્ક દ્વારા બૌધ્ધ સર્કિટનાં સમગ્ર વિકાસ માટે સતત પ્રયાસ કરી રહી છે. ભગવાન બુધ્ધએ 2500 વર્ષ પહેલાં જ્યાં પરિનિર્વાણ પ્રાપ્ત કર્યું હતું તે કુશીનગરની પવિત્ર ભૂમિ પર આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સુવિધાથી દેશ અને વિદેશ, ખાસ કરીને દક્ષિણ એશિયા અને દક્ષિણ-પૂર્વ એશિયાના બૌદ્ધ ધર્મના અનુયાયીઓ અને પર્યટકો સરળતાથી કુશીનગરની યાત્રા કરી શકશે. કુશીનગર એરપોર્ટ શરૂ થવાથી મહાપરિનિર્વાણ મંદિરની સાથે સાથે આ વિસ્તારમાં બૌધ્ધ ધર્મ સાથે સંકળાયેલા મહત્વનાં સ્થળો જેવા કે સારનાથ, શ્રાવસ્તી, સંકિસા અને લુમ્બિની જવું પર્યટકો માટે સરળ બનશે.

- કુશીનગર એરપોર્ટ પર આંતરરાષ્ટ્રીય ફ્લાઇટના સંચાલન માટે 3600 સ્કવેર કિલોમીટરનાં નવા ટર્મિનલનું નિર્માણ માત્ર પાંચ મહિનાના વિક્રમ સમયમાં કરવામાં આવ્યું છે.
- આ ટર્મિનલમાં એક સમયે 300 પ્રવાસીઓની ક્ષમતા છે. આ એરપોર્ટનો રન-વે એરબસ-321 અને બોઇંગ-737 સહિતનાં વિમાનો ઓપરેટ કરવા સક્ષમ છે.
- એરપોર્ટના વિકાસથી પર્યટન અને હોસ્પિટાલિટી સેક્ટરને પ્રોત્સાહન મળશે, સાથે સાથે આજુબાજુનાં જિલ્લાઓની બે કરોડથી વધુ વસતિને વિમાન માર્ગે જોડાવાની તક મળશે.
- આનાથી અહીં રોકાણ વધશે, રોજગાર અને વેપારની તકો મળશે. સાથે સાથે, સ્થાનિક ચીજવસ્તુઓની નિકાસ પણ થઈ શકશે.
- કુશીનગર એરપોર્ટ નેશનલ હાઇ-વે નંબર 28થી માત્ર પાંચ કિલોમીટર અને પડરૌના રેલવે સ્ટેશનથી 18 કિ.મી દૂર આવેલું છે. મલ્ટીમોડલ કનેક્ટિવિટીને કારણે તેનાં વિકાસને નવી ગતિ મળશે.
- કેબિનેટની મંજૂરીના માત્ર એક વર્ષની અંદર તેનું ઉદઘાટન થયું છે. દક્ષિણ એશિયન દેશો સાથે સીધો હવાઈ સંપર્ક
- લુમ્બિની, સારનાથ અને ગયામાં તીર્થસ્થાન સહિત બૌધ્ધ સરકિટનો વિકાસ. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓના આગમનમાં વધારો થશે. ગવર્મેન્ટ મેડિકલ કોલેજ સહિત 12 પ્રોજેક્ટ્સનું શિલારોપણ કરવામાં આવ્યું.

ઉત્તરપ્રદેશના કુશીનગરમાં વિવિધ યોજનાઓનાં ઉદઘાટન પ્રસંગે વડાપ્રધાનનું સંબોધન સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો.

# વિશ્વનાં સૌથી મોટાં, સૌથી ઝડપી અને મફત રસીકરણ કેમ્પેઇનનો રેકોર્ડ



## દેશના આરોગ્ય માળખાંને મજબૂત કરવા માટે છેલ્લાં દોઢ વર્ષથી કરવામાં આવેલા પ્રયત્નોનું પરિણામ આપણી સામે છે. ભારત મહામારી સામે લડવા નવું તંત્ર તૈયાર કરી રહ્યું છે.

**ગુજરાતીમાં એક શબ્દ છે –'ગોકળગાયની ગતિ'. જ્યારે કોઈ વ્યક્તિ અત્યંત ધીમી ગતિથી કામ કરે ત્યારે તેને ગોકળગાયની ગતિ કહેવામાં આવે છે. એક સમયે આ શબ્દ અત્યંત ધીમી ગતિથી થતી સરકારી કાર્યશૈલીનો પર્યાય બની ગયો હતો. પણ કોવિડ જેવી વૈશ્વિક મહામારી વચ્ચે ભારતની રસીકરણની ઝડપે આ કહેવતનો અર્થ બદલી નાખ્યો છે. પહેલાં એક રસી બનાવવામાં 9-10 વર્ષ થઈ જતાં હતા, પણ ભારતે માત્ર નવ મહિનામાં જ બે-બે સ્વદેશી રસી શોધી હતી અને હવે 100 કરોડ રસી લગાવવાનો વિક્રમ પ્રસ્થાપિત કર્યો છે. તેની પાછળનું મોટું કારણ આત્મવિશ્વાસ છે, જે કોઈ પણ અભિયાનનો મુળ આધાર હોય છે અને આ આત્મવિશ્વાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાંથી આવે છે, જે વર્તમાન પડકારો અને સમસ્યાઓનો સામનો કરીને તેનો ઉકેલ લાવવામાં વિશ્વાસ રાખે છે...**

**कृतम् मे दक्षिणे हस्ते, जयो मे सव्यआहितः।**

અથર્વવેદનાં આ સૂત્રનો અર્થ છે- મારા જમણા હાથમાં કર્મ છે અને ડાબા હાથમાં વિજય. 22 ઓક્ટોબરનાં રોજ રાષ્ટ્રને સંબોધન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ શબ્દો સાથે પોતાના સંબોધનની શરૂઆત કરી ત્યારે કોવિડ કાળની શરૂઆતથી લઈને 100 કરોડ વેક્સિન ડોઝના વિશ્વ ઇતિહાસ સુધી પહોંચવા સુધીની ભારતની યાત્રા અંગે જણાવ્યું. તેમણે કહ્યું, "આજે ઘણાં લોકો ભારતના રસીકરણની સરખામણી વિશ્વના બીજા દેશો સાથે કરી રહ્યા છે. ભારતે જે ઝડપથી 100 કરોડ એટલે કે એક અબજનો આંકડો પાર કર્યો છે, તેની

100 કરોડ રસીકરણ અંગે વડાપ્રધાને કરેલા રાષ્ટ્રજોગ સંબોધનને સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

# સદીની સૌથી મોટી મહામારી વિરુદ્ધ નિર્ણાયક પગલાં લેતાં ભારતની રસીકરણની ઝડપની વિશ્વએ પ્રશંસા કરી

પ્રશંસા પણ થઈ રહી છે. પણ, આ વિશ્લેષણમાં એક વાત રહી જાય છે કે આપણે આ શરૂઆત ક્યાંથી કરી છે?"

હકીકતમાં, વિશ્વના બીજા મોટા દેશો રસી પર સંશોધન કરવામાં પાવરધા હતા અને ભારત મોટા ભાગે આ દેશોએ બનાવેલી રસી પર આધાર રાખતો હતો. એવામાં જ્યારે 100 વર્ષની સૌથી મોટી મહામારી આવી ત્યારે ભારત પર સવાલ ઉઠવા લાગ્યા. શું ભારત આ વૈશ્વિક મહામારી સામે લડી શકશે? ભારત બીજા દેશો પાસેથી આટલી બધી રસી ખરીદવા માટે ક્યાંથી પૈસા લાવશે? ભારતને રસી ક્યારે મળશે? ભારતના લોકોને રસી મળશે કે નહીં? શું ભારત આટલી મોટી વસતિને રસી લગાવી શકશે જેનાથી મહામારીનું સંક્રમણ થતું રોકાય? ઘણાં સવાલ હતા, પણ 21 ઓક્ટોબરનાં રોજ ભારતે સૌથી ઓછાં સમયમાં 100 કરોડ રસીના ડોઝ આપીને દરેક સવાલનો જવાબ આપી દીધો. 100 કરોડ રસીના ડોઝ અને એ પણ મફત. આ માત્ર એક આંકડો નથી. દેશની તાકાતનું પ્રતિબિંબ છે, ઈતિહાસમાં નવા અધ્યાયની રચના છે. આ એ નવા ભારતની તસવીર છે જે અઘરાં લક્ષ્ય નિર્ધારિત કરીને તેને હાંસલ કરવાનું જાણે છે. આ એ નવા ભારતની તસવીર છે, જે પોતાના સંકલ્પોની સિધ્ધિ માટે પરિશ્રમની ચરમસીમા સુધી પહોંચે છે. 100 કરોડ ડોઝની એક અસર એ પણ પડશે કે વિશ્વ હવે ભારતને કોરાનાથી વધુ સલામત માનશે. એક ફાર્મા હબ તરીકે ભારતને વિશ્વની જે સ્વીકૃતિ મળી છે, તેને વધુ મજબૂતી મળશે. સમગ્ર વિશ્વ આજે ભારતની આ તાકાતને જોઈ રહ્યું છે, અનુભવી રહ્યું છે.રસી લગાવવાના મામલામાં ભારતની ઝડપનો અંદાજ તેનાં પરથી પણ લગાવી શકાય છે કે યુરોપિયન યુનિયન, આરબ લીગ, નાટો, જી-7, આસિયાન જેવા દેશોની દૈનિક સરેરાશથી ભારત ઘણું આગળ છે. આજે ભારત દિવસમાં એક કરોડથી વધુ ડોઝ લગાવવાની પોતાની ક્ષમતા દર્શાવી રહ્યું છે, જ્યારે જાપાનને આટલાં ડોઝ લગાવવામાં આઠ દિવસ, અમેરિકાને 11 દિવસ, જર્મનીને 45 દિવસ. ઈઝરાયેલને 104 દિવસ અને ન્યૂઝીલેન્ડને 124 દિવસ લાગે છે. ઉત્તરપ્રદેશ, ગુજરાત, કર્ણાટક, મધ્યપ્રદેશ, હરિયાણા જેવા અનેક રાજ્યોએ વિશ્વનાં અનેક દેશો કરતાં વધુ સરેરાશ ડોઝ લગાવ્યા. એટલાં માટે જ રસી લગાવવાને મુદ્દે ભારત આજે વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે.

હેલ્થ વર્કર્સથી માંડીને વૈજ્ઞાનિકોની મહેનતનું પરિણામ

## રસી નિર્માતાઓની મહત્વપૂર્ણ ભૂમિકા

ભારતની આ સિધ્ધિમાં મહત્વનાં ભાગીદાર તરીકે એ રસી ઉત્પાદકો પણ છે, જેમને કારણે આ લક્ષ્ય પૂરું થઈ શકયું. હવે પછી ભારત રસી ઉત્પાદનનું વૈશ્વિક હબ બનવાની દિશામાં અગ્રેસર છે. 23 ઓક્ટોબરનાં રોજ વડાપ્રધાન નિવાસસ્થાને દેશમાં કોવિડ રસી બનાવનારા આ સાત ઉત્પાદકો સાથેની વાતચીતમાં વડાપ્રધાને તેનો ઉલ્લેખ કરતા કહ્યું, "રસીકરણ અભિયાનની સફળતાને જોતાં સમગ્ર વિશ્વ ભારત તરફ જોઈ રહ્યું છે. ભવિષ્યના પડકારોનો સામનો કરવા તૈયાર રહેવા માટે રસી ઉત્પાદકોએ સતત સાથે મળીને કામ કરતા રહેવું જોઈએ."
સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના સીઈઓ અદાર પુનાવાલાએ કહ્યું, "ભારતની 100 કરોડ રસીની સફળતા સીમાચિહ્ન છે. આપણા વડાપ્રધાનના અભિગમ અને દિશાનિર્દેશમાં અમે સફળતા મેળવી છે. વડાપ્રધાન પોતાના કાર્યમાં મક્કમ રહ્યા અને બધાંને ઝડપથી આગળ વધાર્યા. સરકાર સાથે ઉદ્યોગે મળીને કામ કર્યું, તેથી અમે 100 કરોડ રસીકરણના આંક સુધી પહોંચી શક્યા."





100 કરોડ રસીનો આંક બહુ મોટો જરૂર છે, પણ તેની સાથે લાખો નાના-મોટા પ્રેરણાદાયી અને ગર્વથી સભર અનેક અનુભવ, અનેક ઉદાહરણ જોડાયેલા છે. બહુ બધા લોકો પત્ર લખીને મને પૂછી રહ્યા છે કે રસીકરણના પ્રારંભની સાથે જ મને કઈ રીતે વિશ્વાસ થઈ ગયો હતો કે આ અભિયાનને આટલી મોટી સફળતા મળશે? મને એ દ્રઢ વિશ્વાસ એટલાં માટે હતો કારણ કે હું મારા દેશ, મારા દેશના લોકોની ક્ષમતાઓથી સુપરિચિત છું.

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

ભયાનક પૂર વચ્ચે પણ બિહારમાં 'ટીકેવાલી નાવ' (રસી લગાવતી હોડી) દ્વારા લોકોને રસી લગાવતા જોઈને દેશ-દુનિયાને પણ આશ્ચર્ય થયું હતું. દુર્ગમ પહાડો, અંતરિયાળ આદિવાસી વિસ્તારો, ભાષા-અને ધર્મની વિવિધતાઓ તથા રસી અંગેની અફવાઓ વચ્ચે રસીકરણમાં ભારતે અસાધારણ ઝડપથી રસી લગાવીને વિક્રમ સર્જી દીધો છે. વિવિધતાથી ભરેલા દેશની અઘરી ભૌગોલિક પરિસ્થિતિઓમાં જનસંવાદ અને જનભાગીદારી વિશ્વનાં સૌથી મોટા રસીકરણ અભિયાનનો આધાર બની ગઈ છે, જે કોવિડ જેવી વૈશ્વિક મહામારી વિરુદ્ધ જીવન સલામતી અને માનવ સભ્યતાને બચાવવાનું પ્રતીક બની છે. 100 કરોડ રસીની ઐતિહાસિક સિધ્ધિના પાયામાં ભારતના વૈજ્ઞાનિક, ફ્રન્ટલાઇન વર્કર્સ, હેલ્થવર્કર્સથી માંડીને એ તમામ લોકોનો પ્રયાસ સામેલ છે, જેમને કારણે આ શક્ય બની શક્યું છે. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીની રામમનોહર લોહિયા હોસ્પિટલમાં 100 કરોડ ડોઝની ઐતિહાસિક ક્ષણ પર હેલ્થવર્કર્સને મળીને આભાર પ્રગટ કર્યો. 'મનકી બાત' કાર્યક્રમમાં પણ તેમણે અનેક હેલ્થવર્કર્સ સાથે સંવાદ કર્યો હતો. ઉત્તરાખંડના બાગેશ્વર જિલ્લાના ચાની કોરોલી સેન્ટર પર કામ કરી રહેલા એએનએમ પુનમ નૌટિયાલે વડાપ્રધાન સાથેના સંવાદમાં રસીકરણમાં એ પડકારોનો ઉલ્લેખ કર્યો જેને પાર કરીને ઉત્તરાખંડ 100 ટકા પ્રથમ ડોઝ લેનાર રાજ્ય બન્યું છે. પુનમે કહ્યું, "ક્યારેક વરસાદને કારણે રોડ બંધ થઈ જતો હતો. રસીકરણ માટે અનેક વાર નદી પાર કરવી પડી. ડુંગરાળ વિસ્તારોમાં 8થી 10 કિલોમીટર રોજ ચાલવું પડતું હતું. આટલી મુશ્કેલી છતાં અમે સંકલ્પ લીધો હતો કે એક પણ વ્યક્તિ રસી વગર ન રહી જવી જોઈએ. અમે લોકોને ઘેર ઘેર જઈને રસી આપી છે. અનેક લોકોને રસી લેવા સમજાવવાં પડ્યાં, પણ અમે લક્ષ્ય પૂરો કરીને જ ઝંપ્યા."

પોતાના વિશેષ લેખમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રસીકરણ કાર્યક્રમનાં પડકારોનો ઉલ્લેખ કરતા લખ્યું, "આજે માત્ર જૂજ દેશોએ જ પોતાની રીતે રસી બનાવી છે. 180થી વધુ દેશો રસી ઉત્પાદકો પર નિર્ભર છે અને એવા ઉત્પાદકોની સંખ્યા જૂજ છે. એટલું જ નહીં, ભારતે 100 કરોડ ડોઝનો અવિશ્વસનીય જાદુઈ આંક સફળતાપૂર્વક પાર કર્યો છે, તો બીજી બાજુ, ડઝનબંધ દેશો રસી મળવાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. તેનો શ્રેય ભારતીય વૈજ્ઞાનિકોને જવો જોઇએ, જેમણે આ પડકારનો સામનો કરવામાં કોઈ કચાશ બાકી નથી રાખી. તેમની ઉત્કૃષ્ટ પ્રતિભા અને ભારે મહેનતને કારણે જ ભારત રસીના મામલે 'આત્મનિર્ભર' બની ગયું છે. ભારત જેવા વિશાળ વસતિ ધરાવતા દેશમાં માત્ર ઉત્પાદન કરવું જ પૂરતું નથી. તેનાં માટે છેવાડાના માણસને રસી લગાવવી અને નિર્વિરોધ

## વિશ્વએ કરી પ્રશંસા

ભારતની આ સફળતા પર માલ્દિવ્સથી માંડીને શ્રીલંકા અને અમેરિકાથી માંડીને ઇઝરાયેલ સુધીનાં તમામ દેશોએ અભિનંદન આપ્યા. વિશ્વ આરોગ્ય સંગઠનના પ્રમુખ ટેડ્રોસ એ ગ્રીબીસીસે કહ્યું, “ભારતે કોરોના મહામારીના સમયમાં કોઈ પક્ષપાત રાખ્યા વગર રસીકરણનું આટલું મોટું લક્ષ્ય હાંસલ કર્યું.” ઇઝરાયેલના વડાપ્રધાન નફ્તાલી બેનેટે અભિનંદન આપતા કહ્યું, “કોવિડ-19 વિરુદ્ધ ભારતનાં સફળ રસીકરણ અભિયાનનું નેતૃત્વ કરવા માટે પીએમ નરેન્દ્ર મોદીને અભિનંદન. તેમણે કહ્યું કે, આ જીવનરક્ષક રસી આપણને કોવિડ મહામારી વિરુધ્ધ ચાલી રહેલી લડાઈ જીતવામાં મદદ કરશે.” અમેરિકાએ કહ્યું, “ભારતના સામૂહિક પ્રયત્નોની આ ઐતિહાસિક જીત છે. તેણે કોરોના સામેની લડાઈ જીતવામાં મોટી ભૂમિકા ભજવી છે.”

## 244 દિવસ બાદ સૌથી ઓછાં કેસો, રસીકરણનો આંક 106 કરોડને પાર

**26 ઓક્ટોબરે કોવિડના 12,428 નવા કોરોના પોઝિટિવ કેસો નોંધાયા હતા, ઓક્ટોબરમાં એક દિવસમાં નોંધાયેલા આ સૌથી ઓછા દૈનિક કેસોની સંખ્યા છે. 248 દિવસ બાદ એક દિવસમાં પોઝિટિવ કેસોની આ સૌથી ઓછી સંખ્યા છે. સાજા થયેલા દર્દીઓની ટકાવારી વધીને હવે 98.19 ટકા થઈ ગઈ છે, તો 1 નવેમ્બર સુધીમાં રસીકરણનો આંક 106 કરોડને પાર થયો છે.**

**106.31** કરોડથી વધુ ભારતનું રસીકરણનું કવરેજ

ભારતમાં કોવિડથી સ્વસ્થ થવાનો વર્તમાન દર હાલમાં 98.20% છે.

પોઝિટિવ દર 0.46 % છે, જે માર્ચ 2020 પછી સૌથી ઓછો છે.

| કોવિડ રસીકરણ | આરોગ્ય કર્મી | ફ્રન્ટલાઇન વર્કર | 18-44 વર્ષ | 45-59 વર્ષ | 60 વર્ષથી વધુ |
|---|---|---|---|---|---|
| પ્રથમ ડોઝ | 1.03 કરોડ | 1.83 કરોડ | 41.89 કરોડ | 17.49 કરોડ | 10.97 કરોડ |
| બીજો ડોઝ | 92.24 લાખ | 1.59 કરોડ | 14.24 કરોડ | 9.64 કરોડ | 6.67 કરોડ |

આંકડા 1 નવેમ્બર, 2021 સુધી

## રસીકરણમાં આત્મનિર્ભર બન્યા બાદ હવે સમગ્ર વિશ્વમાં સૌથી મોટા રસી ઉત્પાદક તરીકે નવી ભૂમિકાની શરૂઆત

લોજિસ્ટીક્સ પર પણ ફોકસ હોવું જોઈએ. આ કામગીરી સામેને પડકારો સમજવા માટે જરા કલ્પના કરો કે રસીની એક શીશીને કઈ રીતે રસીકેન્દ્ર સુધી પહોંચાડવામાં આવે છે. પૂણે કે હૈદરાબાદ સ્થિત કોઈ દવા ફેક્ટરીમાંથી નીકળેલી શીશીને રાજ્યના હબમાં મોકલવામાં આવે છે, જ્યાંથી તેને જિલ્લા હબ સુધી પહોંચાડવામાં આવે છે.

ત્યાંથી તેને રસીકરણ કેન્દ્ર સુધી પહોંચાડવામાં આવે છે. આ કામગીરીમાં રસીને વિમાન અને ટ્રેનો દ્વારા હજારો કિલોમીટર દૂર મોકલવામાં આવે છે. રસીને સલામત રાખવા માટે આ સમગ્ર યાત્રા દરમિયાન તાપમાનને એક ખાસ રેન્જમાં જાળવવું પડે છે, જેનું સેન્ટ્રલ મોનિટરીંગ કરવામાં આવે છે. આ માટે એક લાખથી પણ વધુ કોલ્ડ ચેઇન ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો. રાજ્યોને રસીના વિતરણ કાર્યક્રમની પૂર્વ સૂચના આપવામાં આવી હતી, જેથી તેઓ પોતાના અભિયાનનું પૂરતું આયોજન કરી શકે અને રસી પૂર્વ નિર્ધારિત તારીખે જ તેમનાં સુધી સરળતાપૂર્વક પહોંચી શકે. સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં ચોક્કસપણે આ અભૂતપુર્વ પ્રયાસ છે.

આ તમામ પ્રયાસોને કોવિનના મજબૂત ટેકનિકલ પ્લેટફોર્મને કારણે મોટી મદદ મળી. કોવિન એપને કારણે રસીકરણ અભિયાન પારદર્શક રહ્યું અને દેશમાં કયા કેન્દ્ર પર કેટલાં લોકોને રસી આપવામાં આવી તેનો તમામ ડેટા મળ્યો. આ એપને કારણે એ પણ શક્ય બન્યું કે, એક ગરીબ મજૂર પોતાના ગામમાં પ્રથમ ડોઝ લઈ શકે છે અને એ જ રસીનો બીજો ડોઝ નિશ્ચિત સમય બાદ એ શહેરમાં લઈ શકે છે, જ્યાં તે કામ કરતો હોય.”

આજે રસીકરણની ઝડપમાં ભારત નવાં નવાં વિક્રમ સ્થાપી રહ્યું છે, તો તેનું કારણ એ આરોગ્ય માળખાને મજબૂત બનાવવા માટે સતત કરવામાં આવી રહેલા પ્રયાસ. હવે ભારતની તૈયારી આવી કોઈ પણ મહામારીનો સામનો કરવા માટે આરોગ્ય માળખાને મજબૂત બનાવવાની છે. ભારત આ માટે નવું તંત્ર તૈયાર કરી રહ્યું છે. ●

# આતંકને જવાબ

**કલમ 370ની નાબૂદી સાથે કાશ્મીર ખીણમાં લાખો લોકોના વિકાસનો માર્ગ ખુલ્યો અને ધરતી પરનું સ્વર્ગ ગણાતું કાશ્મીર પણ હવે બીજા રાજ્યોની જેમ ગતિ પકડી રહ્યું છે. 31 વર્ષ પહેલાં પડોશી દેશના નાપાક ઈરાદાઓને કારણે આતંકવાદ શરૂ થયો હતો, ત્યાં હવે વિકાસની નવી ગાથા લખવામાં આવી રહી છે. પોતાની કાશ્મીર યાત્રામાં ગૃહમંત્રી અમિત શાહે વિકાસના પ્રોજેક્ટ્સની શરૂઆત કરી એટલું જ નહીં પણ દેશની ધરતી પરથી આતંકવાદીઓને જડબાતોડ જવાબ પણ આપ્યો. તેઓ આતંકી હુમલામાં શહીદ થયેલા પોલીસ કર્મચારીઓના પરિવારજનોને મળ્યા અને બીએસએફના જવાનો સાથે પણ સમય વીતાવ્યો. મંચ પરથી બુલેટપ્રુફ કાચ હટાવીને તેમણે કહ્યું, હું ખીણના યુવાનો સાથે દોસ્તી કરવા આવ્યો છું...**



## ગૃહમંત્રીએ બુલેટપ્રુફ શીલ્ડ હટાવડાવ્યા, કહ્યું- લોકો ડર કાઢી નાખે



*શ્રીનગરમાં એક જાહેર સભાને સંબોધતા પહેલાં ગૃહ મંત્રી અમિત શાહે બુલેટપ્રુફ ગ્લાસ શીલ્ડ કાઢી નખાવી અને કહ્યું કે નથી મેં બુલેટપ્રુફ જેકેટ પહેર્યું કે નથી કોઈ સિક્યોરિટી. આમ જ તમારી સામે ઊભો છું. ખીણનાં લોકો તેમની અંદરથી ભયને દૂર કરી દે. તમે ભારત સરકાર અને અમારા પર ભરોસો રાખો. પોતાના સંબોધનમાં ગૃહમંત્રીએ સ્પષ્ટ કરી દીધું કે હું પાકિસ્તાન સાથે નહીં, પણ ખીણનાં લોકો સાથે વાતચીત કરશે. તેઓ ખીણના યુવાનો સાથે દોસ્તી કરશે.*

કોઈ પણ ક્ષેત્રમાં પરિવર્તન કરવું હોય તો તે યુવાનોના માધ્યમથી જ થઈ શકે છે. અને જમ્મુ કાશ્મીર જેવા કેન્દ્રશાસિત પ્રદેશથી સારું ઉદાહરણ બીજું કયું હોઈ શકે, જ્યાંની લગભગ 70 ટકા વસતિ યુવાનોની છે અને તેમની ઉંમર 35 વર્ષથી ઓછી છે. જે કાશ્મીરમાં પહેલાં પથ્થરબાજી અને હિંસાના સમાચાર આવતા હતા, ત્યાં આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણમાં જમ્મુ કાશ્મીરનો યુવાન વિકાસ, શિક્ષણ અને રોજગારની વાત કરી રહ્યો છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ ચાર દિવસના જમ્મુ કાશ્મીરના પ્રવાસે ગયા ત્યારે કહ્યું, “કોઈ ગમે એટલું જોર લગાવી દે, પરિવર્તનની આ ધારાને કોઈ રોકી નહીં શકે.” અમિત શાહના આ શબ્દો દર્શાવે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં યુવા શક્તિના મનમાં આશા જગાવીને તેમને વિકાસની ધારમાં જોડીને જમ્મુ કાશ્મીરની શાંતિ અને વિકાસના દૂત બનાવવાનો લક્ષ્ય છે. કાશ્મીરની શાંતિમાં ભંગ પાડનારાઓને ભારતનો આ જડબાતોડ જવાબ છે. આ પ્રવાસ પાછળનો કેન્દ્ર સરકારનો સંકેત હતો કે કાશ્મીરનો યુવક પથ્થર નહીં, પુસ્તક ઉઠાવે, શસ્ત્ર નહીં, સ્પેરપાર્ટ્સ ઉઠાવે અને ઉજ્જવળ ભાવિ બનાવે. એટલાં માટે જ રાજ્યમાંથી અન્યાયી કલમ 370ને નાબૂદ કરીને જનતાને તેમનાં અધિકાર આપવામાં આવ્યા. આને કારણે અહીં અન્યાયનો અંત આવ્યો છે. હવે જમ્મુ

# શહીદોના પરિવારજનો અને જવાનો વચ્ચે એક જ સંદેશ, પરિવર્તનની ધારાને કોઈ નહીં રોકી શકે

- ગૃહમંત્રીએ જમ્મુમાં ભારતની સરહદના અંતિમ ગામ મકવાલ જઈને ગ્રામવાસીઓની સ્થિતિ જાણી. આ ઉપરાંત, બીએસએફના જવાનો સાથે મુલાકાત કરીને તેમની સાથે થોડો સમય વીતાવ્યો. જમ્મુના ગુરુદ્વારા ડિગિયાના આશ્રમમાં માથું નમાવીને તમામ માટે ખુશાલી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી.
- પંચાયત એકાઉન્ટ્સ આસિસ્ટન્સ, ગ્રેડ ચારમાં નિયુક્ત થનારા કર્મચારીઓને એપોઈન્ટમેન્ટ લેટર, પીએમ સ્વનિધિ અને તેજસ્વિની યોજનાના લાભાર્થીઓને નિમણુંક પત્ર અને OTFD હેતુ 500 રાઈટ સર્ટિફિકેટ્સ આપ્યાં
- જમ્મુમાં જાહેર સભાને સંબોધિત કરી અને વિવિધ વિકાસ યોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ પણ કર્યો. જમ્મુમાં આઈઆઈટીના નવા કેમ્પસનું ઉદઘાટન કર્યું. રૂ. 210 કરોડનાં ખર્ચે બનેલા આ કેમ્પસમાં વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણની સાથે સાથે સારી હોસ્ટેલ, જીમ, ઈન્ડોર ગેમ્સ જેવી તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે.
- આતંકવાદીઓ સામે લડતાં શહીદ થયેલાં જવાનો અને આતંકવાદી ઘટનાઓમાં માર્યા ગયેલા નાગરિકોના પરિવારજનો સાથે મુલાકાત કરી. શ્રીનગરથી શારજાહ માટે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટનું ઉદઘાટન કર્યું
- શ્રીનગરમાં સશસ્ત્ર દળો, કેન્દ્રીય પોલિસ દળો, જમ્મુ કાશમીર પોલિસ અને સલામતી એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ સાથે સલામતી અંગે સમીક્ષા બેઠક કરી. જમ્મુ કાશમીર પોલિસના શહીદ જવાન પરવેઝ અહમદ ડારના ઘરે જઈને તેમને શ્રધ્ધાંજલિ આપી.
- શ્રીનગરમાં યુથ ક્લબના સભ્યો સાથે સંવાદ કર્યો. સુફી સંતો સાથે મુલાકાત કરીને સહ-અસ્તિત્વને પુનસ્થાપિત કરવા માટે વ્યાપક ચર્ચા કરી.
- શ્રીનગરમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યો અને જાહેર સભાને સંબોધિત કરી. સીઆરપીએફના કેમ્પમાં રાત્રિ ગાળી અને જવાનો સંબોધન કર્યું. સાથે સાથે, પુલવામામાં આતંકી હૂમલામાં શહીદ થયેલા બહાદુર  જવાનોના પુલવામા શહીદ સ્મારક પર જઈને શ્રધ્ધાંજલિ અર્પણ કરી અને ત્યાં વીર શહીદોની સ્મૃતિમાં વૃક્ષારોપણ કર્યું.

## જમ્મુ કાશમીરમાં વિકાસની ધારા

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જમ્મુ કાશમીરમાં રૂ. 12,000 કરોડનું રોકાણ આવ્યું છે. 2022 સુધી રૂ. 51,000 કરોડનું રોકાણ આવશે.
- ટૂંક સમયમાં શ્રીનગરમાં મેટ્રો રેલનો પ્રારંભ થવાનો છે અને રૂ. 700 કરોડનાં ખર્ચે જમ્મુ એરપોર્ટનો પણ વિકાસ થવાનો છે.
- શ્રીનગરમાં રૂ. 115 કરોડનાં ખર્ચે 500 બેડની હોસ્પિટલનું કામ પુરું, હંદવાડા મેડિકલ કોલેજનો શિલાન્યાસ, રૂ. 4,000 કરોડનાં ખર્ચે રોડ બનાવવાનં કામ પણ શરૂ
- માર્ચ 2020થી માર્ચ 2021 સુધી જમ્મુ કાશમીરમાં 1.31 લાખ પર્યટક આવ્યા, જે સ્વતંત્રતા પછીનો સૌથી મોટો આંકડો છે.
- નવી હેલિકોપ્ટર નીતિ અંતર્ગત જમ્મુ કાશમીરના દરેક જિલ્લામાં હેલિપેડ બનાવીને દરેક જિલ્લાને અરસપરસ જોડવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે.
- શ્રીનગર-શારજાહ વચ્ચે સીધી કનેક્ટિવિટી દ્વારા પર્યટનને પ્રોત્સાહન મળશે. આ ફ્લાઈટથી 11 વર્ષ બાદ શ્રીનગર એરપોર્ટને ફરીથી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરીકેની ઓળખ મળશે.

અને કાશમીર બંનેનો વિકાસ થઈ રહ્યો છે અને હવે અહીંના લોકોને બંધારણનાં તમામ અધિકારો મળી રહ્યા છે અને જમ્મુ કાશમીર શાંતિ, સ્થિરતા, વિકાસ અને સમૃધ્ધિનાં માર્ગ પર ચાલીને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ઉત્સાહભેર પોતાનું યોગદાન આપી રહ્યાં છે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હૃદયમાં વસેલા જમ્મુ કાશમીરના વિકાસ માટે નવા યુગની શરૂઆત શક્ય બની છે અને ત્યાંના લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવું એ તેમની પ્રાથમિકતા બની ગઈ છે. ●

# હવે તમારા શિરે તમારી પોતાની છત

**ઘરની ચાવી સન્માન, આત્મવિશ્વાસ, સુનિશ્ચિત ભવિષ્ય, નવી ઓળખ અને વધતી સંભાવનાઓનાં દ્વાર ખોલે છે. પોતાનાં સપનાના ઘરની આ ચાવી દેશના દરેક ગરીબ અને જરૂરિયાતમંદ પાસે હોય, અને તે પણ આઝાદીના 75 વર્ષ એટલે અમૃત મહોત્સવ પૂરો થાય ત્યાં સુધી, તો એનાથી ઉત્તમ શું હોઈ શકે? આ સપના સાથે વર્ષ 2015માં પ્રધાનમંત્રી આવાસ યોજનાની શરૂઆત થઈ. ત્રણ કરોડથી વધુ પાકા ઘરોના નિર્માણ સાથે બધાંને પાકા ઘરનું સપનું પૂરું કરવાની દિશામાં કાર્ય ચાલી રહ્યું છે...**



આગ્રાની વિમલેશ પહેલાં કાચા અને તૂટેલા મકાનમાં રહેતી હતી. પણ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત તેને નવું અને પાકું ઘર મળી ગયું છે. વિમલેશ કહે છે, "પહેલાં સંબંધીઓ ઘરે આવે ત્યારે શરમ આવતી હતી. એ વિચારવું પણ મુશ્કેલ હતું કે ક્યારેક મારું પણ પોતાનું ઘર હશે. પણ પીએમ આવાસ યોજનાએ અમારા ઘરનું સપનું સાકાર કરી દીધું."

ઉત્તરપ્રદેશના લલિતપુરમાં રહેતી બબીતાની કહાની પણ વિમલેશ જેવી જ છે. કાચા મકાનમાં વરસાદ દરમિયાન ટપકતાં પાણીને કારણે ભોજન બનાવવું મુશ્કેલ હતું. કીડી-મકોડા વચ્ચે રહેવું પણ અઘરું હતું, પણ હવે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મકાન મળ્યા બાદ બબીતા માટે દુઃખના દહાડાનો અંત આવ્યો છે.

જમ્મુની બુઆ દિત્તા, કાનપુરની રામજાનકી પાલ અને ઓડિશાના બલાંગીરનાં 80 વર્ષનાં શિબારિક પણ પીએમ આવાસ યોજનાના લાભાર્થીમાં સામેલ છે. શશી કહે છે, "અમે હવે પાકા મકાનમાં રહીએ છીએ. અમાર જેવા ગરીબ પરિવારોને પાકું

> **મારા જે સાથીઓ ઝૂંપડપટ્ટીમાં જીંદગી જીવતા હતા, તેમની પાસે પાકું છાપરું નહોતું. આવા ત્રણ કરોડ પરિવારોને લખપતિ બનવાની તક મળી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત દેશમાં જે લગભગ ત્રણ કરોડ ઘરો બન્યા છે તેના પરથી કિંમતનો અંદાજ લગાવી શકો છો. તેઓ લખપતિ બન્યા છે.**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

# એ બધું જે તમારે જાણવું જોઇએ

**પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી (PMAY-U) એટલે કે શહેરી મધ્યમ વર્ગને રાહતભરી ભેટ**

આ યોજના 25 જૂન, 2015નાં રોજ લોંચ કરવામાં આવી, જેને ચાર ભાગમાં વહેંચવામાં આવી છે.

**01** ઇન સિટુ રિ-ડેવલપમેન્ટ (ISSR): તેમાં પ્રતિ ઘર એક લાખ રૂપિયાની મદદ કેન્દ સરકાર કરે છે. પ્રાઇવેટ ડેવલપરની મદદથી સ્લમ વિસ્તારમાં રહેતા પરિવારોનું પુનર્વિસન કરવું.

**02** નબળા વર્ગને ક્રેડિટ લિન્ક સબસિડી દ્વારા એફોર્ડેબલ હાઉસિંગ

**03** પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપમાં હાઉસિંગ યોજનાની શરૂઆત કરવામાં આવી છે.

**04** ગરીબો અને સામાન્ય લોકોને ઘર બનાવવા માટે સબસિડી વધારવી

## આ યોજના માટેની લાયકાત શું છે?

- આર્થિક રીતે નબળાં વર્ગ (EWS) , જે પરિવારની વાર્ષિક આવક રૂ. ત્રણ લાખ સુધી છે. મકાન સાઇઝ 30 ચોરસ મીટર
- ઓછી આવક ધરાવતો વર્ગ (LIG)- જે પરિવારની વાર્ષિક આવક રૂ.3-6 લાખ છે.
- મધ્યમ આવક ધરાવતો વર્ગ (MIG)-એવી વ્યક્તિ જેની વાર્ષિક આવક રૂ. 12 લાખથી ઓછી છે. ક્રેડિટ લિન્ક સ્કીમમાં રૂ. 2.35 લાખની સબસિડી મળી શકે છે.
- મધ્યમ આવક ધરાવતો વર્ગ 2 (MIG-2)-એવી વ્યક્તિ જેની વાર્ષિક આવક રૂ. 18 લાખથી ઓછી છે. ક્રેડિટ લિન્ક સ્કીમમાં રૂ. 2.35 લાખની સબસિડીનો લાભ લઈ શકે છે.
- 30 ચોરસ મીટર સુધીનું મકાન જેમાં પાણી, ગટર અને શૌચાલયની સુવિધા હોય.
- ઓછી આવક ધરાવતો વર્ગ (LIG) અને આર્થિક રીતે નબળાં વર્ગ (EWS)ને વ્યાજની રકમમાં રૂ. 1 લાખ-2.30 લાખની સબસિડી મળે છે. પોતાનાં મકાનના પુનર્નિમાણ માટે રૂ. 1.5 લાખ સુધીની મદદ મળશે.

**તમે આ રીતે ક્રેડિટ લિન્ક્ડ સબસિડી સ્કીમમાં અરજી કરી શકો છો**

તમે કોમન સર્વિસ સેન્ટરમાં જઈને આધાર અને ફોટો સાથે 25 રૂપિયાની ફી ભરીને અથવા જાતે સત્તાવાર વેબસાઇટ https://pmaymis.gov.in/ પર લોગ ઇન કરીને અરજી કરી શકો છો. આધાર નંબર અને નામ ભરવાથી યોગ્યતા જાણી શકાશે એટલું જ નહીં, ખુલેલા પેજ પર પોતાની તમામ માહિતી આપીને અરજી કરી શકો છો.

# સફળતાની સાબિતી આપી રહેલા આંકડા

**1.14** કરોડ ઘરોને મંજૂરી મળી આ યોજનામાં

**51.8** લાખથી વધુ ઘર પૂરા થયા

**88.64** લાખ ઘરોનું બાંધકામ ચાલી રહ્યું છે

**7.52** લાખ કરોડ કુલ રોકાણ

**113179** કરોડ રૂપિયા કેન્દ્રીય મદદ જારી કરવામાં આવી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ

આંકડા 29 ઓક્ટોબર, 2021 સુધીનાં



મકાન બનાવવામાં મદદ કરવા માટે સરકારનો આભાર. અમે હવે આ મકાના માલિક છીએ.” ગરીબોને તેમનું ઘર આપવાનાં પ્રયત્નો તો દેશમાં અનેક દાયકાઓથી ચાલી રહ્યા હતા, પણ દર 10-15 વર્ષમાં આ યોજનાઓમાં કંઇક જોડાતું ગયું અને નામ બદલાતા ગયા. પરિણામ એ આવ્યું કે ઠોકી બેસાડેલા નિયમ અને પારદર્શિતાના અભાવને કારણે લક્ષ્ય પૂરું ન થઈ શક્યું.

વર્ષ 2014માં CAGના અહેવાલમાં આ યોજનાઓ પર પ્રશ્નાર્થ પણ કરવામાં આવ્યો. બીજી બાજુ, સતત વધતી વસતિ અને તેની સાથે સાથે ઝૂંપડપટ્ટીની વધતી સંખ્યા વચ્ચે એક બહુ મોટો વર્ગ જીવન જીવવાની પાયાની જરૂરિયાતોનાં અભાવમાં રહેતો હતો,

## પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ એટલે (PMAY-G) એટલે હવે ગરીબો સુધી પહોંચી સરકાર

- PMAY-Gમાં સામાજિક, આર્થિક, અને જાતિ આધારિત વસતિ ગણતરી 2011નાં આધારે બેઘર, એક કે બે રૂમનાં કાચી દિવાલ કે કાચા છાપરાના મકાનમાં રહેનારાઓને પ્રાથમિકતા આધારે આ ક્રમમાં લાભ મળશે.
- મકાન નિર્માણ માટે મેદાની વિસ્તારમાં રૂ. 1.20 લાખ અને પર્વતીય વિસ્તારોમાં રૂ. 1.30 લાખ સુધીની મદદ પૂરી પાડવામાં આવે છે.
- અરજી અને આર્થિક મદદ વખતે મકાનના ફોટોનું જીયો ટેગિંગ કરવામાં આવશે. મંજૂરીના સાત દિવસમાં મકાનના બાંધકામનો પ્રથમ હપ્તો આવશે. 12 મહિનામાં બાંધકામ પૂરું કરવાનું હોય છે.
- લાભાર્થીની પસંદગીથી માંડીને મકાનનું બાંધકામ અને લાભાર્થીને ઘર આપવાની સમગ્ર પ્રક્રિયા વૈજ્ઞાનિક અને પારદર્શી છે.
- અગાઉ ગરીબો સરકાર પાસે આંટા ફેરા કરતા હતા, હવે સરકાર ગરીબો સુધી જાતે પહોંચે છે.
- બાંધકામના દરેક તબક્કા પર સંપૂર્ણ દેખરેખ રાખવામાં આવે છે. જેમ જેમ બાંધકામ આગળ વધે છે તેમ તેમ સરકાર મદદની રકમ જારી કરે છે.

| 20891387 | 220101.23 | 16202194 | 27271133 | 22007799 |
|---|---|---|---|---|
| કરોડ ઘરોને મંજૂરી | કરોડ કેન્દ્રીય મદદ | થી વધુ ઘર પૂરા | ઘરોનું લક્ષ્ય | રજીસ્ટર્ડ |

આંકડા-29 ઓક્ટોબર, 2021 સુધીનાં

### એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ (ARHS)ની શરૂઆત

પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી અંતર્ગત કિફાયતી ભાડામાં મકાનની યોજના પણ શરૂ કરવામાં આવી છે. તેમાં 30 ચોરસ મીટર સુધીનો એક બેડરૂમ સેટ, 10 ચોરસ મીટર સુધીની ડોરમેટરી એલઆઈજી અને 60 ચોરસ મીટર સુધીનાં બે બેડરૂમનું ખાલી સરકારી મકાન પીપીપી મોડલ પર પ્રાઈવેટ ડેવલપર ઉપલબ્ધ કરાવશે. પ્રવાસી મજૂરોના કાર્યસ્થળની નજીક આવા ભાડાંનાં મકાન માર્ચ, 2022થી ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય આપવામાં આવ્યું છે. લોકલ માર્કેટ સર્વે પ્રમાણે શહેરી સ્થાનિક સુધરાઈ અને સંચાલક અથવા સંસ્થાઓ પોતે ભાડું નક્કી કરશે.

## સબકા સાથ-સબકા વિકાસ-સબકા વિશ્વાસની સાથે સબકા પ્રયાસનું બેજોડ ઉદાહરણ

- ઘર માત્ર ચાર દિવાલો અને છાપરાંથી નથી બનતું. તેનાં માટે બીજી પણ જરૂરિયાતો હોય છે. આ માટે પ્રધાનમંત્રી આવાસ યોજનાને કેન્દ્ર સરકારની બીજી યોજનાઓ સાથે પણ જોડવામાં આવી છે. જેમ કે શૌચાલયનું બાંધકામ થાય પછી જ ઘરનું બાંધકામ પુરું થયું ગણાશે. આ માટે સ્વચ્છતા મિશન અંતર્ગત ભંડોળ પૂરું પાડવામાં આવે છે.
- મનરેગા અંતર્ગત 90-95 શ્રમ દિવસની બિનકુશળ મજૂરીની જોગવાઈ છે. આ રકમ લગભગ રૂ. 18,000 હોય છે.
- દીનદયાલ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ અને ઉજાલા યોજના અંતર્ગત વીજળીનું જોડાણ, ઉજ્જવલા યોજના અંતર્ગત ગેસ સિલિન્ડરની સુવિધા અને જલ જીવન મિશન દ્વારા પાણી માટે નળનું જોડાણ પણ પૂરું પાડવામાં આવી રહ્યું છે.
- આ યોજનાના કુલ ખર્ચનાં ભાગલા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે 60:40ના ગુણોત્તરમાં કરવામાં આવે છે, જ્યારે પૂર્વોત્તર અને હિમાલયના રાજ્યો માટે આ રકમ 90:10ના ગુણોત્તરમાં વહેંચવામાં આવે છે. સારી ગુણવત્તાના મકાનોના બાંધકામ માટે સમગ્ર ભારતમાં કડીયાઓની તાલીમ અને સર્ટિફિકેશનની વ્યવસ્થા કરવામાં આવી છે.

### મહિલા સશક્તિકરણનો માર્ગ સરળ

વિધવા. અપરિણીત અને જીવનસાથીથી અલગ રહેનારા કિસ્સાને બાદ કરતાં સંયુક્ત રૂપે પતિ અને પત્નીનાં નામે ઘર કરી શકાય છે. પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ અંતર્ગત 31 માર્ચ, 2021 સુધી કુલ મકાનમાં 68 ટકા સ્વતંત્ર કે સંયુક્ત રીતે ગ્રામીણ મહિલાઓનાં નામે મંજૂરી કરવામાં આવ્યા છે.



જેમાં ખુદનાં ઘરનો પણ સમાવેશ થાય છે.

તેથી 25 જૂન, 2015નાં રોજ તદ્દન નવા સ્વરૂપમાં પ્રધાનમંત્રી આવાસ યોજના લાવવામાં આવી. તેનો પ્રારંભ કરવામાં આવ્યો પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી અને પછી આવી પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ. 2022 સુધીમાં ગ્રામ્ય વિસ્તારોમાં આશરે 2.95 કરોડ અને શહેરી વિસ્તારોમાં આશરે 1.12 કરોડ ઘરોનું બાંધકામ કરવાનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો. આટલાં ઓછા સમયમાં આ લક્ષ્ય એક પડકાર હતો, પણ આવા પડકારોને સ્વીકારીને નિશ્ચિત સમયમાં લક્ષ્યોને પૂરાં કરવા કેન્દ્ર સરકારની પ્રાથમિકતા છે કારણ કે તે જનતા પ્રત્યે જવાબદાર છે. ●

**કેબિનેટના નિર્ણયો**

# રાષ્ટ્રની પ્રગતિને મળી 'ગતિ'ની 'શક્તિ'

**વર્તમાન કેન્દ્ર સરકારની નીતિઓનો આધાર માત્ર યોજના બનાવવાનો કે તેનો શુભારંભ કરવાનો જ નથી, તેનું તાત્કાલિક અમલીકરણ કરવાનો પણ છે. 13 ઓક્ટોબરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પીએમ-ગતિશક્તિ જેવી મહાયોજનાનો શુભારંભ કર્યો અને એક સપ્તાહની અંદર જ 21 ઓક્ટોબરનાં રોજ કેન્દ્રીય મંત્રીમંડળે તેને મંજૂરી આપીને અમલીકરણનો માર્ગ પણ મોકળો કરી દીધો, જે પીએમ-ગતિશક્તિ વિકાસ યોજના પ્રત્યે કેન્દ્ર સરકારના દ્રષ્ટિકોણમાં એક સાર્થક અને મહત્વપૂર્ણ ફેરફારનો સંકેત છે. મલ્ટી-મોડલ કનેક્ટિવિટી માટે પીએમ ગતિશક્તિ સુશાસન સુનિશ્ચિત કરશે, જેના કેન્દ્રમાં ભારતના લોકો, ભારતના ઉદ્યોગો, ભારતના ઉત્પાદકો અને ભારતના ખેડૂતો છે.**

**નિર્ણયઃ આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ પીએમ ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન (NMP)ને મંજૂરી આપી, મહાયોજનાના અમલીકરણ માટેનો માર્ગ મોકળો થયો.**




- **અસરઃ** વડાપ્રધાને 13 ઓક્ટોબર, 2021નાં રોજ મલ્ટીમોડલ કનેક્ટિવિટી માટે પીએમ ગતિશક્તિ એનએમપીનો શુભારંભ કર્યો, જેને સપ્તાહની અંદર જ કેબિનેટે મંજૂરી આપતા અમલીકરણનો માર્ગ મોકળો થયો.
- તેનાથી નેક્સ્ટજેન ઇન્ફ્રાને મોટું પ્રોત્સાહન મળશે. પીએમ ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનની ત્રિસ્તરીય પ્રણાલિમાં દેખરેખ થશે.
- ઇન્ફ્રાસ્ટ્રક્ચર તમામ પ્રોજેક્ટ્સને વિના વિઘ્ને એકીકૃત કરશે અને અડચણોને દૂર કરશે.
- સંસાધનોનો મહત્તમ ઉપયોગ સુનિશ્ચિત થવાથી કાર્યક્ષમતા અને આર્થિક લાભ વધશે.
- 18 મંત્રાલયોના સચિવ મલ્ટી મોડલ નેટવર્ક પ્લાનિંગ ગ્રૂપની રચના કરશે.
- પીએમ ગતિશક્તિ એનએમપીનું મોનિટરીંગ ત્રિસ્તરીય પ્રણાલિમાં કરવામાં આવશે. આ પ્રણાલિમાં સૌથી ઉપર કેબિનેટ સચિવની અધ્યક્ષતામાં સચિવોનું એમ્પાવર્ડ ગ્રુપ હશે.
- પીએમ ગતિશક્તિ એનએમપીનો હેતુ મલ્ટી મોડલ કનેક્ટિવિટી અને લાસ્ટ માઇલ કનેક્ટિવિટીની સમસ્યાઓને દૂર કરવા માટે વિવિધ વિભાગો વચ્ચે સંકલન કરવાનો અને પ્રોજેક્ટ્સનું સર્વગ્રાહી અને સુસંકલિત આયોજન કરવાનો છે.
- તેનાથી લોજિસ્ટીક ખર્ચને ઘટાડવામાં મદદ મળશે. તેનાથી ગ્રાહકો, ખેડૂતો, યુવાનોની સાથે સાથે વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને વધુ આર્થિક લાભ થશે.
- આ મહાયોજનાને કારણે સંસાધનો અને ક્ષમતાઓનો મહત્તમ ઉપયોગ થશે, કાર્યક્ષમતા વધશે અને બગાડ ઓછો થશે.
- આ મંજૂરીને કારણે પીએમ ગતિશક્તિની શરૂઆતને વધુ ગતિ મળશે જેને પરિણામે દેશમાં માળખાકીય વિકાસ માટે સમગ્ર અને એકીકૃત યોજનાનું માળખું તૈયાર થશે.

**નિર્ણયઃ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનધારકો માટે ખુશખબરી. કેન્દ્રીય મંત્રીમંડળે 01-07-2021ની અસરથી કેન્દ્ર સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થું અને પેન્શનર્સને મોંઘવારી રાહતનાં વધારાના હપ્તા છુટા કરવા મંજૂરી આપી છે.**




- **અસરઃ** કેન્દ્ર સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થાનાં વધારાના હપ્તા મળશે અને પેન્શનરોને મોંઘવારી રાહત મળશે.
- બેઝિક પગાર/પેન્શનના વર્તમાન 28 ટકા દરમાં ત્રણ ટકાનો વધારો. વધારાનો હપ્તો 1 જુલાઇ, 2021થી અમલી થશે. કેન્દ્ર સરકારના 47.14 લાખ કર્મચારીઓ અને 68.62 લાખ પેન્શનધારકોને લાભ થશે. ●



## 67મો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર

# રજનીકાંતને દાદાસાહેબ ફાળકે એવોર્ડ

### રજનીકાંતે મિત્ર અને ડ્રાઇવરને યાદ કર્યા

ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુએ સુપ્રસિધ્ધ અભિનેતા અને દક્ષિણ ભારતીય ફિલ્મમાં ભગવાનનો દરજ્જો ધરાવતા રજનીકાંતને દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત કર્યા ત્યારે ત્યાં હાજર બધાંએ ઊભા થઈને તાલીઓ વગાડીને તેમનું સ્વાગત કર્યું. આ સફળતા માટે તેમણે પોતાના પ્રશંસકોનો આભાર માન્યો અને આ પુરસ્કાર પોતાના ગુરુ, મેન્ટર અને પ્રસિધ્ધ દિગ્દર્શક બાલાચંદરને સમર્પિત કર્યો.

**નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ 25 ઓક્ટોબરનાં રોજ વર્ષ 2019 માટેનાં પ્રતિષ્ઠીત દાદાસાહેબ ફાળકે પુરસ્કાર સહિત વિવિધ કેટેગરીમાં જાહેર કરવામાં આવેલા 67મા રાષ્ટ્રીય પુરસ્કાર અર્પણ કર્યા. રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારની જ્યુરીએ 2019 માટેનાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની જાહેરાત 22 માર્ચ, 2021નાં રોજ કરી હતી....**

### મનોજ બાજપાઈ અને ધનુષને શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ

ફિલ્મ 'ભોંસલે'માં યાદગાર ભૂમિકા માટે અભિનેતા મનોજ બાજપાઇને શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો. આ સન્માન તેમને અભિનેતા ધનુષની સાથે સંયુક્ત રીતે આપવામાં આવ્યું હતું. ફિલ્મ 'અસુરન' માટે રજનીકાંતના જમાઇ અને અભિનેતા ધનુષને શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર આપવામાં આવ્યો.



**બી. પ્રાકઃ** હિન્દી ફિલ્મ 'કેસરી'ના ગીત 'તેરી મિટ્ટી' માટે બી. પ્રાકને બેસ્ટ પ્લેબેક સિંગલ-મેલ અને સિવાની રવિન્દ્રને 'બાર્દો' ફિલ્મના ગીત માટે બેસ્ટ પ્લેબેક સિંગર-ફિમેલનો પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો.

**બેસ્ટ ફિલ્મઃ** હિન્દીમાં સુશાંત સિંહ અભિનીત 'છિછોરે', તામિલમાં 'અસુરન', મરાઠીમાં 'બાર્દો'ને બેસ્ટ મરાઠી ફિલ્મનો પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો.

**વિજય સેતુપતિઃ** વિજય સેતુપતિને તામિલ ફિલ્મ 'સુપર ડીલક્સ' માટે શ્રેષ્ઠ સહાયક એક્ટરનો પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો.

**પલ્લવી જોષીઃ** 'તાશ્કંદ ફાઇલ્સ'માં અભિનય બદલ પલ્લવી જોષીને શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો.



### કંગનાને મળ્યો સર્વશ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર

'મણિકર્ણિકા-ધ ક્વીન ઓફ ઝાંસી' અને 'પંગા' જેવી ફિલ્મોમાં ઉત્કૃષ્ટ અભિનય કરનાર કંગના રણૌતને સર્વશ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો. કંગના પરંપરાગત ભારતીય સાડી પહેરીને પુરસ્કાર લેવા મંચ પર પહોંચી. આ તેનો ચોથો રાષ્ટ્રીય પુરસ્કાર છે.



**PMO India** @PMOIndia

आज केंद्र और राज्य में वो सरकार है जो गरीब, दलित, शोषित-वंचित, पिछड़े, मध्यम वर्ग, सभी का दर्द समझती है।

देश में स्वास्थ्य सुविधाएं बेहतर करने के लिए हम दिन रात एक कर रहे हैं: PM @narendramodi



**Rajnath Singh** @rajnathsingh

The DefExpo-2022 will be held at Gandhinagar in Gujarat, from 10th to 13th March 2022.

DefExpo-2022 is going to be one of the marquee events to mark the #AzadiKaAmritMahotsav.



**Amit Shah** @AmitShah ·

देश हित में धारा 370 हटने के बाद घाटी में हिंसा की अटकलें लगाई जाती थी, लेकिन CRPF की मुस्तैदी के कारण कहीं पर किसी को एक गोली भी नहीं चलानी पड़ी ये हम सभी के लिए बहुत गर्व का विषय है।

आपकी मुस्तैदी के कारण ही बिना रक्तपात के आज जम्मू-कश्मीर में विकास के नए युग की शुरुआत हुई है।



**Nitin Gadkari** @nitin_gadkari

MoRTH has issued new safety guidelines for children below 4 years of age being carried on a motorcycle. A safety harness shall be provided to attach the child to the driver of the motorcycle.

Child pillion passengers aged between 9 months to 4 years must wear crash helmets. The speed of the motorcycle with the child up to age 4 years shall not be more than 40 kmph.



**Dr Mansukh Mandavi...**

ना हम रुके कहीं, ना हम डिगे कहीं
शत्रु हो कोई भी हम झुके नहीं

दुश्मन के शस्त्र जो हो हज़ार
शत कोटि कवच से हम तैयार

मेरे भारत का ये विश्वास है
सबका साथ, सबका प्रयास है।

भारत का टीकाकरण लिख रहा एक नया इतिहास है....



**Bhupender Yadav** @byadav...

Happy to inform that the @LabourMinistry has revised minimum wages (variable dearness allowance) applicable for scheduled employment in the central sphere. The hike, which will be effective from October 1, will benefit about 1.5 crore workers.

### प्रधानमंत्री नरेंद्र मोदी ने आसियान-भारत समिट में की शिरकत

# दक्षिण चीन सागर में शांति, स्थिरता, सुरक्षा और आतंकवाद समेत क्षेत्रीय मुद्दे उठाए

हरिभूमि ब्यूरो ▸▸। नई दिल्ली

*प्रधानमंत्री मोदी ने कहा, 2022 में भारत और आसियान की साझेदारी को 30 साल पूरे हो जाएंगे और इस महत्वपूर्ण उपलब्धि को आसियान-भारत मित्रता वर्ष के रूप में मनाया जाएगा। उन्होंने कहा कि आसियान की एकता और केंद्रीयता भारत के लिए सदैव महत्वपूर्ण।*

प्रधानमंत्री नरेंद्र मोदी ने गुरुवार को 18वें भारत-आसियान शिखर सम्मेलन को वर्चुअली संबोधित करते हुए कहा कि कोरोना महामारी के दौरान इंडिया-आसियान संबंध समय की कसौटी पर खरे उतरे हैं। आसियान देशों की यही मित्रता भविष्य में संबंधों को मजबूत बनाए रखेगी और लोगों के बीच सद्भावना का आधार बनेगी। कोविड के कारण सभी को काफी चुनौतियों का सामना करना पड़ा। यह चुनौतीपूर्ण समय भारत-आसियान मित्रता की परीक्षा की घड़ी भी थी। अपने संबोधन में प्रधानमंत्री ने इस बात पर जोर दिया कि भारत और आसियान के बीच हजारों वर्षों के जीवंत संबंध का इतिहास रहा है। इसकी झलक हमारे साझा मूल्य, परंपराएं, भाषाएं, ग्रंथ, वास्तुकला, संस्कृति और खान-पान में साफ देखने को मिलती है। आसियान की एकता हमेशा से भारत की प्राथमिकता रही है। वर्ष 2022 में भारत-आसियान साझेदारी के 30 साल पूरे होंगे और भारत भी अपनी स्वतंत्रता के 75 वर्ष पूरा करेगा। इसे भारत आसियान-भारत

**खास बातें**

- डिजिटल तरीके से होने वाले इस सम्मेलन में आसियान देशों के राष्ट्राध्यक्ष/शासनाध्यक्ष ने भाग लिया
- कारोबार एवं निवेश, कोविड महामारी के बाद आर्थिक सुधार व विविधतापूर्ण महत्व को रेखांकित किया



**हर साल आयोजित किया जाता आसियान भारत शिखर सम्मेलन**

आसियान-भारत शिखर सम्मेलन हर साल आयोजित किया जाता है और यह भारत और आसियान को उच्चतम स्तर पर जुड़ने का अवसर प्रदान करता है। प्रधानमंत्री मोदी ने पिछले साल नवंबर में 17वें आसियान सम्मेलन में हिस्सा लिया था। इस बार उन्होंने 9वें आसियान-भारत शिखर सम्मेलन में हिस्सा लिया। 2005 में अपनी स्थापना के बाद

### आह्वान : प्रधानमंत्री नरेंद्र मोदी ने मन की बात में कहा, खरीदारी का मतलब वोकल फोर लोकल है

# स्थानीय उत्पाद खरीद गरीब का घर रोशन करें

**82** वां संस्करण था मन की बात कार्यक्रम का

**02** गुना से अधिक हुई महिला पुलिसकर्मी

नई दिल्ली | विशेष संवाददाता



लोग अपने यहां के स्थानीय उत्पाद खरीदें। मुझे पूरा भरोसा है जो मुहिम हम सबने मिलकर शुरू की है, इस बार त्योहारों में और भी मजबूत होगी। –नरेंद्र मोदी, प्रधानमंत्री

**उत्तराखंड : महिला स्वास्थ्यकर्मी से बात की**

**यूपी : ग्रेटर नोएडा के रामवीर की तारीफ**

**झारखंड : बिरसा मुंडा से सीख लें**

**अपील**

**एकता का संदेश देने वाली गतिविधि से जरूर जुड़ें**

**बेटियों पर नाज**

**टीकाकरण अभियान से नई ऊर्जा का संचार**

**कई अनुभव और उदाहरण**

**महिला पुलिसकर्मियों की संख्या दोगुनी से ज्यादा**

### प्रधानमंत्री ने कहा, सभी देशों की क्षेत्रीय एकता के लिए प्रतिबद्ध

# खुला हिंद-प्रशांत क्षेत्र भारत के लिए महत्वपूर्ण : मोदी

**संबोधन**

नई दिल्ली | एजेंसी



# 100 करोड़ डोज के बाद देश में नई ऊर्जा: मोदी

■ पीटीआई, नई दिल्ली

प्रधानमंत्री नरेंद्र मोदी ने रविवार को कहा कि अपने नागरिकों को 100 करोड़ वैक्सीन डोज देना भारत के सामर्थ्य और 'सबके प्रयास' के मंत्र की शक्ति को दर्शाता है। उन्होंने कहा कि उपलब्धि के बाद देश नए उत्साह और नई ऊर्जा से आगे बढ़ रहा है। 'मन की बात' कार्यक्रम में मोदी ने कहा, 'मैं जानता था कि हमारे स्वास्थ्यकर्मी देशवासियों के टीकाकरण में कोई कोर-कसर नहीं छोड़ेंगे।' उन्होंने कहा, 'हमारे स्वास्थ्य-कर्मियों ने अपने अथक परिश्रम और संकल्प से एक नई मिसाल पेश की है।' पीएम ने उत्तराखंड के बागेश्वर की एक महिला स्वास्थ्यकर्मी पूनम नौटियाल



प्रधानमंत्री नरेंद्र मोदी ने कहा कि मैं जानता था कि हेल्थ वर्कर्स कोई कसर नहीं छोड़ेंगे।

से बात की। उन्होंने नौटियाल से कहा, 'आज मैं सिर्फ आपका ही आभार व्यक्त नहीं कर रहा हूं बल्कि हर उस भारतवासी का आभार व्यक्त कर रहा हूं, जिसने 'सबको टीके-मुफ्त टीके' अभियान को कामयाबी दी।'

प्रधानमंत्री ने कहा कि भारत परिवहन के लिए ड्रोन का उपयोग करने पर काम कर रहा है, जिसमें घरों में सामान की डिलिवरी और आपात स्थिति के दौरान सहायता और कानून व्यवस्था की निगरानी शामिल है। उन्होंने कहा कि जल्द ही ऐसी सभी जरूरतों के लिए ड्रोन तैनात किए जाएंगे। मोदी ने कहा कि नई ड्रोन नीति इस नीति के लागू होने के बाद कई विदेशी और घरेलू स्टार्टअप ने ड्रोन स्टार्टअप्स में निवेश किया है। सेना, नौसेना और वायु सेना ने ड्रोन के लिए भारतीय कंपनियों को 500 करोड़ रुपये से अधिक का ऑर्डर दिया है।

# PM ने 64 हजार क..ड़ की स्वास्थ्य योजना शुरू की

■ एनबीटी ब्यूरो, वाराणसी



**10 लाख तक का फ्री इलाज देंगे : प्रियंका**

कांग्रेस की यूपी प्रभारी प्रियंका गांधी ने सोमवार को एक और ऐलान किया। उन्होंने ट्वीट किया कि यूपी में कांग्रेस की सरकार बनी तो 10 लाख रुपये तक का इलाज फ्री होगा। उन्होंने बताया कि कांग्रेस पार्टी इसे अपने घोषणापत्र में भी लाएगी।


RNI No. :
DELGUJ/2020/78810
November 16-30, 2021

New India SAMACHAR Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 13-17 advance Fortnightly (Publishing Date November 3, 2021, Pages - 44)

75 आज़ादी का अमृत महोत्सव

# લક્ષ્ય વિશાળ, સફળતા શાનદાર




ભારત દ્વારા



**100 કરોડ રસીકરણની સફર**



**સૌનો સાથ, સૌનો પ્રયાસ** | **જનશક્તિથી દેશે ઇતિહાસ રચ્યો**

> 100 કરોડ રસીકરણ ડોઝ. આ માત્ર એક આંકડો નથી. આ દેશની તાકાતનું પ્રતિબિંબ છે. ઇતિહાસના નવા અધ્યાયની રચના છે. આ એ નવા ભારતની તસવીર છે, જે અઘરાં લક્ષ્ય નિર્ધારિત કરીને તેને હાંસલ કરવાનું જાણે છે. આ એ નવા ભારતની તસવીર છે, જે પોતાના સંકલ્પોની સિધ્ધિ માટે પરિશ્રમની પરાકાષ્ઠા કરે છે.

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

Gujarati

**Editor**
**Jaideep Bhatnagar**,
Principal Director General,
Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Satyendra Prakash**, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

**Published from**
**Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020